# આધ્યાત્મિક વિકાસક્રમ

## ગુણસ્થાન

: લેખક :

પં. સુખલાલજી સંઘવી

□

: પ્રકાશક :

ગુજરાત વિદ્યાસભા

પ્રેમાભાઈ હૉલ, ભદ્ર, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

# આધ્યાત્મિક વિકાસક્રમ

## ( ગુણસ્થાન )

: લેખક :

પં. સુખલાલજી

: પ્રકાશક :

ગુજરાત વિદ્યાસભા

પ્રેમાભાઈ હૉલ, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧

પ્રકાશક :
ડૉ. ચીનુભાઈ જ. નાયક
માનાર્હ મંત્રી,
ગુજરાત વિદ્યાસભા,
પ્રેમાભાઈ હૉલ, ભદ્ર, અમદાવાદ–૩૮૦ ૦૦૧

*

પ્રથમાવૃત્તિ : ૧૯૨૯
દ્વિતીયાવૃત્તિ : ૧૯૮૮
પ્રત : ૧૦૦૦
કીંમત દસ રૂપિયા
[ રૂ. ૧૦–૦૦ ]

*

: મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

# પ્રકાશક સંસ્થાનું નિવેદન

ગુજરાતના મહાન દાર્શનિક અને સમદર્શી ચિંતક પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનું એક નાનકડું પુસ્તક "આધ્યાત્મિક વિકાસક્રમ : ગુણસ્થાન" જે ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે અગાઉ પ્રકાશિત કર્યું હતું તે ઘણા સમયથી અપ્રાપ્ય હતું. આ પુસ્તકનું પુનઃ પ્રકાશન હાથ ધરવા માટે જૈન સ્ટડી સેન્ટર ઑફ નોર્થ કેરોલિનાના શ્રી પ્રવીણભાઈ કે. શાહે ગુજરાત વિદ્યાસભાને વિનંતી કરી અને તે અંગેના ખર્ચનો પ્રબંધ કરવાનું પણ એમણે માથે લીધું. ગુજરાત વિદ્યાસભાએ એમની વિનંતી અને દાનનો સ્વીકાર કર્યો અને હવે એ પુસ્તક પ્રકાશિત થઈ ચૂકયું છે એનો અમને આનંદ છે.

આ પુસ્તક મુમુક્ષુઓ તેમ જ સામાન્ય અભ્યાસીઓ બંનેને ઉપકારક અને માર્ગદર્શક બની રહેશે. આ નાનકડા પુસ્તકમાં પંડિત સુખલાલજીના ત્રણ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાંનો પહેલો લેખ "ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ", 'પુરાતત્વ' પુસ્તક : ૧ માં પ્રસિદ્ધ થયેલો છે, અને બીજા બે લેખો "ગુણસ્થાનનું સામાન્ય સ્વરૂપ" અને "ગુણસ્થાનનું વિશેષ સ્વરૂપ" જે મૂળ હિંદીમાં લખાયેલા છે તેનો ગુજરાતી અનુવાદ સ્વ. શંભુલાલ જગશીએ કરેલો છે. લેખોની પાછળ ઉપયોગી ટિપ્પણો પણ આપવામાં આવેલ છે.

સ્વ. પં. સુખલાલજીનું ભારતીય દર્શનોનું અને જૈન દર્શનોનું અવગાહન એટલું તલસ્પર્શી અને વ્યાપક હતું કે તેમના લેખો આધ્યાત્મિક સાધના માટે માર્ગદર્શક બની રહે છે. સદરહુ પુસ્તકમાં એમણે જૈનદર્શનમાં વર્ણવેલ આધ્યાત્મિક વિકાસયાત્રામાં ગુણસ્થાનોનો પ્રશ્ન વિગતે સમજાવેલ છે.

આ પુસ્તકનું પુનઃપ્રકાશન શક્ય બનાવવા માટે દાતા શ્રી પ્રવીણભાઈ શાહનો અને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પુનઃપ્રકાશન માટે પરવાનગી આપી તે માટે તેમનો આભારી છું.

ગુજરાત વિદ્યાસભા અને શ્રી ભો. જે. વિદ્યાભવન સાથે સ્વ. પંડિતજી એવા ગાઢપણે સંકળાયેલા હિતેચ્છુ અને માર્ગદર્શક હતા કે અમારે માટે આ ઋણમોચનનો અવસર બની રહ્યો છે.

**ચીનુભાઈ નાયક**

તા. ૧૩-૬-૧૯૯૮ માનાર્હ મંત્રી, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ

# વક્તવ્ય

આ ચોપડીમાં ત્રણ નિબંધો છે. તેમાંથી બીજો અને ત્રીજો નિબંધ હિંદી ભાષામાં લગભગ દશ વર્ષ પહેલાં લખેલા અને તે હિંદી બીજા અને ચોથા કર્મગ્રંથની પ્રસ્તાવનામાં અનુક્રમે છપાયેલા હતા. પહેલો નિબંધ મૂળથી જ ગુજરાતીમાં લખેલો અને તે પુરાતત્ત્વ ત્રૈમાસિકના પહેલા પુસ્તકમાં છપાયેલો.

ત્રણે નિબંધોનો વિષય એક જ છે અને તે વિષય એટલે આધ્યાત્મિક વિકાસક્રમ. જેને જૈન પરિભાષામાં, ગુણસ્થાન કહેવામાં આવે છે. વિષય એક જ છે છતાં ત્રણે નિબંધોનું સ્વરુપ બદલાઈ જાય છે. હિંદી બન્ને નિબંધો મુખ્યપણે જૈન અભ્યાસીઓને ઉદ્દેશીને લખાયેલા અને ગુજરાતી નિબંધ મુખ્યપણે જૈનેતર વાચકોને લક્ષમાં રાખી લખાયેલો. આ કારણથી અને બન્ને હિંદી નિબંધો પુસ્તક માટે લખાયેલા હોવાથી તેમ જ ગુજરાતી નિબંધ ત્રૈમાસિક માટે લખયેલો હોવાથી વિષયની વિચારણામાં ભારેપણું અને હળવાપણું આવેલું છે. પહેલેથી જ મારો ઉદ્દેશ એવો તો હતો જ કે જૈન અભ્યાસીઓ જૈનશાસ્ત્રની બહાર નજર નાખતા થાય અને વિશાળતા કેળવે તેમ જ જૈનેતર વાચકો પણ જૈનશાસ્ત્રને નજીવુ ગણી ફેંકી દે છે તેને બદલે તેઓ તે તરફ થોડું પણ ઢળે અને રુચિ પણ કેળવે. આવો ઉદ્દેશ હોવાને લીધે હિંદી નિબંધોની ભૂમિકા જૈનશાસ્ત્રીય વસ્તુ ઉપર રચાયા છતાં તેમાં જૈનેતર શાસ્ત્રોમાંથી પણ વસ્તુ થોડીઘણી દાખલ કરવામાં આવી છે. એ જ રીતે ગુજરાતી નિબંધમાં જૈનેતર શાસ્ત્ર સાથે જૈનશાસ્ત્રની વસ્તુ ગોઠવવામાં આવી છે.

એક જ વિષય ઉપર જુદી જુદી દૃષ્ટિએ જુદે જુદે સમયે અને કાંઈક અભ્યાસભેદને પરિણામે લખાયેલા ત્રણે નિબંધો હતા. પણ તેમાં ભાષાભેદ હતો. ગુજરાતી અભ્યાસીઓ જેઓ આવા આધ્યાત્મિક વિષયના વાચનનો શોખ ધરાવતા હોય તેમાં પણ એવા બહુ જ ઓછા હશે કે જેઓને હિંદી ભાષામાં ગુજરાતી ભાષા જેટલી જ સરલતા જણાય અને સમજણ પડે. વિષય કઠણ અને ભાષા માતૃભાષાથી ભિન્ન હોય તો રુચિ અને સમજણશક્તિ છતાં જ્ઞાનનો પૂર્ણ સ્પર્શ કરવામાં થોડીક મુશ્કેલી રહે જ છે. આવો અનુભવ હું ધારું છું કે મારી જેમ બીજાઓને પણ હશે. ભાષાભેદની મુશ્કેલી ટળે અને ત્રણે નિબંધ એક જ પુસ્તિકામાં વાંચવા મળે તો પ્રસ્તુત વિષયના ગુજરાતી અભ્યાસીઓને સરલતા થાય અને અનુક્રમે આવું વાચન તથા વિચારણા વધતાં વળી આવા વિષય ઉપર વધારે સારું લખાય, અભ્યાસનું ધોરણ ઊંચું થાય અને પ્રસ્તુત નિબંધો પણ ગુણદોષની પરીક્ષામાંથી પસાર થઈ ક્યારેક વિશેષ પરિમાર્જિત થાય આવા અનેક દૃષ્ટિબિંદુથી હિંદી નિબંધોનું ગુજરાતી ભાષાંતર કરવાનો વિચાર જન્મ્યો.

હિંદી નિબંધોનું ભાષાંતર મોટે ભાગે આ પુસ્તિકાના પ્રકાશકે જ કર્યું છે. ભાષાંતરને અહીં મુખ્ય સાર જ કહેવો જોઈએ. કારણ કે આવા વિષયોમાં શાબ્દિક અનુવાદ બહુ કાર્યસાધક નથી નિવડતો. ભાષાંતરને હું તપાસી ગયો છું છતાં એમ તો નહિ જ કહી શકાય કે એ સંપૂર્ણ છે. જો જોઈતો અવકાશ કોઈ પણ રીતે મેળવી શકાયો હોત તો વધારે સરલ અને વધારે ખુલાસાવાળાં ભાષાંતરો થઈ શકત, છતાં હું ધારૂં છું કે આવા વિષયના રસિક અભ્યાસીઓને આ ભાષાંતરો ખૂબ સહાયક થશે અને કદાચ મૂળ નિબંધો વાંચવાની પ્રેરણા કરશે.

પહેલા અને ત્રીજા નિબંધમાં તેમાંયે ખાસ કરી ત્રીજા નિબંધમાં ટિપ્પણો ઘણાં આવે છે. એ બધાં ટિપ્પણો તે તે નિબંધને

અંતે જ સરલતા ખાતર મૂકર્યાં છે. નિબંધની બધી જ વસ્તુ બધા સંપ્રદાયોની રૂઢ પરિભાષામાં અને સંસ્કૃત, પ્રાકૃત તેમજ પાલિ ભાષામાં રહેલી છે. એ બધી વસ્તુનું આકલન કરી હિંદી અને ગુજરાતીમાં ઉતારવાનો મેં પ્રયત્ન કરેલો છે, ગમે તેટલો શ્રમ કર્યા છતાં તે વખતે પરિભાષાની જટિલતા અમુક અંશે તો રહી જ ગયેલી. વળી આવા વિષયોમાં પરિભાષાને છોડી તદ્દન લૌકિક અને ગ્રામીણ શબ્દ વાપરીએ તેથી કાંઈ વિષયનું ઊંડાણ ઓછું નથી થતું અને ઘણીવાર પરિભાષાબદ્ધ વિચાર સમજવો ઘણાને સહેલ પણ પડે છે તેથી આ નિબંધોમાં શાસ્ત્રીય પરિભાષા તો પુષ્કળ છે જ. આમ હોવા છતાં એક તત્ત્વ મેં એ ધ્યાનમાં રાખેલું છે કે જૈન અને જૈનેતર અભ્યાસીઓ અંદરોઅંદર એક બીજાની પરિભાષા સમજી લે અને પરિભાષાભેદને કારણે તેઓ ગોથાં ન ખાય.

એક જ આધ્યાત્મિક વિકાસક્રમ જેવી વસ્તુને ભારતના બધા પ્રસિદ્ધ દર્શનોના વિચારકોએ કેવી કેવી રીતે દર્શાવી છે, અને પરિભાષાભેદનો પડદો ઉઠાવી લઈએ તો તે બધાનાં વક્તવ્યની પાછળ એક જ વસ્તુ કેવી કેવી રીતે તરે છે, એ દર્શાવવાનો હેતુ હોવાથી ત્રણે નિબંધોમાં બધાં જ ભારતીય દર્શનોના પ્રસ્તુત વિષય પરત્વેના વિચારો તુલનાત્મક દૃષ્ટિએ મૂકવામાં આવ્યા છે. આ તુલનામાં વિસ્તારને ઘણો જ અવકાશ હતો અને આજ પણ છે. છતાં બને એટલું લેખનું કદ ટુંકાવીને વધારે વિચારો અને વસ્તુઓનો સમાસ કરવો એવો ઉદ્દેશ નિબંધો લખતી વખતે હોવાથી એમાં કોઈને કાંઈક અઘરાપણું જણાવાનો સંભવ છે. પણ આવા વિષયના અભ્યાસીઓ જો ધીરજ કેળવી સમજવાનો પ્રયત્ન ન કરે તો તેઓ ગમે તેટલા સરળ લખાણથી પણ પોતાની બુદ્ધિ અને વિચારશક્તિ કેળવી ન શકે તેથી હું આશા રાખું છું કે તેઓ પોતાની રસવૃત્તિ સાથે ધીરજને કેળવશે.

જૈન પાઠશાળાઓ, બોર્ડીંગો, વિદ્યાલયો અને ગુરુકુળોમાં **ગુણસ્થાનોનો** વિષય શીખવવામાં આવે છે, પણ ત્યાંના શિક્ષકોને મોટે ભાગે

જૈનેતર દર્શનોમાં એ વિષયનું નિરૂપણ કેવું છે, એ માલૂમ નથી હોતું. તેથી જો એવા શિક્ષકો આ પુસ્તિકા જોશે તો તેમના ગુરુપદની પ્રતિષ્ઠામાં વાસ્તવિક ઉમેરો થશે. કેટલાક પાતંજલ યોગદર્શનના અભ્યાસીઓ અને યોગવાશિષ્ઠના વાચનારાઓ એ નથી જાણતા કે જૈનશાસ્ત્રમાં પણ આધ્યાત્મિક વિકાસક્રમનું નિરૂપણ બહુ જ ઊંડું અને વિસ્તૃત છે. તેઓને પણ આ પુસ્તિકા ઉપયોગી થશે. બૌદ્ધ અને આજીવક દર્શનના અભ્યાસીઓની આપણે ત્યાં ખોટ છે. **જ્ઞાન ગમે ત્યાં હોય પણ તેને મેળવવામાં ચોકાવૃત્તિ હોવી જ ન જોઈએ.** એટલે પ્રસ્તુત વિષયપરત્વે એ ભારતનાં પ્રાચીન દર્શનોનો અભ્યાસ કરવા માટે આ પુસ્તિકા થોડી ઘણી માર્ગદર્શક થશે જ. જો આટલી ધારણામાંથી થોડું પણ સિદ્ધ થયું તો ભાષાંતર કરવાનો અને તેના પ્રકાશનનો ઉદ્દેશ સફળ થશે.

જૈનયુગલના તંત્રીશ્રીએ આ નિબંધો પોતાના માસિકમાં કટકે કટકે છપાવવાનું કહ્યું હતું, પણ અભ્યાસીઓ માટે એક જ પુસ્તિકામાં બધા નિબંધો હોય તો વધારે સગવડભરેલું છે એમ સમજી ભાઈ શંભુલાલ જગશીની પ્રકાશનની ઇચ્છાને મેં વધાવી લીધી. આશા રાખું છું કે પ્રસ્તુત વિષયનો શોખ ધરાવનારાઓ આ નિબંધો વાંચવાની અને સમજવાની ધીરજ કેળવશે.

શ્રાવણ વદ ૧/૧૯૮૫
સુવર્ણગિરિ
જાલોર (મારવાડ)
૨૧-૮-૨૯

**સુખલાલ**

# ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ

દર્શન એટલે તત્ત્વવિદ્યા. અત્યારે દેશભેદની દૃષ્ટિએ દર્શન બે ભાગમાં વહેંચાઈ જાય છે. યુરોપીય અને ભારતીય. યુરોપીય દર્શનનું ધ્યેય મુખ્ય ભાગે અમુક વિષયોની ચર્ચા કરી તેનું વાસ્તવિક જ્ઞાન મેળવવા પૂરતું છે; જ્યારે ભારતીય દર્શનનું ધ્યેય તે તે વિષયોનું વાસ્તવિક જ્ઞાન મેળવવા ઉપરાંત છેવટે તે દ્વારા મોક્ષ મેળવવા સુધીનું છે.[૧] આ કારણથી ભારતીય દર્શનોના પ્રતિપાદ્ય વિષયનું ક્ષેત્ર સંસાર અને તેની પરની સ્થિતિ સુધી લંબાએલું છે. તેમાં મોક્ષનું સ્વરૂપ શું? તેને પ્રાપ્ત કરવાનાં સાધનો ક્યાં અને કેટલાં? મોક્ષના અધિકારી આત્માનું સ્વરૂપ કેવું છે? સંસાર એટલે શું? ઇત્યાદિ અનેક આધ્યાત્મિક વિષયોની ચર્ચા પ્રધાનપદ ભોગવે છે.

મોક્ષ એટલે આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા. આવી પૂર્ણતા કાંઈ એકાએક પ્રાપ્ત થઈ શકતી નથી, કારણ તેને પ્રાપ્ત કરવામાં અમુક વખત વ્યતીત કરવો પડે છે, તેથી જ મોક્ષ મેળવવા માટે આધ્યાત્મિક ઉત્ક્રાન્તિનો ક્રમ સ્વીકારવો પડે છે. તત્ત્વજિજ્ઞાસુઓના હૃદયમાં સ્વાભાવિક રીતે જ એવો પ્રશ્ન ઉદ્‌ભવે છે કે આ આધ્યાત્મિક ઉત્ક્રાન્તિનો ક્રમ કેવા પ્રકારનો હોય છે? આનો ઉત્તર સ્વતંત્ર રીતે આપવા કરતાં તે સંબંધમાં આર્ય દર્શનોના જે ભિન્ન ભિન્ન વિચારો મળી આવે છે તેનું સંક્ષેપમાં એકત્ર પ્રદર્શન કરી દેવું એ વિશેષ ઉપયોગી છે. એમ ધારી પ્રસ્તુત લેખમાં તે વિચારોનો સંગ્રહ કરવાનો ઉદ્દેશ રાખેલો છે. આ ઉપરથી વાચકને ભિન્ન ભિન્ન

દર્શનોની આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમ સંબંધી વિચારસરણી જાણવાની તક મળશે, અને તે ઉપર સ્વતંત્ર વિચાર કરવાની વૃત્તિ ઉદ્ભવશે.

ભારતીય દર્શનોની મુખ્ય ત્રણ શાખા ગણાય: વૈદિક, બૌદ્ધ અને જૈન. પહેલી શાખા બ્રાહ્મણપંથની અને બીજી બે શાખાઓ શ્રમણપંથની છે; જોકે પ્રાચીન કાળમાં શ્રમણપંથની બીજી અનેક શાખાઓ હતી. પણ આજે તે શાખાઓનું સ્વતંત્ર સાહિત્ય કે સંપ્રદાય કાંઈ પણ શેષ નથી. શ્રમણપંથની અનેક પ્રાચીન શાખાઓનાં છૂટાંછવાયાં નામ અથવા અસ્તવ્યસ્ત મંતવ્યો વર્તમાન સંપ્રદાયોના સાહિત્યમાં મળી આવે છે.[૨] તેમાં આજીવક સંપ્રદાયનું નામ ખાસ નોંધવા જેવું છે કારણ કે તેનાં અન્ય મંતવ્યો સાથે આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમને લગતા કેટલાક વિચારો બૌદ્ધ સાહિત્યમાંથી મળી આવે છે. બ્રાહ્મણપંથ અને શ્રમણપંથની અનેક ભિન્નતાઓમાંની એક ભિન્નતા એ છે કે જ્યારે બ્રાહ્મણપંથનું સાહિત્ય મુખ્યપણે સંસ્કૃત ભાષાનું ગૌરવ વધારે છે, ત્યારે શ્રમણપંથનું સાહિત્ય મુખ્યપણે પ્રાકૃત ભાષાનું ગૌરવ વધારે છે. આ કારણથી અને અન્ય કારણથી આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમને લગતા તે બંને પંથોના વિચારોમાં ભાષાનો, પરિભાષાનો અને પ્રતિપાદન પદ્ધતિનો ભેદ હોય તે સ્વાભાવિક છે છતાં સૂક્ષ્મ દૃષ્ટિએ નિમજ્જન કરનારને તે વિચારોનું ઐક્ય સમજાયા સિવાય રહેશે નહિ.

આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમનો વિચાર આવતાં જ તેની સાથે તેના આરંભનો અને સમાપ્તિનો વિચાર આવે છે. તેનો આરંભ એ તેની પૂર્વ સીમા, અને તેની સમાપ્તિ એ તેની ઉત્તર સીમા. પૂર્વ સીમાથી ઉત્તર સીમા સુધી વિકાસનો વૃદ્ધિક્રમ એ જ આધ્યાત્મિક ઉત્ક્રાન્તિક્રમની મર્યાદા. તેના પહેલાંની સ્થિતિ એ આધ્યાત્મિક અવિકાસ અથવા પ્રાથમિક સંસારદશા. અને તેના પછીની સ્થિતિ એ મોક્ષ

અથવા આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા. આ રીતે કાળની દૃષ્ટિએ સંક્ષેપમાં આત્માની અવસ્થા ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે :

(अ) આધ્યાત્મિક અવિકાસ, (ब) આધ્યાત્મિક વિકાસક્રમ, (क) મોક્ષ.

(अ) આત્મા સ્થાયી સુખ અને પૂર્ણજ્ઞાન માટે તલસે છે. તેમજ તે દુઃખ કે અજ્ઞાનને જરાયે પસંદ કરતો નથી. છતાં તે દુઃખ અને અજ્ઞાનના વમળમાં ગોથાં ખાય છે, તેનું શું કારણ? આ એક ગૂઢ પ્રશ્ન છે. પણ તેનો ઉત્તર તત્ત્વજ્ઞોને સ્ફુરેલો છે. તે એ છે કે "સુખ અને જ્ઞાન મેળવવાની સ્વાભાવિક વૃત્તિથી આત્માનું પૂર્ણાનંદ અને પૂર્ણજ્ઞાનમય સ્વરૂપ સાબિત થાય છે; કારણ કે તે જ્યાં સુધી પૂર્ણાનંદ અને પૂર્ણજ્ઞાન ન મેળવે ત્યાં સુધી સંતોષ પામી શકતો નથી. છતાં તેના ઉપર અજ્ઞાન અને રાગદ્વેષના એવા પ્રબળ સંસ્કારો છે કે જેને લીધે તે ખરા સુખનું ભાન કરી શકતો નથી. અગર કાંઈક ભાન થયું તોપણ તે ખરા સુખની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરી શકતો નથી." અજ્ઞાન એ ચેતનાના સ્ફુરણનું વિરોધી તત્ત્વ છે. તેથી જ્યાં સુધી અજ્ઞાનની તીવ્રતા હોય ત્યાં સુધી ચેતનાનું સ્ફુરણ અત્યંત મંદ હોય છે તેને લીધે ખરા સુખ અને ખરા સુખના સાધનનો ભાસ જ થવા પામતો નથી. આ કારણથી આત્મા પોતે એક વિષયમાં સુખ મળવાની ધારણાથી પ્રવૃત્તિ કરે છે અને તેમાં છેવટે નિરાશ થવાથી બીજા વિષય તરફ વળે છે. બીજા વિષયમાં નિરાશ થતાં વળી ત્રીજા વિષય તરફ દોડે છે. આ રીતે તેની સ્થિતિ વમળમાં પડેલ લાકડાના જેવી કે વંટોળીઆમાં ઊડતા તણખલા જેવી થઈ જાય છે. આવી કષ્ટપરંપરા અનુભવતાં કાંઈક અજ્ઞાન ઓછું થાય છે. તો પે રાગદ્વેષની તીવ્રતાને લીધે સુખની ખરી દિશામાં પ્રયાણ કરી શકાતું નથી, અજ્ઞાનની સહજ મંદતાથી ઘણી વાર એવું ભાન થાય છે કે સુખ અને દુઃખનાં બીજ બાહ્ય જગતમાં નથી, છતાં રાગદ્વેષની તીવ્રતાને પરિણામે પૂર્વ પરિચિત વિષયોમાં જ સુખ અને દુઃખના

સાધન માની, તેમાં હર્ષ અને વિષાદનો અનુભવ થયા કરે છે. આ સ્થિતિ ચોક્કસ લક્ષ્ય વિનાની હોવાથી, દિશાનો ચોક્કસ નિશ્ચય કર્યા સિવાય વહાણ હંકારનાર ખલાસીની સ્થિતિ જેવી છે. આ જ સ્થિતિ આધ્યાત્મિક અવિકાસ કાળની છે.

(ख) અજ્ઞાન અને રાગદ્વેષના ચક્રનું બળ પણ હમેશાં જેવું ને તેવું ન જ રહી શકે. કારણ તે બળ ગમે તેટલું વધારે હોય તોપણ છેવટે આત્મિક બળ સામે તો અગણ્ય છે. લાખો મણ ઘાસ અને લાકડાંને બાળવા તેટલા જ અગ્નિની જરૂર નથી હોતી તે માટે તો અગ્નિનો એક કણ પણ બસ છે. શુભ પ્રમાણમાં થોડું હોય તોપણ તે લાખો ગણા અશુભ કરતાં વધારે બળવાન હોય છે. જ્યારે આત્મામાં ચેતનાનું સ્ફુરણ સહજ વધે છે અને રાગદ્વેષ સાથેના આત્માના યુદ્ધમાં જ્યારે રાગદ્વેષની શક્તિ ઘટે છે, ત્યારે આત્માનું વીર્ય જે અત્યાર સુધી ઊલટી દિશામાં કામ કરતું તે ખરી દિશામાં વળે છે. તે જ વખતે આત્મા પોતાના ધ્યેયનો નિર્ધાર કરી તે મેળવવા દૃઢ નિશ્ચય કરી લે છે અને તે માટે તે પ્રવૃત્તિ કરવા લાગે છે. આ વખતે આધ્યાત્મિક વિકાસનો પાયો નંખાય છે. હવે પછી આત્મા પોતાની જ્ઞાન અને વીર્ય-શક્તિની મદદ લઈ અજ્ઞાન અને રાગદ્વેષ સાથે કુસ્તિ કરવા અખાડામાં ઊતરી જાય છે; કદાચ તે ક્યારેક હાર ખાય છે પણ છેવટે તે હારના પરિણામે જ વધેલ જ્ઞાન અને વીર્ય-શક્તિને લઈ હરાવનાર અજ્ઞાન અને રાગદ્વેષને દબાવતો જ જાય છે. જેમ જેમ તે દબાવતો જાય છે તેમ તેમ તેનો ઉત્સાહ વધતો જાય છે. ઉત્સાહ-વૃદ્ધિ સાથે જ એક અપૂર્વ આનંદની લહેર છૂટે છે, અને આનંદની લહરીમાં આ નખશિખ સુધી ડૂબેલ આત્મા અજ્ઞાન તેમ જ રાગદ્વેષના ચક્રને વધારે ને વધારે નિર્બળ કરતો પોતાની સહજ સ્થિતિ તરફ આગળ વધતો જાય છે. આ સ્થિતિ આધ્યાત્મિક વિકાસક્રમની છે.

**(ग) આ સ્થિતિની છેવટની મર્યાદા એ જ વિકાસની પૂર્ણતા.**

આ પૂર્ણતા પ્રાપ્ત થઈ એટલે સંસારથી પર સ્થિતિ પ્રાપ્ત થઈ. તેમાં કેવળ સ્વાભાવિક આનંદનું જ સામ્રાજ્ય હોય છે. આ મોક્ષકાળ. આટલો સામાન્ય વિચાર કર્યા પછી હવે તે સંબંધમાં પ્રત્યેક દર્શનના વિચારો ક્રમશઃ જોઈએ.

## વૈદિક દર્શન

ઉપનિષદ્ અને અન્ય ગ્રંથોમાં આધ્યાત્મિક વિચારની પ્રધાનતા હોવાથી તેમાં વિકાસક્રમને લગતા વિચારો મળી આવે એ સ્વાભાવિક છે. છતાં વૈદિક સાહિત્યમાં યોગદર્શન ઉપરનું વ્યાસભાષ્ય અને યોગવાસિષ્ઠ એ બે ગ્રંથો એવા છે કે જેમાં આધ્યાત્મિક વિકાસક્રમ વ્યવસ્થિત રીતે સાંગોપાંગ આલેખાયેલો છે; જ્યારે અન્ય ગ્રંથોમાં તેટલો પૂર્ણ રીતે નથી. તેથી એ બે ગ્રંથોમાંથી જ વૈદિક દર્શનની તે સંબંધી માન્યતા અત્રે જણાવીશું.

યોગદર્શનમાં મહર્ષિ પતંજલિએ મોક્ષના સાધનરૂપે યોગનું વર્ણન કરેલ છે. યોગ એટલે આધ્યાત્મિક વિકાસક્રમની ભૂમિકાઓ. જે ભૂમિકામાં યોગનો આરંભ થાય છે, તે ભૂમિકાથી માંડી અને તે યોગ ક્રમશઃ પુષ્ટ થતાં થતાં જે ભૂમિકામાં પૂર્ણ કલાએ પહોંચે છે ત્યાં સુધીની ચિત્તની ભૂમિકાઓ આધ્યાત્મિક વિકાસક્રમમાં આવી જાય છે યોગનો આરંભ થયા પહેલાંની ભૂમિકાઓ એ આધ્યાત્મિક અવિકાસની ભૂમિકાઓ છે.

આ પ્રકારના સૂત્રકારના અભિપ્રાયને સ્પષ્ટ કરવા માટે ભાષ્યકાર મહર્ષિ વ્યાસે ચિત્તની પાંચ ભૂમિકાઓ બતાવી છે: (૧) ક્ષિપ્ત, (૨) મૂઢ, (૩) વિક્ષિપ્ત, (૪) એકાગ્ર અને (૫) નિરુદ્ધ.[૩] 'આ પાંચમાં પહેલી બે એટલે ક્ષિપ્ત અને મૂઢ ભૂમિકાઓ અવિકાસસૂચક છે ત્રીજી વિક્ષિપ્ત ભૂમિકા એ અવિકાસ અને વિકાસનું સમ્મેલન છે. પણ તેમાં વિકાસ કરતાં અવિકાસનું બળ ઘણું વધારે છે ચોથી એકાગ્ર ભૂમિકામાં વિકાસનું બળ વધે છે. અને તે સવિશેષ વધતાં પાંચમી નિરુદ્ધ

ભૂમિકામાં પૂર્ણ કલાએ પહોંચે છે. તથા આ રીતે આધ્યાત્મિકના વિકાસ-સરણીનું સંક્ષેપમાં પૃથક્કરણ કરીએ તો સાર એટલો જ નીકળે છે કે ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત એ ત્રણ ભૂમિકાઓમાં અવિકાસ કાળ હોય છે; જ્યારે છેલ્લી બે એકાગ્ર અને નિરુદ્ધ ભૂમિકાઓમાં વિકાસક્રમ અથવા આધ્યાત્મિક ઉત્ક્રાન્તિનો ક્રમ હોય છે.[૪] આ પાંચ ભૂમિકાઓ બાદની સ્થિતિ એ મોક્ષકાળ.

યોગવાસિષ્ઠમાં ચેતનની સ્થિતિના સંક્ષેપથી બે ભાગ કરવામાં આવ્યા છે: (૧) અજ્ઞાનમય અને (૨) જ્ઞાનમય. અજ્ઞાનમય સ્થિતિ એટલે અવિકાસ કાળ અને જ્ઞાનમય સ્થિતિ એટલે વિકાસકાળ. આ વિકાસકાળ પછી મોક્ષકાળ આવે છે. અજ્ઞાનમય સ્થિતિના સાત વિભાગ કરી તેને સાત અજ્ઞાન ભૂમિકાઓના નામથી ઓળખાવ્યા છે. જેમ કે (૧) બીજજાગ્રત, (૨) જાગ્રત, (૩) મહાજાગ્રત, (૪) જાગ્રતસ્વપ્ન, (૫) સ્વપ્ન, (૬) સ્વપ્નજાગ્રત અને (૭) સુષુપ્તક.[૫] જ્ઞાનમય સ્થિતિના પણ સાત ભાગ કરી તેને સાત ભૂમિકાઓના નામથી ઓળખાવ્યા છે. જેમ કે (૧) શુભેચ્છા, (૨) વિચારણા, (૩) તનુમાનસા, (૪) સત્ત્વાપત્તિ, (૫) અસંસક્તિ, (૬) પદાર્થાભાવની અને (૭) તુર્યગા.[૬] સાત અજ્ઞાન ભૂમિકાઓમાં અજ્ઞાનનું પ્રાબલ્ય હોવાથી તે અવિકાસ કાળમાં ગણાવી જોઈએ. તેથી ઊલટું સાત જ્ઞાન ભૂમિકાઓમાં ક્રમશઃ જ્ઞાનવૃદ્ધિ થતી હોવાથી તે વિકાસક્રમના કાળમાં ગણાવી જોઈએ. જ્ઞાનની સાતમી ભૂમિકામાં વિકાસ પૂર્ણ કલાએ પહોંચે છે. તેથી ત્યાર બાદની સ્થિતિ તે મોક્ષકાળ છે.

## બૌદ્ધ દર્શન

બૌદ્ધ સાહિત્યના મૌલિક ગ્રંથો પિટકના નામે ઓળખાય છે. પિટકમાં અનેક જગાએ આધ્યાત્મિક વિકાસના ક્રમનું વ્યવસ્થિત અને સ્પષ્ટ વર્ણન છે. તેમાં વ્યક્તિની ૭ સ્થિતિઓ કરવામાં આવી છે. તે આ પ્રમાણે (૧) અંધપુથુજ્જન, (૨) કલ્યાણપુથુજ્જન, (૩)

સ્રોતાપન્ન, (૪) સકૃદાગામી, (૫) ઔપપાતિક અને (૬) અરહા.[૭] જેમાં પહેલી સ્થિતિ એ આધ્યાત્મિક અવિકાસનો કાળ છે. બીજી સ્થિતિમાં વિકાસનું સ્ફુરણ અલ્પાંશે અને અવિકાસનો પ્રભાવ સવિશેષ હોય છે ત્રીજીથી છઠ્ઠી સુધીના ચારે સ્થિતિઓમાં ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસ જ વધતો જાય છે અને તે વિકાસ છઠ્ઠી સ્થિતિમાં પૂર્ણ કલાએ પહોંચે છે. ત્યાર બાદ નિર્વાણતત્ત્વ પ્રાપ્ત થાય છે. આ બૌદ્ધ વિચારસરણીનું પૃથક્કરણ કરીએ તો એમ કહી શકાય કે પહેલી બે સ્થિતિઓ એ અવિકાસકાળ છે. ત્રીજીથી છઠ્ઠી સુધીની ચાર સ્થિતિઓ વિકાસકાળ છે અને છ સ્થિતિઓ પછી નિર્વાણકાળ છે.

## જૈન દર્શન

જૈન સાહિત્યના પ્રાચીન ગ્રંથો જે આગમના નામથી ઓળખાય છે, તેમાં સુધ્ધાં આધ્યાત્મિક વિકાસના ક્રમ સંબંધી વિચારો વ્યવસ્થિત રીતે મળી આવે છે. તેમાં આત્મિક સ્થિતિના ચૌદ વિભાગો કરવામાં આવ્યા છે જે ગુણસ્થાનને[૮] નામે ઓળખાય છે. તે આ પ્રમાણે (૧) મિથ્યાદૃષ્ટિ,[૯] (૨) સાસ્વાદન, (૩) સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ, (૪) અવિરત સમ્યક્‌દૃષ્ટિ, (૫) દેશવિરતિ (વિરતાવિરત), (૬) પ્રમત્તસંયત, (૭) અપ્રમત્તસંયત, (૮) અપૂર્વકરણ (નિવૃત્તિબાદર), (૯) અનિવૃત્તિબાદર, (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) ઉપશાંતમોહ, (૧૨) ક્ષીણમોહ, (૧૩) સયોગકેવલી, (૧૪) અયોગકેવલી.[૧૦] પ્રથમ ગુણસ્થાન એ અવિકાસકાળ છે. બીજા અને ત્રીજા એ બે ગુણસ્થાનમાં વિકાસનું સહેજ સ્ફુરણ હોય છે. તેમાં પ્રબળતા અવિકાસની જ હોય છે. ચોથાથી વિકાસ ક્રમશઃ વધતાં વધતાં તે છેવટે ચૌદમા ગુણસ્થાને પૂર્ણ કલાએ પહોંચે છે અને ત્યાર બાદ મોક્ષ પ્રાપ્ત થાય છે. જૈન વિચારસરણીનું પૃથક્કરણ એટલું જ કરી શકાય કે પહેલાં ત્રણ ગુણસ્થાનો એ અવિકાસકાળ છે, અને ચોથાથી ચૌદમા સુધીનાં ગુણસ્થાનો વિકાસ અને તેની વૃદ્ધિનો કાળ છે; ત્યાર બાદ મોક્ષકાળ છે.

આ પ્રાચીન જૈન વિચારને હરિભદ્રસૂરિએ બીજી રીતે પણ વર્ણવ્યો છે. તેઓના વર્ણનમાં બે પ્રકાર છે. પહેલા પ્રકારમાં અવિકાસ અને વિકાસક્રમ બન્નેનો સમાવેશ કરેલ છે.[૧૧] અવિકાસ કાળને તેઓ ઓઘદૃષ્ટિના નામથી અને વિકાસક્રમને સદ્દૃષ્ટિના નામથી ઓળખાવે છે.[૧૨] સદ્દૃષ્ટિના મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા એવા આઠ વિભાગ કરે છે. આ આઠે વિભાગોમાં ઉત્તરોત્તર વિકાસનો ક્રમ વધતો જાય છે. પહેલી મિત્રા આદિ ચાર દૃષ્ટિઓમાં આધ્યાત્મિક વિકાસ હોય છે ખરો પણ તેમાં કાંઈક અજ્ઞાન અને મોહનું પ્રાબલ્ય રહે છે. જ્યારે સ્થિરા આદિ પાછલી ચાર દૃષ્ટિઓમાં જ્ઞાન અને નિર્મોહતાનું પ્રાબલ્ય વધતું જાય છે. બીજા પ્રકારના[૧૩] વર્ણનમાં તે આચાર્યે માત્ર આધ્યાત્મિક વિકાસના ક્રમનું જ યોગરૂપે[૧૪] વર્ણન કર્યું છે. તે પહેલાંની સ્થિતિ વર્ણવી નથી. યોગના તેઓએ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિક્ષય એવા પાંચ ભાગો કરેલા છે.[૧૫]

આ બન્ને પ્રકારનાં વર્ણનો એ પ્રાચીન જૈન ગુણસ્થાનકના વિચારોનું નવીન પદ્ધતિએ વર્ણન માત્ર છે.

## આજીવક દર્શન

આ દર્શનનું સ્વતંત્ર સાહિત્ય અને સંપ્રદાય નથી; તથાપિ તેના આધ્યાત્મિક વિકાસક્રમ સંબંધી વિચારો બૌદ્ધ ગ્રંથમાં સચવાઈ રહેલ છે. જોકે સંપ્રદાય ન હોવાથી તે વિચારોનો સ્પષ્ટ ખુલાસો તે ગ્રંથોમાં નથી જણાતો, તોપણ તે વિચારો જેવા મળે છે તેવા સંગ્રહવા જરૂરના છે.[૧૬] આજીવક દર્શન આધ્યાત્મિક આઠ પાયરીઓ માને છે. તે આ પ્રમાણે – મંદ, ખિડ્ડા, પદવીમંસા, ઉજુગત, સેખ, સમણ, જિન અને પન્ન – આ આઠમાં પ્રથમની ત્રણ અવિકાસ અને પાછળની પાંચ ભૂમિકાઓ વિકાસક્રમની જણાય છે. ત્યાર બાદ મોક્ષકાળ હોવો જોઈએ.

*

# ટિપ્પણો

પૃ૦ ૧-૨: ૧. તે તે દર્શનના મૂળ ગ્રંથ જોતાં આ બાબત આપોઆપ જણાઈ આવે છે. ઉદાહરણ તરીકે જુઓ ન્યાયદર્શનનું પહેલું સૂત્ર, યોગદર્શનનું છેલ્લું સૂત્ર, સાંખ્યદર્શનનું પહેલું સૂત્ર અને વેદાન્તદર્શનનું પહેલું તથા છેલ્લું સૂત્ર. તે જ પ્રમાણે જૈન દર્શન માટે જુઓ તત્ત્વાર્થાધિગમનું પહેલું સૂત્ર.

૨. જુઓ દીઘનિકાય, બ્રહ્મજાલસુત્ત.

પૃ૦ ૯: ૩. જે ચિત્ત હમેશાં રજોગુણની બહુલતાથી અનેક વિષયોમાં પ્રેરાતું હોવાથી અત્યન્ત અસ્થિર હોય છે, તે ક્ષિપ્ત. (૨) જે ચિત્ત તમોગુણના પ્રાબલ્યથી નિદ્રાવૃત્તિવાળું બને તે મૂઢ. (૩) જે ચિત્ત અસ્થિરતા વિશેષ હોવા છતાં, ક્યારેક ક્યારેક પ્રશસ્ત વિષયોમાં સ્થિરતા અનુભવે તે વિક્ષિપ્ત. (૪) જે ચિત્ત એક તાન – સ્થિર બની જાય તે એકાગ્ર. (૫) જે ચિત્તમાં તમામ વૃત્તિઓનો નિરોધ થઈ ગયો હોય અને માત્ર સંસ્કારો જ બાકી રહ્યા હોય તે નિરુદ્ધ.

પૃ૦ ૬: ૪. આ પાંચ ચિત્તોમાં પહેલાં બે તો અનુક્રમે રજોગુણ અને તમોગુણની બહુલતાને લીધે નિઃશ્રેયસપ્રાપ્તિમાં હેતુ થઈ શકતાં નથી એટલું જ નહિ બલ્કે તે ઊલટાં નિઃશ્રેયસનાં બાધક છે, જેથી તે યોગકોટિમાં ગણાવા યોગ્ય નથી અર્થાત્ તે બે ચિત્તની સ્થિતિઓમાં આધ્યાત્મિક અવિકાસ હોય છે. વિક્ષિપ્ત ચિત્ત ક્યારેક ક્યારેક સાત્ત્વિક વિષયોમાં સમાધિ મેળવે છે ખરું, પણ તે સમાધિ સામે અસ્થિરતા એટલી બધી હોય છે કે જેથી તે પણ યોગકોટિમાં ગણાવા યોગ્ય નથી. એકાગ્ર અને નિરુદ્ધ એ બે જ ચિત્ત વખતે જે સમાધિ હોય છે તે યોગ કહેવાય છે. એકાગ્ર ચિત્ત વખતે જે યોગ હોય છે તે, સમ્પ્રજ્ઞાત

અને નિરુદ્ધ ચિત્ત વખતે જે યોગ હોય છે તે અસમ્પ્રજ્ઞાત. જુઓ પાતંજલ દર્શન, પદ ૧, સૂ. ૧, વ્યાસભાષ્ય તથા વાચસ્પતિમિશ્રની ટીકા.

૫. (૧) પહેલી ભૂમિકામાં અહંત્વમમત્વ બુદ્ધિની જાગૃતિ નથી હોતી, માત્ર તેવી જાગૃતિની બીજ રૂપે યોગ્યતા હોય છે, તેથી તે બીજજાગ્રત કહેવાય છે. આ ભૂમિકા વનસ્પતિ જેવા ક્ષુદ્ર નિકાયમાં માની શકાય. (૨) બીજી ભૂમિકામાં અહંત્વમમત્વ બુદ્ધિ અલ્પાંશે જાગે છે તેથી તે જાગ્રત કહેવાય છે. આ ભૂમિકા કીટ, પતંગ, પશુ, પક્ષીમાં માની શકાય. (૩) ત્રીજી ભૂમિકામાં અહંત્વમમત્વ બુદ્ધિ વિશેષ પુષ્ટ હોય છે, તેથી તે મહાજાગ્રત કહેવાય છે. આ ભૂમિકા મનુષ્ય, દેવ આદિ નિકાયમાં માની શકાય. (૪) ચોથી ભૂમિકામાં જાગ્રત અવસ્થાના મનોરાજ્ય-ભ્રમનો સમાવેશ થાય છે. જેમ કે એકને બદલે બે ચંદ્ર દેખાવા, છીપમાં રૂપાનું ભાન અને ઝાંઝવામાં પાણીની બુદ્ધિ. આ હેતુથી આ ભૂમિકા જાગ્રત્સ્વપ્ન કહેવાય છે. (૫) પાંચમી ભૂમિકામાં નિદ્રા વખતે આવેલ સ્વપ્નનું જાગ્યા બાદ જે ભાન થાય છે, તેનો સમાવેશ છે, તેથી તે સ્વપ્ન કહેવાય છે. (૬) છઠ્ઠી ભૂમિકામાં વર્ષોનાં વર્ષો સુધી ચાલુ રહેલ સ્વપ્નનો સમાવેશ થાય છે. આ સ્વપ્ન શરીરપાત થયા છતાં પણ ચાલુ રહે છે, તેથી તે સ્વપ્નજાગ્રત કહેવાય છે. (૭) સાતમી ભૂમિકા ગાઢ નિદ્રાની હોય છે, જેમાં જડ જેવી સ્થિતિ થઈ જાય છે અને કર્મો માત્ર વાસનારૂપે રહેલાં હોય છે, તેથી તે સુષુપ્તિ કહેવાય છે. ત્રીજીથી સાતમી સુધીની પાંચ ભૂમિકાઓ સ્પષ્ટપણે મનુષ્ય નિકાયમાં અનુભવાય છે. જુઓ યોગવાસિષ્ઠ, ઉત્પત્તિ પ્રકરણ, સર્ગ ૧૧૭.

૬. (૧) હું મૂઢ જ શા માટે રહું ? હવે તો શાસ્ત્ર અને સજ્જન દ્વારા કાંઈક આત્માવલોકન કરીશ એવી વૈરાગ્યપૂર્વક જે ઇચ્છા તે શુભેચ્છા. (૨) શાસ્ત્ર અને સજ્જનના સંસર્ગપૂર્વક વૈરાગ્યાભ્યાસને લીધે

જે સદાચારમાં પ્રવૃત્તિ થવી તે વિચારણા. (૩) શુભેચ્છા અને વિચારણાને લીધે જે ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ ઘટે છે તે તનુમાનસા કહેવાય છે, કારણ કે તેમાં સંકલ્પ-વિકલ્પ ઓછા થાય છે. (૪) ત્રણ ભૂમિકાઓના અભ્યાસથી ચિત્ત સુખ્યાંમાં પણ વિરત્તિ થવાથી સત્ય અને શુદ્ધ એવા આત્મામાં જે સ્થિતિ થવા પામે છે તે સત્ત્વાપત્તિ. (૫) પૂર્વની ચાર ભૂમિકાઓના અભ્યાસથી અને સમાધિના અસંગરૂપ પરિપાકથી એવી અવસ્થા થાય છે, કે જેમાં ચિત્તની અંદર નિરતિશય આત્માનંદનો ચમત્કાર પુષ્ટ થએલ હોય છે તે અસંસક્તિ ભૂમિકા. (૬) પાંચ ભૂમિકાઓના અભ્યાસથી પ્રગટ થએલ આત્મારામ-સ્થિતિને લીધે એક એવી દશા પ્રાપ્ત થાય છે કે બાહ્ય ને આભ્યંતર બધા પદાર્થોની ભાવના છૂટી જાય છે. દેહયાત્રા ફક્ત બીજાના પ્રયત્નને લઈને ચાલે છે તે પદાર્થાભાવની ભૂમિકા. (૭) છ ભૂમિકાઓના અભ્યાસને લીધે ભેદભાવનું ભાન બિલકુલ શમી જવાથી જે એક-માત્ર સ્વભાવનિષ્ઠા પ્રાપ્ત થાય છે તે તુર્યગા. આ સાતમી તુર્યગાવસ્થા જીવન્મુક્તમાં હોય છે. વિદેહ મુક્તનો વિષય ત્યાર બાદની તુર્યાતીત અવસ્થા છે. જુઓ યોગવાસિષ્ઠ, ઉત્પત્તિ પ્ર૦ સ૦ ૧૧૮ તથા નિર્વાણ પ્ર૦ સ૦ ૧૨૦.

૭. પુથુજ્જન એટલે સામાન્ય મનુષ્ય, તેના અંધ પુથુજ્જન અને કલ્યાણ પુથુજ્જન એવા બે ભેદો છે. યથા–

> दुवे पुथुज्जना वुत्ता बुद्धेनादिच्चबंधुना।
> अंधो पुथुज्जनो एको कल्याणेको पुथुज्जनो॥

મજ્ઝિમનિકાય, મૂળ પરિયાય, સુત્તવણ્ણના.

આ બંનેમાં સંયોજના (બંધન) તો દશે હોય છે. છતાં અંતર એટલું જ કે પહેલાને આર્યદર્શન અથવા સત્સંગ પ્રાપ્ત થએલ નથી હોતાં, જ્યારે બીજાને પ્રાપ્ત થએલ હોય છે. આ બંને નિર્વાણમાર્ગથી

પરાઙ્મુખ હોય છે. (૨) નિર્વાણમાર્ગને પ્રાપ્ત થયેલાના ચાર પ્રકાર છે. જેણે ત્રણ સંયોજનાનો ક્ષય કર્યો હોય તે સોતાપન્ન. (૩) જેણે ત્રણનો ક્ષય અને પછીની બેનું શૈથિલ્ય કર્યું હોય તે સકૃદાગામી. (૪) જેણે પાંચેનો ક્ષય કર્યો હોય તે ઔપપાતિક. (૫) જેણે દશે સંયોજનાનો ક્ષય કર્યો હોય તે અરહા. (૬) સોતાપન્ન વધારેમાં વધારે સાત વાર મનુષ્યલોકમાં અવતરે છે, ત્યાર બાદ અવશ્ય નિર્વાણ પામે છે. સકૃદાગામી એક જ વાર મનુષ્યલોકમાં આવે છે, પછી નિર્વાણ પામે છે. ઔપપાતિક બ્રહ્મલોકમાંથી જ નિર્વાણ પામે છે. અરહા તે સ્થિતિમાંથી જ નિર્વાણ મેળવે છે. દશ સંયોજનાઓ માટે જુઓ અંગુત્તરનિકાય, પૃ. ૧૭, ફુટનોટ ૧૩ તથા મજ્ઝિમનિકાય તથા બુદ્ધ, ધર્મ આણિ સંઘ મરાઠી, પૃ. ૯૯.

પૃ૦ ૭ : ૮. ગુણસ્થાન — ગુણ એટલે આત્માની ચેતના સમ્યક્ત્વ, ચારિત્ર વીર્ય આદિ શક્તિઓ. સ્થાન એટલે તે શક્તિઓની શુદ્ધતાની તરતમ ભાવવાળી અવસ્થાઓ. આત્માના સહજ ગુણો વિવિધ આવરણોથી સંસારદશામાં આવૃત હોય છે. જેમ જેમ આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ વધતું જાય છે, તેમ તેમ તે સહજ ગુણો વિકાસ પામી પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રગટ થતા જાય છે. આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું વિશેષ તેટલી ગુણોની શુદ્ધિ વિશેષ અને આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું ઓછું તેટલી ગુણોની શુદ્ધિ ઓછી. આ રીતે આત્મિક ગુણોની શુદ્ધિના પ્રકર્ષ કે અપકર્ષવાળા અસંખ્યાત પ્રકારો સંભવે છે. પણ સંક્ષેપમાં તેને ચૌદ ભાગમાં વહેંચી નાખેલા છે, જે ગુણસ્થાન કહેવાય છે. ગુણસ્થાનની કલ્પના મુખ્યતયા મોહનીય કર્મની વિરલતા અને ક્ષયને આધારે કરવામાં આવી છે. મોહનીય કર્મની મુખ્ય બે શક્તિઓ છે. પહેલી શક્તિનું કાર્ય આત્માના સમ્યક્ત્વ ગુણને આવૃત કરવાનું છે જેથી આત્મામાં તાત્ત્વિક રુચિ કે સત્ય દર્શન થવા પામતું નથી. બીજી

શક્તિનું કાર્ય આત્માના ચારિત્ર ગુણને આવૃત કરવાનું છે, જેથી આત્મા તાત્ત્વિક રુચિ કે સત્ય દર્શન થયા છતાં પણ તદનુસાર પ્રવૃત્તિ કરી સ્વરૂપલાભ કરી શકતો નથી. સમ્યક્ત્વની પ્રતિબંધક એવી મોહનીયની પ્રથમ શક્તિ દર્શનમોહનીય અને ચારિત્રની પ્રતિબંધક એવી મોહનીયની બીજી શક્તિ ચારિત્રમોહનીય કહેવાય છે. આ બેમાં દર્શન-મોહનીય પ્રબળ છે. કારણ કે જ્યાં સુધી તેની વિરલતા કે ક્ષય ન થાય ત્યાં સુધી ચારિત્રમોહનીયનું બળ ઘટતું નથી. દર્શનમોહનીયનું બળ ઘટ્યું એટલે ચારિત્રમોહનીય ક્રમે ક્રમે નિર્બળ થઈ છેવટે સર્વથા ક્ષીણ થવાનું જ. સમસ્ત કર્માવરણોમાં પ્રધાનતમ અને બલવત્તમ મોહનીય જ છે. તેનું કારણ એ છે કે જ્યાં સુધી મોહનીયની શક્તિ તીવ્ર હોય ત્યાં સુધી અન્ય આવરણો તીવ્ર જ રહે છે અને તેની શક્તિ ઘટતાં જ અન્ય આવરણોનું બળ મંદ થતું જાય છે. આ જ કારણથી ગુણસ્થાનોની કલ્પના મોહનીય કર્મના તરતમ ભાવને આધારે કરવામાં આવી છે.

૯. જુઓ સમવાયાંગ ૧૪ મો સમવાય.

૧૦. (૧) જે અવસ્થામાં દર્શન મોહનીયની પ્રબળતાને લીધે સમ્યક્ત્વ ગુણ આવૃત થયેલો હોવાથી આત્માની તત્ત્વરુચિ જ પ્રગટી શકતી નથી જેથી તેની દૃષ્ટિ મિથ્યા (સત્ય વિરુદ્ધ) હોય છે તે અવસ્થા મિથ્યાદૃષ્ટિ. (૨) અગીઆરમા ગુણસ્થાનથી પતિત થઈ પ્રથમ ગુણસ્થાન ઉપર આવતાં વચ્ચે બહુ જ થોડા વખત સુધી જે અવસ્થા પ્રાપ્ત થાય છે તે અવસ્થા સાસ્વાદન. આનું સાસ્વાદન નામ એટલા માટે છે કે તેમાં પતનોન્મુખ આત્માને તત્ત્વરુચિનો સ્વલ્પ પણ આસ્વાદ હોય છે. જેવી રીતે મિષ્ટાન્નના ભોજન બાદ ઊલટી થતી વખતે એક વિલક્ષણ સ્વાદ હોય છે; આ બીજું ગુણસ્થાન પતનોન્મુખ આત્માને જ હોય છે. (૩) હીંચકે હીંચતા માણસની પેઠે જે અવસ્થામાં આત્મા દોલાયમાન હોય છે: જેને લીધે તે સર્વથા સત્ય-

દર્શન કરી શકતો નથી કે સર્વથા મિથ્યાદૃષ્ટિની સ્થિતિમાં રહી શકતો નથી અર્થાત્ તેની સંશયાળુ જેવી સ્થિતિ બની જાય છે, તે અવસ્થા સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ. આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનું વિષ પ્રથમ જેટલું તીવ્ર રહેતું નથી, પણ તે હોય છે ખરું. (૪) જે અવસ્થામાં દર્શનમોહનીયનું બળ કાં તો બિલકુલ શમી જાય છે કે વિરલ થઈ જાય છે, અને કાં તો બિલકુલ ક્ષીણ થઈ જાય છે જેને લીધે આત્મા અસંદિગ્ધપણે સત્યદર્શન કરી શકે છે. આ અવસ્થા અવિરતસમ્યક્‌દૃષ્ટિ. આનું અવિરત નામ એટલા માટે છે કે તેમાં ચારિત્રમોહનીયની સત્તા સવિશેષ હોવાથી વિરતિ (ત્યાગવૃત્તિ) ઉદય પામતી નથી. (૫) જે અવસ્થામાં સત્યદર્શન ઉપરાંત અલ્પાંશે પણ ત્યાગવૃત્તિનો ઉદય થાય છે, તે દેશવિરતિ. આમાં ચારિત્રમોહનીયની સત્તા અવશ્ય ઘટેલી હોય છે અને તેની કમીના પ્રમાણમાં ત્યાગવૃત્તિ હોય છે. (૬) જે અવસ્થામાં ત્યાગવૃત્તિ પૂર્ણ રીતે ઉદય પામે છે છતાં વચ્ચે વચ્ચે પ્રમાદ (સ્ખલન) સંભવે છે, તે પ્રમત્તસંયત. (૭) જે અવસ્થામાં પ્રમાદનો જરાયે સંભવ નથી તે અપ્રમત્તસંયત. (૮) જે અવસ્થામાં પહેલાં ક્યારે પણ નહિ અનુભવેલ આત્મશુદ્ધિનો અનુભવ થાય છે અને અપૂર્વ વીર્યોલ્લાસ – આત્મિક સામર્થ્ય પ્રગટે છે, તે અવસ્થા અપૂર્વ-કરણ. આનું બીજું નામ નિવૃત્તિબાદર પણ છે. (૯) જે અવસ્થામાં ચારિત્રમોહનીય કર્મના શેષ રહેલ અંશોને શમાવવાનું કે ક્ષીણ કરવાનું કામ ચાલતું હોય છે, તે અવસ્થા અનિવૃત્તિબાદર. (૧૦) જે અવસ્થામાં મોહનીયનો અંશ લોભ રૂપે જ ઉદયમાન હોય છે, પણ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં, તે અવસ્થા સૂક્ષ્મસંપરાય. (૧૧) જે અવસ્થામાં સૂક્ષ્મ લોભ સુધ્ધાં શમી જાય છે, તે ઉપશાંતમોહનીય. આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનો સર્વથા ક્ષય સંભવે ખરો, પણ ચારિત્રમોહનીયનો તેવો ક્ષય નથી હોતો, માત્ર તેની સર્વાંશે ઉપશાંતિ હોય છે. આને લીધે જ મોહનો ફરી ઉદ્રેક થતાં આ ગુણસ્થાનથી અવશ્ય પતન થાય છે અને પ્રથમ ગુણસ્થાન સુધી જવું પડે છે. (૧૨) જે અવસ્થામાં

દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો સર્વથા ક્ષય થઈ જાય છે, તે ક્ષીણમોહનીય. આ સ્થિતિથી પતન સંભવતું જ નથી. (૧૩) જે અવસ્થામાં મોહના આત્યંતિક અભાવને લીધે વીતરાગ દશા પ્રગટવા સાથે સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે, તે અવસ્થા સયોગ ગુણસ્થાન. આ ગુણસ્થાનમાં શારીરિક, માનસિક અને વાચિક વ્યાપાર હોય છે. એથી આને જીવન્મુક્તિ કહી શકાય. (૧૪) જે અવસ્થામાં શારીરિક, માનસિક, વાચિક પ્રવૃત્તિનો પણ અભાવ થઈ જાય છે, તે અયોગ ગુણસ્થાન. આ ગુણસ્થાન છેલ્લું છે. તેથી શરીરપાત થતાં જ તેની સમાપ્તિ થાય છે અને ત્યાર બાદ ગુણસ્થાનાતીત—વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે. આ માટે જુઓ કર્મગ્રંથ બીજો.

૧૧. જુઓ યોગદૃષ્ટિ સમુચ્ચય.

પૃ૦ ૮ : ૧૨. દૃષ્ટિ એટલે દર્શન અથવા બોધ. આના બે પ્રકાર છે. પહેલામાં સત્ શ્રદ્ધાનો (તાત્ત્વિક રુચિનો) અભાવ હોય છે જ્યારે બીજામાં સત્ શ્રદ્ધા હોય છે. પહેલો પ્રકાર ઓઘદૃષ્ટિ અને બીજો યોગદૃષ્ટિ કહેવાય છે. પહેલામાં આત્માનું વલણ સંસારપ્રવાહ તરફ અને બીજામાં આધ્યાત્મિક વિકાસ તરફ હોય છે. તેથી યોગદૃષ્ટિ એ સદ્દૃષ્ટિ કહેવાય છે. જેમ સમેઘ રાત્રિ, અમેઘ રાત્રિ, સમેઘ દિવસ અને અમેઘ દિવસમાં અનુક્રમે અતિમંદતમ, મંદતમ, મંદતર અને મંદ ચાક્ષુષ જ્ઞાન હોય છે. તેમાં ય ગ્રહાવિષ્ટ અને ગ્રહમુક્ત પુરુષના ભેદથી, બાળ અને તરુણ પુરુષના ભેદથી, તેમ જ વિકૃત નેત્રવાળા અને અવિકૃત નેત્રવાળા પુરુષના ભેદથી ચાક્ષુષ જ્ઞાનની અસ્પષ્ટતા કે સ્પષ્ટતા તરતમભાવે હોય છે; તેવી રીતે ઓઘદૃષ્ટિની દશામાં સંસાર-પ્રવાહનું વલણ છતાં આવરણના તરતમભાવે જ્ઞાન તારતમ્યવાળું હોય છે. આ ઓઘદૃષ્ટિ ગમે તેવી હોય તો યે તે આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ અસદ્દૃષ્ટિ જ છે. ત્યાર બાદ જ્યારથી આધ્યાત્મિક વિકાસનો આરંભ થાય છે, પછી ભલે તેમાં બાહ્ય જ્ઞાન ઓછું હોય છતાં, ત્યારથી

સદ્દષ્ટિ શરૂ થાય છે. કારણ કે તે વખતે આત્માનું વલણ સંસારોન્મુખ ન રહેતાં મોક્ષોન્મુખ થઈ જાય છે; આ સદ્દષ્ટિ(યોગદષ્ટિ)ના વિકાસના તારતમ્ય પ્રમાણે આઠ ભેદો છે. આ આઠ ભેદોમાં ઉત્તરોત્તર બોધ અને વીર્યની સવિશેષ જાગૃતિ થાય છે. પહેલી મિત્રા નામક દષ્ટિમાં બોધ અને વીર્યનું બળ તૃણાગ્નિની પ્રભા જેવુ હોય છે; બીજી તારા દષ્ટિમાં છાણાના અગ્નિની પ્રભા જેવું; ત્રીજી બલા દષ્ટિમાં લાકડાના અગ્નિની પ્રભા જેવું; ચોથી દીપ્રા દષ્ટિમાં દીવાની પ્રભા જેવું; પાંચમી સ્થિરા દષ્ટિમાં રત્નની પ્રભા જેવું; છઠ્ઠી કાન્તા દષ્ટિમાં નક્ષત્રની પ્રભા જેવું; સાતમી પ્રભા દષ્ટિમાં સૂર્યની પ્રભા જેવું; અને આઠમી પરા દષ્ટિમાં ચંદ્રની પ્રભા જેવું હોય છે.

જોકે આમાંની પહેલી ચાર દષ્ટિઓમાં સ્પષ્ટપણે જ્ઞેય આત્મ-સ્વરૂપનું સંવેદન નથી હોતું; ફક્ત છેલ્લી ચાર દષ્ટિઓમાં જ તેવું સંવેદન હોય છે. છતાં પ્રથમની ચાર દષ્ટિઓને સદ્દષ્ટિમાં ગણવાનું કારણ એ છે કે તે સ્થિતિમાં આવ્યા પછી આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો માર્ગ નિશ્ચિત થઈ જાય છે. યોગના યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગોને આધારે સદ્દષ્ટિના આઠ વિભાગો સમજવાના છે. પહેલી દષ્ટિમાં યમની સ્થિરતા, બીજીમાં નિયમની એમ અનુક્રમે આઠમીમાં સમાધિની સ્થિરતા મુખ્યપણે હોય છે.

૧૩. જુઓ યોગબિંદુ.

૧૪. યોગ એટલે જેનાથી મોક્ષ પ્રાપ્ત કરી શકાય તેવો ધર્મ-વ્યાપાર. અનાદિ કાળચક્રમાં જ્યાં સુધી આત્માની પ્રવૃત્તિ સ્વરૂપ-પરાઙ્મુખ હોઈ લક્ષ્યભ્રષ્ટ હોય છે, ત્યાં સુધીની તેની બધી ક્રિયા શુભાશય વિનાની હોવાથી યોગકોટિમાં આવતી નથી. જ્યારથી તેની પ્રવૃત્તિ બદલાઈ સ્વરૂપોન્મુખ થાય છે, ત્યારથી જ તેની ક્રિયામાં શુભા-શયનું તત્ત્વ દાખલ થાય છે અને તેથી તેવો શુભાશયવાળો વ્યાપાર

धर्मव्यापार કહેવાય છે અને તે પરિણામે મોક્ષજનક હોઈ યોગ નામને પાત્ર બને છે. આ રીતે આત્માના અનાદિ સંસારકાળના બે ભાગ થઈ જાય છે. એક અધાર્મિક અને બીજો ધાર્મિક. અધાર્મિક કાળમાં ધર્મની પ્રવૃત્તિ હોય, તોપણ તે ધર્મ ખાતર નથી હોતી; કેવળ 'લોકપંક્તિ' (લોકરંજન) ખાતર હોય છે. તેથી તેવી પ્રવૃત્તિ ધર્મકોટિમાં ગણવા યોગ્ય નથી. ધર્મ ખાતર ધર્મની પ્રવૃત્તિ ધાર્મિક કાળમાં જ શરૂ થાય છે. તેથી તે બધી પ્રવૃત્તિ યોગ કહેવાય છે. જુઓ યોગબિંદુ.

૧૫. જ્યારે થોડા કે ઘણા ત્યાગ સાથે શાસ્ત્રીય તત્ત્વચિંતન હોય છે અને મૈત્રી, કરુણાદિ ભાવનાઓ વિશેષ સિદ્ધ થઈ જાય છે, ત્યારે તે સ્થિતિ અધ્યાત્મ કહેવાય છે. (૧) જ્યારે મન સમાધિપૂર્વક સતત અભ્યાસ કરવાથી અધ્યાત્મ વડે સવિશેષ પુષ્ટ થાય છે, ત્યારે તે ભાવના કહેવાય છે. ભાવનાથી અશુભ અભ્યાસ ટળે છે, શુભ અભ્યાસની અનુકૂળતા વધે છે અને સુંદર ચિત્તની વૃદ્ધિ થાય છે. (૨) જ્યારે ચિત્ત ફક્ત શુભ વિષયને જ આલંબીને રહેલું હોય છે, અને તેથી તે સ્થિર દીપક જેવું પ્રકાશમાન હોઈ સૂક્ષ્મ બોધવાળું બની જાય છે ત્યારે તે ધ્યાન કહેવાય છે. ધ્યાનથી દરેક કામમાં ચિત્ત આત્માધીન થઈ જાય છે, ભાવ નિશ્ચળ થાય છે, અને બંધનોનો વિચ્છેદ થાય છે. (૩) અજ્ઞાનને લીધે ઇષ્ટ અનિષ્ટ રૂપે કલ્પાયેલી વસ્તુઓમાંથી જ્યારે વિવેકને લીધે ઇષ્ટ અનિષ્ટપણાની ભાવના નષ્ટ થાય છે ત્યારે તેવી સ્થિતિ સમતા કહેવાય છે. (૪) વાસનાના સંબંધથી ઉત્પન્ન થનારી વૃત્તિઓનો નિર્મૂળ નિરોધ કરવો તે વૃત્તિસંક્ષય. જુઓ યોગબિંદુ, શ્લો. ૩૫૭ થી ૩૬૫.

૧૬. મજ્ઝિમનિકાય નામના પ્રાચીન બૌદ્ધગ્રંથના સામઞ્ઞફલસુત્ત પ્રકરણમાં આજીવક સંપ્રદાયના નેતા મંખલી ગોશાળનો ઉલ્લેખ છે; મૂળમાં તેના કેટલાક વિચારો આપેલા છે; આ ગ્રંથની બુદ્ધઘોષકૃત સુમંગલવિલાસિની ટીકામાં આજીવક દર્શનની આઠ પાયરીઓનું વર્ણન,

છે જે આ પ્રમાણે : (૧) જન્મ દિવસથી, સાત દિવસ સુધી ગર્ભ-નિષ્ક્રમણજન્ય દુ:ખને લીધે પ્રાણી મંદ ( મોમુહ ) સ્થિતિમાં રહે છે. આ પહેલી મંદ ભૂમિકા. (૨) દુર્ગતિમાંથી આવીને જે બાળક જન્મ લીધેલો હોય છે તે વારંવાર રુવે અને વિલાપ કરે છે, તેમ જ સુગતિમાંથી આવી જન્મ લીધેલ બાળક સુગતિનું સ્મરણ કરી હાસ્ય કરે છે, આ ખિડ્ડા ( ક્રીડા ) ભૂમિકા. (૩) માબાપના હાથ કે પગ પકડીને અગર ખાટલો કે બાજોઠ પકડીને બાળક જમીન ઉપર પગ માંડે છે, તે પદવીમંસા ભૂમિકા. (૪) પગથી સ્વતંત્ર રીતે ચાલવાનું સામર્થ્ય આવે છે તે ઉજુગત ( ઋજુગત ) ભૂમિકા (૫) શિલ્પકળા શીખવાનો વખત તે સેખ ( શૈક્ષ ) ભૂમિકા. (૬ ઘરથી નીકળી સંન્યાસ લીધેલ વખત તે સમણ ( શ્રમણ ) ભૂમિકા. (૭) આચાર્યને સેવી જ્ઞાન મેળવવાનો વખત તે જિન ભૂમિકા. (૮) પ્રાજ્ઞ થએલ ભિક્ષુ ( જિન ) જ્યારે કોઈ પણ નથી બોલતો તેવા નિર્લોભ શ્રમણની સ્થિતિ એ પન્ન ( પ્રાજ્ઞ ) ભૂમિકા.

આ આઠ ભૂમિકાઓનાં નામ અને તેની વ્યાખ્યા બુદ્ધઘોષે આપેલ છે. બુદ્ધઘોષના વખતમાં એટલે ઈ. સ. પાંચમા—છઠ્ઠા સૈકામાં કદાચ આજીવક સંપ્રદાય અગર તેનું સાહિત્ય થોડુંઘણું હશે તે ઉપરથી તેને આ નામો મળ્યાં હશે. પણ એટલું તો સ્પષ્ટ જણાય છે કે બુદ્ધઘોષની આ વ્યાખ્યા યુક્તિસંગત નથી. કારણ એ છે કે તેની એ વ્યાખ્યામાં બાળકના જન્મથી માંડી યૌવનકાળ સુધીનું વ્યાવહારિક વર્ણન છે જે આધ્યાત્મિક વિકાસ સાથે બંધબેસતું નથી. તેનો ખરો અર્થ તે સંપ્રદાય પ્રમાણે શો હશે તે અત્યારે સાધનના અભાવે કહી ન શકાય. પણ એ ભૂમિકાઓનાં નામ અને તેમાં રહેલ આધ્યાત્મિક વિકાસના ક્રમનો સંબંધ વિચારતાં એમ જણાય છે કે આ ભૂમિકાઓનો જન્મ સાથે કાંઈ સંબંધ નથી. તે દ્વારા ફક્ત અજ્ઞાનની પ્રબળતાથી અને જ્ઞાનની ક્રમશઃ વૃદ્ધિનો જ ભાવ સૂચવવાનો આશય હોય તેમ

જણાય છે. આની પુષ્ટિમાં એટલું જ કહી શકાય કે આજીવક દર્શન એ પ્રાચીન કાળમાં શ્રમણપંથોમાંનું એક ખાસ દર્શન હતું અને તેનો સંપ્રદાય મોટો હતો. તેવી સ્થિતિમાં તેના આધ્યાત્મિક ઉત્ક્રાન્તિને લગતા વિચારો અન્ય શ્રમણપંથને અગર બ્રાહ્મણપંથને મળતા હોય તે વધારે સંભવિત છે. પ્રો. હોર્નલે પોતાના ઉવાસગદસાઓના અનુવાદમાં ભા. ૫, પૃ. ૨૩ ઉપર બુદ્ધઘોષના ઉક્ત વિચારો આપ્યા છે.

('પુરાતત્ત્વ' પુસ્તક ૧માંથી ઉદ્ધૃત)

# ગુણસ્થાનનું સામાન્ય સ્વરૂપ

ક્યારેક આત્મા અજ્ઞાનપૂર્ણ અવસ્થામાં રહેલો હોય છે. એ અવસ્થા તદ્દન શરૂઆતની હોવાથી હીન હોય છે. પોતાના સ્વાભાવિક ચેતના, ચારિત્ર આદિ ગુણોના વિકાસને લીધે આત્મા એ હીન અવસ્થાથી નીકળે છે અને ધીમે ધીમે તે શક્તિઓના વિકાસ પ્રમાણે ઉત્ક્રાન્તિ કરતો કરતો વિકાસની પૂર્ણ કળા – છેલ્લી હદ – સુધી પહોંચી જાય છે. શરૂઆતની તદ્દન નિકૃષ્ટ અવસ્થાથી નીકળી વિકાસની છેલ્લી હદને પ્રાપ્ત કરવી એ જ આત્માનું પરમ સાધ્ય છે. એ પરમ સાધ્યની સિદ્ધિ થાય ત્યાં સુધી આત્માને એક પછી બીજી અને બીજી પછી ત્રીજી એવી અનેક ક્રમિક અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે. એ અવસ્થાઓની શ્રેણિ 'વિકાસક્રમ' અથવા 'ઉત્ક્રાન્તિ માર્ગ' કહેવાય છે. જૈન પરિભાષામાં તેને 'ગુણસ્થાનક્રમ' કહેવામાં આવે છે; એ વિકાસક્રમ વખતની આત્માની ભિન્ન ભિન્ન અવસ્થાઓનો સંક્ષેપ ચૌદ ભાગોમાં કરવામાં આવ્યો છે, જે ચૌદ ગુણસ્થાનના નામથી પ્રસિદ્ધ છે. દિગંબર સાહિત્યમાં 'ગુણસ્થાન'ના અર્થમાં સંક્ષેપ, ઓઘ, સામાન્ય અને જીવસમાસ એવા શબ્દોનો પણ પ્રયોગ દેખાય છે. ચૌદ ગુણસ્થાનમાં પહેલાની અપેક્ષાએ બીજામાં, બીજાની અપેક્ષાએ ત્રીજામાં એમ પૂર્વ પૂર્વના ગુણસ્થાન કરતાં ઉપર ઉપરના ગુણસ્થાનમાં વિકાસની માત્રા વધારે હોય છે. વિકાસની વધઘટ નિયમનો આધાર આત્મિક સ્થિરતાની વધઘટ ઉપર છે. સ્થિરતા, સમાધિ, અંતર્દષ્ટિ, સ્વભાવરમણ અને સ્વોન્મુખતા એ બધા શબ્દોનો મતલબ એક જ છે. સ્થિરતાનું તારતમ્ય-દર્શન અને ચારિત્રશક્તિની શુદ્ધિના તારતમ્યને આભારી છે, દર્શનશક્તિનો જેટલો અધિક વિકાસ, જેટલી અધિક નિર્મળતા તેટલો

જે અધિક આવિર્ભાવ, સદ્વિશ્વાસ, સદ્‌રુચિ, સદ્‌ભક્તિ; સત્શ્રદ્ધા અથવા તો સત્યાગ્રહનો સમજવો જોઈએ. દર્શનશક્તિના વિકાસ પછી ચારિત્ર-શક્તિના વિકાસનો ક્રમ શરૂ થાય છે. જેટજેટલો ચારિત્રશક્તિનો અધિક વિકાસ તેટતેટલું ક્ષમા, સંતોષ, ગાંભીર્ય, ઇંદ્રિયજય વગેરે ચારિત્ર-ગુણોનું વિશેષ પ્રકટીકરણ સમજવું. જેમ જેમ દર્શનશક્તિ અને ચારિત્રશક્તિની વિશુદ્ધિ વધતી જાય છે તેમ તેમ સ્થિરતાનું પ્રમાણ પણ વધતું જાય છે. દર્શન અને ચારિત્રશક્તિની વિશુદ્ધિનું વધવું કે ઘટવું એ તે શક્તિઓના અવરોધક સંસ્કારોની ન્યૂનતા, અધિકતા, મંદતા કે તીવ્રતા ઉપર અવલંબિત છે. પહેલા ત્રણ ગુણસ્થાનોમાં દર્શનશક્તિ અને ચારિત્રશક્તિનો વિકાસ એટલા માટે નથી થતો કે તેમાં તે શક્તિઓને અવરોધનાર સંસ્કારોની અધિકતા કે તીવ્રતા રહે છે. ચોથા વગેરે ગુણસ્થાનોમાં તે જ પ્રતિબંધક સંસ્કારો મંદ થઈ જાય છે, તેથી તે ગુણસ્થાનોમાં એ શક્તિઓના વિકાસનો આરંભ થઈ જાય છે.

એ અવરોધક સંસ્કારો (કષાયો)ના સ્થૂલ દૃષ્ટિથી ચાર વિભાગ કરેલા છે. એ વિભાગો તે કાષાયિક સંસ્કારોની વિપાકશક્તિના તરતમ-ભાવને આશ્રી કરવામાં આવેલા છે, તેમાંથી પહેલો વિભાગ જે દર્શનશક્તિનો અવરોધક છે એને દર્શનમોહ તથા અનંતાનુબન્ધી કહે છે, બાકીના ત્રણ વિભાગો ચારિત્રશક્તિના અવરોધક છે તેને અનુક્રમે અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન કહે છે.

પહેલા વિભાગની તીવ્રતા ઓછા વધતા પ્રમાણમાં ત્રણ ગુણસ્થાનો (ભૂમિકાઓ) સુધી રહે છે, એથી પહેલા ત્રણ ગુણસ્થાનોમાં દર્શન-શક્તિના આવિર્ભાવનો સંભવ નથી હોતો. કષાયના એ પહેલા ભાગની અલ્પતા, મંદતા અથવા અભાવ થતાં જ દર્શનશક્તિ પ્રકટ થાય છે, એ જ વખતે આત્માની દૃષ્ટિ ઊઘડે છે. દૃષ્ટિના એ ઉન્મેષને વિવેકખ્યાતિ, પ્રકૃતિપુરુષાન્યતાસાક્ષાત્કાર અને બ્રહ્મજ્ઞાન પણ કહે છે. એ શુદ્ધ દૃષ્ટિથી

આત્મા જડ-ચેતનનો ભેદ વગર સંદેહે જાણી લે છે, એ તેના વિકાસક્રમની ચોથી ભૂમિકા છે. એ ભૂમિકાથી તે અંતર્દષ્ટિ બની જાય છે અને આત્મ-મંદિરમાં વર્તમાન તાત્ત્વિક પરમાત્મ સ્વરૂપનું દર્શન કરે છે. પહેલી ત્રણ ભૂમિકાઓમાં દર્શનમોહ અને અનંતાનુબંધી નામના કષાયના સંસ્કારોની પ્રબળતાને લીધે આત્મા પોતાના પરમાત્મભાવને જોઈ શકતો નથી; તે વખતે તે બહિર્દષ્ટિ હોય છે. દર્શનમોહ આદિ સંસ્કારોના વેગને કારણે તે સમયે તેની દૃષ્ટિ એટલી અસ્થિર અને ચંચલ બની જાય છે કે જેનાથી તે પોતામાં જ વર્તતા પરમાત્માસ્વરૂપ કે ઈશ્વરત્વનું દર્શન કરી શકતો નથી, ઈશ્વરત્વ તો અંદર જ રહેલું છે, પરન્તુ તે છે અત્યંત સૂક્ષ્મ, તેથી સ્થિર કે નિર્મલ બુદ્ધિથી જ તેનું દર્શન કરી શકાય છે. ચોથી ભૂમિકાને – ચોથા ગુણસ્થાનને – પરમાત્મભાવનું કે ઈશ્વરત્વના દર્શનનું દ્વાર કહેવું જોઈએ, અને એટલી હદ સુધી પહોંચેલા આત્માને અંતરાત્મા કહેવો જોઈએ. તેનાથી ઊલટું પહેલી ત્રણ ભૂમિકાઓમાં વર્તતા આત્માને બહિરાત્મા કહેવો જોઈએ, કારણ કે એ વખતે તે બહારની વસ્તુઓમાં જ આત્મત્વની ભ્રાન્તિથી અહીંથી તહીં દોડ્યા કરે છે. ચોથી ભૂમિકામાં દર્શનમોહ તથા અનન્તાનુબન્ધી સંસ્કારોનો વેગ તો નથી રહેતો પરન્તુ ચારિત્રશક્તિને રોકનાર સંસ્કારોનો વેગ અવશ્ય રહે છે. તેમાંથી અપ્રત્યાખ્યાનાવરણ સંસ્કારનો વેગ ચોથી ભૂમિકાથી આગળ નથી વધતો. એથી પાંચમી ભૂમિકામાં ચારિત્રશક્તિનો પ્રાથમિક વિકાસ થાય છે. જેથી તે વખતે આત્મા ઇંદ્રિયજય, યમ, નિયમ આદિ થોડોઘણો સંયમ પાળવા શક્તિમાન થાય છે. પ્રત્યાખ્યાનાવરણ સંસ્કાર – જેનો વેગ પાંચમી ભૂમિકાથી આગળ નથી – નો પ્રભાવ ઘટતાં જ ચારિત્રશક્તિનો વિકાસ વિશેષ રીતે વધે છે જેને લીધે આત્મા બાહ્ય ભોગોને છોડીને પૂરો સંન્યાસી થઈ જાય છે. એ થઈ વિકાસની છઠ્ઠી ભૂમિકા. એ ભૂમિકામાં પણ ચારિત્ર-શક્તિનો વિરોધી સંજ્વલન નામનો સંસ્કાર (કષાય) ક્યારેક ક્યારેક ઉદ્રેક પામે છે, જેનાથી ચારિત્રશક્તિનો વિકાસ દબાતો તો નથી પણ તેની

શુદ્ધિ યા સ્થિરતામાં અંતરાય આવે છે. જેવી રીતે કે વાયુના વેગથી દીપકની જ્યોતિની સ્થિરતા અને વિશેષતામાં. આત્મા જ્યારે સંજ્વલનનામના સંસ્કારોને દબાવે છે ત્યારે ઉત્ક્રાન્તિમાર્ગની સાતમી આદિ ભૂમિકાઓને ઉલ્લંઘી અગિયારમી-બારમી આદિ ભૂમિકા સુધી પહોંચી જાય છે. બારમી ભૂમિકામાં દર્શનશક્તિ અને ચારિત્રશક્તિના વિરોધી સંસ્કારો સર્વ પ્રકારે નાશ પામે છે, જેથી એ બન્ને શક્તિઓ પૂર્ણ વિકસિત થઈ જાય છે. છતાં ય તે અવસ્થામાં શરીરનો સંબંધ રહેવાને લીધે આત્માની સ્થિરતા પરિપૂર્ણ થવા પામતી નથી. તે ચૌદમી ભૂમિકામાં સર્વથા પૂર્ણ થઈ જાય છે અને શરીરનો વિયોગ થયા પછી તે સ્થિરતા, તે ચારિત્રશક્તિ પોતાના યથાર્થરૂપમાં વિકસિત થઈને હંમેશાં એક સરખી જ રહે છે. એને જ મોક્ષ કહે છે. મોક્ષ કાંઈ બહારથી નથી આવતો, તે તો આત્માની સમગ્ર શક્તિઓનો સંપૂર્ણ આવિષ્કાર એ જ છે.

"मोक्षस्य नहि वासोऽस्ति न ग्रामान्तरमेव च।
अज्ञानहृदयग्रन्थिनाशो मोक्ष इति स्मृतः॥"

(शिवगीता, १३, ३२)

એ જ વિકાસની પરાકાષ્ઠા, એ જ પરમાત્મભાવનો અભેદ, એ જ ચોથી ભૂમિકામાં દેખાયેલ ઈશ્વરત્વનું તાદાત્મ્ય, એ જ વેદાન્તિઓનો બ્રહ્મભાવ, એ જ જીવનું શિવ થવું ને એ જ ઉત્ક્રાન્તિમાર્ગનું અંતિમ સાધ્ય. આ સાધ્ય સુધીમાં પહોંચવા માટે આત્માને વિરોધી સંસ્કારોની સાથે લડતાં ઝગડતાં, તેને દબાવતાં ઉત્ક્રાન્તિમાર્ગની જે જે ભૂમિકાઓ ઉપર આવવું પડે છે તે જ ભૂમિકાઓના ક્રમને 'ગુણસ્થાનક્રમ' સમજવો જોઈએ, આ ગુણસ્થાનનું સામાન્ય સ્વરૂપ છે.

□

# ગુણસ્થાનનું વિશેષ સ્વરૂપ

## વ્યાખ્યા

ગુણો (આત્મશક્તિઓ)નાં સ્થાનોને અર્થાત્ વિકાસની ક્રમિક અવસ્થાઓને ગુણસ્થાન કહે છે. જૈનશાસ્ત્રમાં ગુણસ્થાન એ પારિભાષિક શબ્દની મતલબ આત્મિક શક્તિઓના આવિર્ભાવની ચઢતી-ઊતરતી અવસ્થાઓ એ છે. આત્માનું વાસ્તવિક સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્ય અને પૂર્ણાનંદમય છે. પણ તેના ઉપર જ્યાં સુધી તીવ્ર આવરણરૂપ ઘન વાદળોની ઘટા છવાયેલી હોય ત્યાં સુધી તેનું અસલી સ્વરૂપ દેખાતું નથી. પરંતુ આવરણો ક્રમશઃ શિથિલ થવાથી અથવા નષ્ટ થવાથી તેનું અસલ સ્વરૂપ પ્રકટ થાય છે. જ્યારે આવરણોની તીવ્રતા વધારેમાં વધારે હોય ત્યારે આત્મા પ્રાથમિક અવસ્થામાં અર્થાત્ તદ્દન અવિકસિત અવસ્થામાં પડ્યો રહે છે. અને જ્યારે આવરણ બિલકુલ નાશ પામી જાય છે ત્યારે આત્મા વિકાસની ચરમ અવસ્થામાં અર્થાત્ શુદ્ધ સ્વરૂપની પૂર્ણતામાં વર્તતો થઈ જાય છે. જેમ જેમ આવરણોની તીવ્રતા ઓછી થતી જાય છે, તેમ તેમ આત્મા પણ પૂર્વ પૂર્વની અવસ્થાઓ મૂકીને ધીમે ધીમે શુદ્ધ સ્વરૂપને પામતો પામતો ચરમ અવસ્થા તરફ પ્રગતિ કરતો જાય છે. પ્રગતિ કરતી વખતે આ બે અવસ્થાઓની વચમાં તેને અનેક ચઢતી-ઊતરતી અવસ્થાઓનો અનુભવ કરવો પડે છે. પ્રથમ અવસ્થાને અવિકાસની અથવા તો અધઃપતનની પરાકાષ્ઠા અને ચરમ અવસ્થાને વિકાસની અથવા ઉત્ક્રાંતિની પરાકાષ્ઠા સમજવી જોઈએ. આ વિકાસક્રમની મધ્યવર્તી બધી અવસ્થાઓને અપેક્ષાએ ઉન્નત પણ કહી શકાય અને અવનત પણ કહી શકાય, અર્થાત્ મધ્યવર્તી કોઈ પણ અવસ્થાને પોતાનાથી ઉપરની

અવસ્થાની અપેક્ષાએ અવનત અને નીચેની અવસ્થાની અપેક્ષાએ ઉન્નત પણ કહી શકાય. વિકાસને માર્ગે પ્રગતિ કરતો આત્મા વસ્તુતઃ ઉપર કહેલ પ્રકારની સંખ્યાતીત આધ્યાત્મિક ભૂમિકાઓનો અનુભવ કરે છે. પણ જૈનશાસ્ત્રમાં સંક્ષેપમાં વર્ગીકરણ કરીને તેના ૧૪ વિભાગ કરવામાં આવ્યા છે, જે ચૌદ ગુણસ્થાન કહેવાય છે.

## ગુણસ્થાનની કલ્પનાનો આધાર

કર્મનાં બધાં આવરણોમાં મોહનું આવરણ પ્રધાન છે; અર્થાત્ જ્યાં સુધી મોહ તીવ્ર અને બલવાન હોય ત્યાં સુધી બીજાં બધાં આવરણો તીવ્ર અને બલવાન રહેવાનાં જ. તેથી ઊલટું મોહ નિર્બળ થાય છે કે તરત જ અન્ય આવરણોની પણ તેવી જ દશા થાય છે. તેથી આત્માને વિકાસ કરવામાં મુખ્ય બાધક મોહની પ્રબલતા અને મુખ્ય સહાયક મોહની નિર્બળતા સમજવી જોઈએ. આ કારણથી ગુણસ્થાનની અર્થાત્ વિકાસક્રમગત અવસ્થાઓની કલ્પના મોહશક્તિની ઉત્કટતા, મંદતા તથા અભાવ ઉપર અવલંબેલી છે.

## મોહની બે શક્તિઓનું કાર્ય અને તેનું બલાબલ

મોહની પ્રધાન શક્તિઓ બે છે, એમાંની પહેલી શક્તિ આત્માને દર્શન કરતાં અર્થાત્ સ્વરૂપ પરરૂપનો નિર્ણય અથવા જડ-ચેતનનો વિવેક કરતાં અટકાવે છે; અને બીજી શક્તિ વિવેક પ્રાપ્ત કર્યા છતાં પણ આત્માને તદનુસાર પ્રવૃત્તિ કરતાં અર્થાત્ અધ્યાસ (પરપરિણતિ)-થી છૂટી સ્વરૂપ પ્રાપ્ત કરતાં અટકાવે છે. વ્યવહારમાં ડગલે ને પગલે જોવામાં આવે છે કે કોઈ પણ વસ્તુનું યથાર્થ દર્શન (બોધ) થયા પછી જ એ વસ્તુને પ્રાપ્ત કરવાનો કે તજવાનો પ્રયત્ન કરવામાં આવે છે, અને તે જ સફળ થાય છે. આધ્યાત્મિક વિકાસગામી આત્મા માટે પણ મુખ્ય બે જ કાર્ય છે. પ્રથમ સ્વરૂપ તથા પરરૂપનું યથાર્થ

દર્શન (ભેદજ્ઞાન) કરવું અને બીજું સ્વરૂપમાં સ્થિત થવું. એમાંથી પહેલા કાર્યને રોકનાર મોહની શક્તિ 'દર્શનમોહ'ને નામે અને બીજા કાર્યને રોકનાર મોહની શક્તિ 'ચારિત્રમોહ'ને નામે જૈનશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. બીજી શક્તિ પહેલી શક્તિની અનુગામિની છે; અર્થાત્ જ્યાં સુધી પહેલી શક્તિ પ્રબલ હોય ત્યાં સુધી બીજી શક્તિ ક્યારે પણ નિર્બળ થતી નથી, અને જ્યારે પહેલી શક્તિ મંદ મંદતર અને મંદતમ થાય છે, ત્યારે બીજી શક્તિ પણ અનુક્રમે તેવી જ થવા લાગે છે. અથવા એમ જ કહો કે એક વાર આત્મા સ્વરૂપ દર્શન કરી લે તો તેને સ્વરૂપની પ્રાપ્તિ કરવાનો માર્ગ મળી જ જાય છે.

## પહેલું ગુણસ્થાન

અવિકસિત અથવા સર્વથા અધઃપતિત આત્માની અવસ્થા પ્રથમ ગુણસ્થાન છે. એમાં ઉપર કહેલ મોહની બન્ને શક્તિઓ પ્રબલ હોવાને કારણે આત્માની આધ્યાત્મિક સ્થિતિ બિલકુલ પતિત થએલી હોય છે. આત્મા એ ભૂમિકા વખતે આધિભૌતિક ઉત્કર્ષ ભલે ગમે તેટલો કરી લે પણ તેની પ્રવૃત્તિ તાત્ત્વિક લક્ષ્યથી સર્વ પ્રકારે શૂન્ય હોય છે. જેવી રીતે દિશાભ્રમવાળો મનુષ્ય પૂર્વને પશ્ચિમ માનીને ગતિ કરે છે અને પોતાના ઇષ્ટ સ્થાનમાં નથી પહોંચતો, તેની બધી મહેનત એક રીતે નિષ્ફળ જ જાય છે, તેવી રીતે પ્રથમ ભૂમિકાવાળો આત્મા પરરૂપને સ્વરૂપ સમજી તેને જ પ્રાપ્ત કરવા માટે દર ક્ષણે ઉત્સુક રહે છે અને વિપરીત દર્શન અથવા મિથ્યાદૃષ્ટિના કારણભૂત રાગ-દ્વેષના પ્રબલ આઘાતોનો પાત્ર બનીને તાત્ત્વિક સુખથી વંચિત રહે છે એ જ ભૂમિકાને જૈનશાસ્ત્રમાં બહિરાત્મભાવ અથવા 'મિથ્યાદર્શન' કહ્યું છે. એ ભૂમિકામાં જેટલા આત્મા વર્તમાન હોય છે તે બધાની આધ્યાત્મિક સ્થિતિ એક પ્રકારની નથી હોતી. અર્થાત્ બધાની ઉપર સમાન રીતે મોહની બન્ને શક્તિઓનું આધિપત્ય હોવા છતાં પણ

તેમાં થોડોઘણો તરતમભાવ અવશ્ય હોય છે. મોહનો પ્રભાવ કોઈ ઉપર ગાઢતમ તો કોઈ ઉપર ગાઢતર અને કોઈ ઉપર તેનાથી પણ ઓછો હોય છે.

## ગ્રંથિભેદનો ક્રમ અને તેની વિષમતા

વિકાસ કરવો એ પ્રાયઃ આત્માનો સ્વભાવ છે. તેથી જાણતાં કે અજાણતાં જ્યારે તેના ઉપર મોહનો પ્રભાવ ઓછો થવા માંડે છે, ત્યારે તે આત્મા કાંઈક વિકાસની તરફ આગળ વધવા માંડે છે અને તીવ્રતમ રાગદ્વેષને કાંઈક મંદ કરતો છતો મોહની પ્રથમ શક્તિને છિન્ન-ભિન્ન કરવા યોગ્ય આત્મબળ મેળવી લે છે. એ સ્થિતિને જૈનશાસ્ત્રમાં 'ગ્રંથિભેદ[1]' કહે છે. ગ્રંથિભેદ કરવો બહુ વિષમ છે. રાગદ્વેષનું તીવ્રતમ વિષ (ગ્રંથિ) જો એક વાર શિથિલ કે છિન્નભિન્ન થઈ જાય તો પછી સમજો કે બેડો પાર જ. કારણ કે ગ્રંથિભેદ થયા પછી મોહની પ્રધાન શક્તિ (દર્શનમોહ) ને નબળી પડવામાં વાર લાગતી નથી અને એક વાર દર્શનમોહ શિથિલ થયો કે ચારિત્રમોહની શિથિલતાનો માર્ગ સ્વાભાવિક રીતે જ ખુલ્લો થવા લાગે છે. એક તરફ રાગદ્વેષ પોતાના પૂર્ણ બલનો પ્રયત્ન કરે છે અને બીજી તરફ વિકાસાભિમુખ આત્મા પણ તેના (દર્શનમોહાદિના) પ્રભાવને ઘટાડવા માટે પોતાના વીર્ય (બલ)નો પ્રયોગ કરે છે. આ આધ્યાત્મિક યુદ્ધમાં એટલે માનસિક વિકાર અને આત્માની લડાઈમાં ક્યારેક એક તો ક્યારેક બીજો વિજય મેળવે છે. અનેક આત્માઓ એવા પણ હોય છે કે જેઓ લગભગ ગ્રંથિભેદ કરવા લાયક બલ મેળવીને પણ અંતમાં રાગદ્વેષના તીવ્ર પ્રહારોથી ઘાયલ થઈ અથવા તેનાથી હાર ખાઈને પાછા પોતાની પ્રથમની સ્થિતિમાં આવી જાય છે અને અનેક વાર પ્રયત્ન કર્યા છતાં પણ રાગદ્વેષ ઉપર વિજય મેળવી શકતા નથી. અનેક આત્માઓ તો એવા પણ હોય છે કે જેઓ નથી હાર ખાઈને પાછા પડતા કે નથી વિજય મેળવી શકતા. પરન્તુ તેઓ લાંબા કાળ સુધી તે આધ્યાત્મિક

યુદ્ધની સ્થિતિમાં જ પડયા રહે છે. કોઈ કોઈ આત્માઓ એવા પણ હોય છે કે જેઓ પોતાની શક્તિનો યથોચિત પ્રયોગ કરીને આધ્યાત્મિક યુદ્ધમાં રાગદ્વેષ ઉપર વિજય મેળવી જ લે છે. કોઈ પણ માનસિક વિકાર સાથેના યુદ્ધમાં આ ત્રણ અવસ્થાઓનો અર્થાત્ ક્યારેક હાર ખાઈને પાછા પડવાનો, ક્યારેક હરીફાઈમાં ટકયા રહેવાનો અને ક્યારેક વિજય મેળવવાનો અનુભવ આપણને ઘણું કરીને હંમેશાં થયા જ કરે છે. એ જ સંઘર્ષ કહેવાય છે. સંઘર્ષ વિકાસનું કારણ છે. વિદ્યા, ધન કે કીર્તિ કોઈ પણ લૌકિક ઇષ્ટ વસ્તુ હોય તો તેને મેળવવામાં પણ અચાનક અનેક વિઘ્ન ઉપસ્થિત થાય છે અને તે વિઘ્નો સાથેના યુદ્ધમાં ઉપર કહેલી ત્રણ અવસ્થાઓનો અનુભવ ઘણું કરીને દરેકને થાય છે. કોઈ વિદ્યાર્થી, કોઈ ધનાર્થી કે કોઈ કીર્તિકાંક્ષી જ્યારે પોતાના ઇષ્ટ માટે પ્રયત્ન કરે છે ત્યારે તે વચમાં અનેક મુશ્કેલીઓ જોઈ કાં તો પ્રયત્ન છોડી જ દે છે; અથવા તો મુશ્કેલીને વટાવી તે ઇષ્ટપ્રાપ્તિના માર્ગમાં આગળ વધે છે. જે આગળ વધે છે તે મોટો વિદ્વાન, મોટો ધનવાન અથવા તો મોટો કીર્તિશાલી બની જાય છે. અને જે મુશ્કેલીઓથી ડરી પાછો ભાગે છે તે પામર, અજ્ઞાન, નિર્ધન અથવા કીર્તિહીન રહી જાય છે. પરંતુ જે નથી મુશ્કેલીઓને જીતી શકતો કે નથી તેનાથી હાર ખાઈને પાછો ભાગતો તે સાધારણ સ્થિતિમાં પડયો રહે છે અને કાંઈ ધ્યાન ખેંચે એવું કામ કરી શકતો નથી.

## ગ્રંથિભેદની વિષમતાને સમજાવનાર દષ્ટાંત

આ ભાવને સમજાવવા માટે શાસ્ત્રમાં[૨] એક એવું દષ્ટાંત આપેલું છે કે ત્રણ પ્રવાસીઓ કોઈ ઠેકાણે જતા હતા. વચમાં ભયાનક ચોરોને દેખતાં જ ત્રણમાં એક તો ભાગી ગયો. બીજો તે ચોરોથી ડરી ભાગ્યો તો નહિ પણ તે તેઓ દ્વારા પકડાઈ ગયો. ત્રીજો તો અસાધારણ બળ તથા કુશળતાથી તે ચોરોને હરાવીને આગળ વધી ગયો. માનસિક

વિકારોની સાથે આધ્યાત્મિક યુદ્ધ કરવામાં જે જય-પરાજય થાય છે તેનો થોડોઘણો ખ્યાલ આ દૃષ્ટાંતથી આવી શકે તેમ છે.

## પહેલા ગુણસ્થાનની અંતિમ સ્થિતિનું તથા આઠ દૃષ્ટિઓનું સંક્ષિપ્ત વર્ણન

પ્રથમ ગુણસ્થાનમાં રહેનાર વિકાસગામી એવા અનેક આત્માઓ હોય છે કે જેઓએ રાગદ્વેષના તીવ્રતમ વેગને થોડો દબાવેલો હોય છે, પણ મોહની પ્રધાનશક્તિને અર્થાત્ દર્શનમોહને નબળો પાડેલ નથી હોતો. તેથી જોકે તેઓ આધ્યાત્મિક લક્ષ્યને સર્વથા અનુકૂલગામી નથી હોતા, છતાં તેઓનો બોધ કે ચારિત્ર અન્ય અવિકસિત આત્માઓની અપેક્ષાએ સુંદર જ હોય છે. જોકે એવા આત્માઓની આધ્યાત્મિક દૃષ્ટિ સર્વાંશે આત્માભિમુખ ન હોવાને લીધે વસ્તુતઃ તે મિથ્યાદૃષ્ટિ, વિપરિતદૃષ્ટિ અથવા અસત્‌દૃષ્ટિ જ કહેવાય છે. છતાં એ સદ્‌દૃષ્ટિની સમીપ લઈ જનાર હોવાથી તેને સ્વીકારવા યોગ્ય માનવામાં આવી છે.[3]

બોધ, વીર્ય અને ચારિત્રના ઓછા-વધતાપણાને ધ્યાનમાં રાખી અસત્‌દૃષ્ટિના ચાર ભેદ કરીને મિથ્યાદૃષ્ટિગુણસ્થાનની અંતિમ અવસ્થાનું શાસ્ત્રમાં બહુ સુંદર ચિત્ર ખેંચવામાં આવ્યું છે. તે ચાર દૃષ્ટિઓમાં જે વર્તમાન હોય છે તેને પછી સદ્‌દૃષ્ટિ પ્રાપ્ત કરવામાં વાર લાગતી નથી.

સદ્‌બોધ, સદ્‌વીર્ય અને સચ્ચારિત્રના તરતમભાવ ઉપરથી સદ્‌દૃષ્ટિના[4] પણ શાસ્ત્રમાં ચાર વિભાગ કરવામાં આવ્યા છે. જેમાં મિથ્યાદૃષ્ટિને ત્યજીને કે મોહની ઉક્ત એક યા બન્ને શક્તિઓને જીતી આગળ વધેલા સર્વ વિકસિત આત્માઓનો સમાવેશ થઈ જાય છે. એ જ વસ્તુ ટૂંકમાં બીજી રીતે એમ પણ સમજાવી શકાય કે જેમાં આત્માનું સ્વરૂપ યથાર્થપણે જ્ઞાત થયું હોય અને તેની પ્રાપ્તિ માટે મુખ્યપણે પ્રવૃત્તિ થતી હોય તે સદ્‌દૃષ્ટિ. તેથી ઊલટું એટલે જેમાં આત્માનું સ્વરૂપ ન તો યથાર્થ રીતે જણાયું હોય અને ન તો તેની

પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ થતી હોય તે અસત્દૃષ્ટિ. શાસ્ત્રમાં બોધ, વીર્ય અને ચારિત્રના તરતમભાવને લક્ષ્યમાં રાખીને બન્ને દૃષ્ટિઓના ચાર ચાર વિભાગ કરવામાં આવ્યા છે, જેમાં સર્વ વિકાસશીલ આત્માઓનો સમાવેશ થઈ જાય છે. તેમજ જેનું વર્ણન વાંચતાં જ આધ્યાત્મિક વિકાસનું સ્વરૂપ આંખ સામે ખડું થાય છે.[૫]

## ત્રણ કરણનું સ્વરૂપ

શારીરિક અને માનસિક દુઃખોની સંવેદનાને લીધે અજાણપણે જ ગિરિ-નદી-પાષાણ[૬] ન્યાયથી જ્યારે આત્મા ઉપરનું કર્માવરણ કાંઈક શિથિલ થાય છે અને તેને લીધે તેના અનુભવ તથા વીર્યોલ્લાસની માત્રા કાંઈક વધે છે, ત્યારે તે વિકાસગામી આત્માનાં પરિણામોની શુદ્ધિ અને કોમલતા કાંઈક વધે છે, જેને લીધે તે રાગદ્વેષની તીવ્રતમ અર્થાત્ દુર્ભેદ ગ્રંથિને તોડવાની યોગ્યતા ઘણે અંશે પ્રાપ્ત કરી લે છે. એ અણસમજ્યા દુઃખના અનુભવથી ઉત્પન્ન થએલ અતિઅલ્પ આત્મશુદ્ધિને જૈનશાસ્ત્રમાં 'યથાપ્રવૃત્તિકરણ' કહેવામાં આવ્યું છે.[૭] ત્યાર બાદ વળી જ્યારે આત્મશુદ્ધિ તથા વીર્યોલ્લાસની માત્રા થોડી વધે છે ત્યારે રાગદ્વેષની દુર્ભેદ ગ્રંથિનું ભેદન કરી શકાય છે. એ ગ્રંથિભેદ કરનાર આત્મશુદ્ધિને 'અપૂર્વકરણ'[૮] કહેવામાં આવે છે.

કારણ કે એવું કરણ અર્થાત્ પરિણામ[૯] વિકાસગામી આત્માને અપૂર્વ અર્થાત્ પ્રથમ જ પ્રાપ્ત થએલ હોય છે. તેના પછી આત્મશુદ્ધિ તથા વીર્યોલ્લાસનું પ્રમાણ કાંઈક વધે છે ત્યારે આત્મા મોહની પ્રધાન-શક્તિ અર્થાત્ દર્શનમોહ ઉપર જરૂર વિજય મેળવે છે. જૈનશાસ્ત્રમાં એ વિજય કરનારી આત્મશુદ્ધિને 'અનિવૃત્તિકરણ'[૧૦] કહેવામાં આવેલ છે. કારણ કે તે આત્મશુદ્ધિ થઈ ગયા પછી આત્મા દર્શનમોહ ઉપર વિજય મેળવ્યા વિના નથી જ રહેતો; અર્થાત્ તે પાછળ નથી હઠતો. ઉપર કહેલી ત્રણ પ્રકારની આત્મશુદ્ધિઓમાં બીજી અર્થાત્ અપૂર્વકરણ

નામની શુદ્ધિ જ અત્યંત દુર્લભ છે. કારણ કે રાગદ્વેષના તીવ્રતમ વેગને રોકવાનું અતિકઠિન કાર્ય તેના જ દ્વારા કરી શકાય છે; કે જે સહેલું નથી. એક વાર એ કાર્યમાં સફળતા મળી ગયા પછી ભલે વિકાસગામી આત્મા, ઉપરની કોઈ પણ ભૂમિકાથી પડી જાય તોપણ તે ફરી ક્યારેક ને ક્યારેક પોતાના લક્ષ્યને અર્થાત્ આધ્યાત્મિક પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કરી જ લે છે. એ આધ્યાત્મિક પરિસ્થિતિનું કાંઈક સ્પષ્ટીકરણ અનુભવસિદ્ધ વ્યાવહારિક દૃષ્ટાંત દ્વારા કરી શકાય તેમ છે.

## કરણોના બળાબળને સમજવા માટે દૃષ્ટાંત

જેમ કે એક એવું કપડું છે કે જેમાં મેલ ઉપરાંત ચીકાશ પણ લાગેલી હોય, એ કપડાનો ઉપર ઉપરનો મેલ દૂર કરવામાં એટલી મુશ્કેલી કે પરિશ્રમ નથી પડતો જેટલાં ચીકાશ દૂર કરવામાં પડે છે. જો એક વાર ચીકાશ કાઢી શકાય તો પછી બાકી રહેલો મેલ અગર તો કોઈ કારણસર ફરી વળગેલ ધૂળ દૂર કરવામાં વધારે મહેનત નથી પડતી અને કપડાને સરળતાથી એના વાસ્તવિક શુદ્ધ રૂપમાં મૂકી શકાય છે. ઉપર ઉપરનો મેલ દૂર કરવા માટે જેટલું બળ જરૂરનું છે તેના જેવું યથાપ્રવૃત્તિકરણ છે. ચીકાશ દૂર કરવામાં જરૂરી એવા વિશેષબળ અને શ્રમ જેવું અપૂર્વકરણ છે, કે જે ચીકાશના જેવી રાગદ્વેષની તીવ્રતમ ગાંઠને નબળી પાડે છે. બાકી રહેલ મેલને અથવા ચીકાશ દૂર થયા પછી ફરી લાગેલ મેલને કમી કરનાર બલપ્રયોગ જેવું અનિવૃત્તિકરણ છે. ઉક્ત ત્રણે પ્રકારના બલપ્રયોગોમાં ચીકાશને દૂર કરનાર બલપ્રયોગ જ મહત્ત્વનો છે.

અથવા જેવી રીતે કોઈ રાજાએ પોતાની રક્ષા માટે પોતાના અંગરક્ષકોને ત્રણ વિભાગમાં વહેંચી રાખેલા હોય; જેમાં બીજો વિભાગ બાકીના બે વિભાગોથી અધિક બળવાન હોય, એટલે તેને જીતવામાં વિશેષ બલ વાપરવું પડે છે. તેવી જ રીતે [illegible]

તેના રક્ષક રાગદ્વેષના તીવ્રસંસ્કારોને શિથિલ કરવા માટે વિકાસગામી આત્માને ત્રણ વાર બલ વાપરવું પડે છે. જેમાં બીજી વાર વપરાતું બલ કે જે રાગદ્વેષની અત્યંત તીવ્રતારૂપ ગાંઠને ભેદવા સમર્થ હોય છે, તેને જ બાકીનાં બે બળો કરતાં ચડીઆતું સમજવું. જેવી રીતે પૂર્વોક્ત ત્રણે દલોમાં વધારે બલવાન બીજું અંગરક્ષકદલ જીતાઈ ગયા બાદ તે રાજાનો પરાજય સહેલાઈથી થઈ જાય છે તેવી જ રીતે રાગદ્વેષની અત્યંત તીવ્રતાને મીટાવી દીધા પછી દર્શનમોહ ઉપર વિજય મેળવવો સહેલ છે. દર્શનમોહ જીતાયો કે પ્રથમ ગુણસ્થાનની સમાપ્તિ થઈ.

## ચોથું ગુણસ્થાન

એમ થતાં જ વિકાસગામી આત્મા સ્વરૂપનું દર્શન કરી લે છે. અર્થાત્ તેની અત્યાર સુધી જે પરરૂપમાં સ્વરૂપની ભ્રાંતિ હતી તે દૂર થઈ જાય છે. એ જ કારણથી તેના પ્રયત્નની ગતિ ઊલટી ન રહેતાં સીધી થઈ જાય છે અર્થાત્ તે વિવેકી થઈ કર્તવ્યાકર્તવ્યનો વાસ્તવિક ભેદ પારખી લે છે. એ દશાને જૈનશાસ્ત્રમાં 'અન્તરાત્મભાવ' કહેવામાં આવે છે. કારણ કે એ દશાને પ્રાપ્ત કરી વિકાસગામી આત્મા પોતાની અંદર વર્તતા સૂક્ષ્મ અને સ્વભાવશુદ્ધ પરમાત્મભાવને દેખવા લાગે છે અર્થાત્ અંતરાત્મભાવ એ આત્મમંદિરનું ગર્ભદ્વાર છે કે જેમાં પ્રવેશ કરીને તે મંદિરમાં વર્તતા પરમાત્મભાવરૂપ નિશ્ચયદેવનું દર્શન કરી શકાય છે.

એ દશા વિકાસક્રમની ચોથી ભૂમિકા અર્થાત્ ચોથું ગુણસ્થાન છે, જેને પામી આત્મા પહેલવહેલો જ આધ્યાત્મિક શાંતિ અનુભવે છે. એ ભૂમિકામાં આધ્યાત્મિક દૃષ્ટિ યથાર્થ (આત્મસ્વરૂપાભિમુખ) હોવાને લીધે વિપર્યાસરહિત હોય છે. તેથી એને જૈન શાસ્ત્રમાં સમ્યગ્દૃષ્ટિ અથવા સમ્યક્ત્વ કહેલ છે.[૧૧]

ચોથી પછીની અર્થાત્ પાંચમી આદિ બધી ભૂમિકાઓ સમ્યગ્દષ્ટિવાળી જ સમજવી જોઈએ; કારણ કે તેમાં વિકાસ તથા દૃષ્ટિની શુદ્ધિ ઉત્તરોત્તર વધતી જ જાય છે. ચોથા ગુણસ્થાનમાં સ્વરૂપનું દર્શન થવાથી આત્માને અપૂર્વ શાંતિ મળે છે અને તેને વિશ્વાસ થાય છે કે હવે મારો સાધ્યવિષયક ભ્રમ દૂર થયો; અર્થાત્ તે સમજે છે કે અત્યાર સુધી હું જે પૌદ્ગલિક અને બાહ્ય સુખ માટે તલસી રહ્યો હતો તે સુખ પરિણામે નીરસ, અસ્થિર અને તેથી જ પરિમિત છે. પરિણામે સુંદર, સ્થિર તથા અપરિમિત સુખ તો સ્વરૂપની પ્રાપ્તિમાં જ છે. ત્યારે તે વિકાસગામી આત્મા સ્વરૂપસ્થિતિ માટે પ્રયત્ન કરવા માંડે છે.

## પાંચમું ગુણસ્થાન

મોહની પ્રધાનશક્તિ અર્થાત્ દર્શનમોહને શિથિલ કરીને સ્વરૂપદર્શન કરી લીધા પછી પણ જ્યાં સુધી તેની બીજી શક્તિ અર્થાત્ ચારિત્રમોહને શિથિલ કરી ન શકાય ત્યાં સુધી સ્વરૂપસ્થિતિ પ્રાપ્ત થતી નથી. એ માટે તે આત્મા મોહની બીજી શક્તિને મંદ કરવા પ્રયાસ કરે છે. જ્યારે તે એ શક્તિને લેશમાત્ર શિથિલ કરે છે ત્યારે તેની વિશેષ ઉત્ક્રાંતિ થઈ જાય છે. એમાં અંશમાત્ર સ્વરૂપસ્થિરતા (પરપરિણતિનો ત્યાગ) હોવાથી ચોથી ભૂમિકા કરતાં વધારે શાંતિ સાંપડે છે એ દેશવિરતિ નામનું પાંચમું ગુણસ્થાન કહેવાય છે.

## છઠ્ઠું ગુણસ્થાન

પાંચમા ગુણસ્થાનમાં વિકાસગામી આત્માને એમ વિચાર થવા લાગે છે કે જો અલ્પ ત્યાગથી જ આટલી અધિક શાંતિ મળી તો પછી સર્વવિરતિ અર્થાત્ જડભાવોના સર્વથા ત્યાગથી કેટલી વધારે શાંતિ મળે? એ વિચારથી પ્રેરાઈ તેમજ પ્રાપ્ત થયેલ આધ્યાત્મિક શાંતિના અનુભવથી બલવાન થઈને તે વિકાસગામી આત્મા ચારિત્રમોહને

વધારે શિથિલ કરી પહેલાં કરતાં પણ વિશેષ સ્વરૂપસ્થિરતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. એ પ્રયત્નમાં સફળ થતાં જ તેને સર્વવિરતિ સંયમ પ્રાપ્ત થાય છે. જેમાં પૌદ્‌ગલિક ભાવો ઉપર મૂર્છા બિલકુલ રહેતી નથી અને તેનો બધો વખત સ્વરૂપને પ્રકટ કરવાના કામમાં જ વ્યતીત થાય છે. એ સર્વવિરતિ નામનું છઠ્ઠું ગુણસ્થાન છે, તેમાં આત્મકલ્યાણ ઉપરાંત લોકકલ્યાણની ભાવના તેમજ તેને અનુકૂળ પ્રવૃત્તિ પણ થાય છે. જેથી કોઈ કોઈ વાર થોડોઘણો પ્રમાદ પણ થઈ જાય છે.

## સાતમું ગુણસ્થાન

જોકે વિકાસગામી આત્માને પાંચમા ગુણસ્થાન કરતાં છઠ્ઠા ગુણસ્થાનમાં સ્વરૂપનું પ્રકટીકરણ વિશેષ હોવાને લીધે આધ્યાત્મિક શાંતિ વધારે જ મળે છે. છતાં વચ્ચે વચ્ચે અનેક પ્રમાદો શાંતિ અનુભવવામાં તેને જે અડચણો નાખે છે તેને તે સહન કરી શકતો નથી. તેથી જ સર્વવિરતિથી પ્રાપ્ત થતી શાંતિની સાથે અપ્રમાદથી થતી વિશિષ્ટ શાંતિનો અનુભવ કરવાની પ્રબલ લાલસાથી પ્રેરાઈ તે વિકાસગામી આત્મા પ્રમાદનો ત્યાગ કરે છે અને સ્વરૂપની અભિવ્યક્તિને અનુકૂલ એવા મનન-ચિંતન સિવાય બીજી બધી પ્રવૃત્તિનો તે ત્યાગ કરે છે. એ જ 'અપ્રમત્તસંયત' નામનું સાતમું ગુણસ્થાન છે. એમાં એક બાજુ અપ્રમાદજન્ય ઉત્કટ સુખનો અનુભવ આત્માને તે સ્થિતિમાં રહેવા માટે ઉત્તેજે છે અને બીજી બાજુ પ્રમાદજન્ય પૂર્વ વાસનાઓ તેને પોતાની તરફ ખેંચે છે. એ ખેંચતાણમાં વિકાસગામી આત્મા કોઈ વાર પ્રમાદની તંદ્રા તો કોઈ વાર અપ્રમાદની જાગૃતિમાં અર્થાત્ છઠ્ઠે અને સાતમે ગુણસ્થાને અનેક વાર પડે અને ચડે છે. જેમ વમળમાં પડેલ લાકડું કે વંટોળીએ ચડેલ તણખલું અહીં-તહીં ચલાયમાન થાય છે તે જ પ્રકારે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાન વખતે વિકાસગામી આત્મા અસ્થિર થઈ જાય છે.

## આઠમું ગુણસ્થાન

પ્રમાદની સાથે થનાર એ આંતરિક યુદ્ધ વખતે વિકાસગામી આત્મા જો પોતાનું ચારિત્રબલ વિશેષ પ્રકાશિત કરે તો પછી તે પ્રલોભનોને વટાવી વિશેષ અપ્રમત્તપણું પ્રાપ્ત કરી લે છે. એ અવસ્થા પ્રાપ્ત કરી તે એવી શક્તિ વધારવાની તૈયારી કરે છે કે જેનાથી બાકી રહ્યાસહ્યા બધા મોહનો અંત આણી શકાય. મોહની સાથે થનાર ભાવિ યુદ્ધ માટે કરવી જોઈતી તૈયારીની આ ભૂમિકાને આઠમું ગુણસ્થાન કહેવામાં આવે છે.

## ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિનું પ્રસ્થાન

પહેલાં કદીએ ન થએલી એવી આત્મશુદ્ધિ આઠમા ગુણસ્થાનમાં પ્રાપ્ત થાય છે. જેના વડે કોઈ વિકાસગામી આત્મા તો મોહના સંસ્કારોના પ્રભાવને અનુક્રમે દબાવતો દબાવતો આગળ વધે છે તેમજ છેવટે તેને બિલકુલ શમાવી દે છે અને વિશષ્ટ શુદ્ધિવાળો બીજો કોઈ આત્મા એવો પણ મળી આવે છે કે મોહના સંસ્કારોને ક્રમશઃ જડ-મૂળથી ઉખેડતો ઉખેડતો આગળ વધે છે અને છેવટે તે બધા સંસ્કારોને સર્વથા નિર્મૂળ કરી નાખે છે. એ રીતે આઠમા ગુણસ્થાનથી આગળ વધનાર અર્થાત્ અંતરાત્મભાવના વિકાસ દ્વારા પરમાત્મ-ભાવરૂપ સર્વોપરિ ભૂમિકાની સમીપે પહોંચનાર આત્માઓ બે શ્રેણિમાં વહેંચાઈ જાય છે.

## ઉપશમશ્રેણિગામી આત્માની ત્રણ ભૂમિકાઓ

પ્રથમ શ્રેણિવાળા આત્માઓ તો એવા હોય છે, કે જેઓ એક વાર મોહને સર્વ પ્રકારે દબાવી તો દે છે; પરન્તુ તેને નિર્મૂળ નથી કરી શકતા. જેમ વરાળના વેગથી ઢાંકણું ઊંચે ચડે છે અને વેગ ઘટતાં નીચે પડે છે, અથવા તો જેમ રાખ નીચે દબાયેલો અગ્નિ પવનનો

ઝપાટો લાગતાં જ પોતાનું કામ કરવા માંડે છે; અથવા તો જેમ પાણીને તળિયે રહેલો મેલ થોડો ક્ષોભ થતાં જ ઉપર આવી પાણીને ગંદું કરી નાખે છે; તેમ પહેલાં દબાવી દેવામાં આવેલો પણ મોહ આંતરિક યુદ્ધમાં થાકેલા એ પ્રથમ શ્રેણિવાળા આત્માઓને પોતાના બલથી નીચે પટકે છે. એક વાર સર્વથા દબાયા પછી પણ મોહ જે ભૂમિકાથી આત્માને હરાવી નીચે પાડી દે છે તે જ અગિયારમું ગુણસ્થાન છે. મોહને અનુક્રમે દબાવતાં દબાવતાં સર્વથા દબાવવા સુધીમાં ઉત્તરોત્તર વધારે ને વધારે વિશુદ્ધિવાળી બે ભૂમિકાઓ અવશ્ય પ્રાપ્ત કરવી પડે છે. જે નવમું તથા દશમું ગુણસ્થાન કહેવાય છે. અગિયારમું ગુણસ્થાન અધઃપતનનું સ્થાન છે, કારણ કે પ્રાપ્ત કરનાર આત્મા આગળ ન વધતાં એક વાર તો અવશ્ય નીચે પડે છે.

## ક્ષપકશ્રેણિગામી આત્માની ત્રણ ભૂમિકાઓ

બીજી શ્રેણિવાળા આત્માઓ મોહને ક્રમશઃ નિર્મૂળ કરતા કરતા છેવટે તેને સર્વથા નિર્મૂળ કરી જ નાખે છે. સર્વથા નિર્મૂળ કરી નાખવાની જે ઉચ્ચ ભૂમિકા તે જ બારમું ગુણસ્થાન છે. આ ગુણસ્થાનને પ્રાપ્ત કરવા સુધીમાં અર્થાત્ મોહને સર્વથા નિર્મૂળ કર્યા પહેલાં વચમાં નવમું અને દશમું ગુણસ્થાન પ્રાપ્ત કરવું પડે છે. આ રીતે જોતાં પહેલી શ્રેણિવાળા હોય કે બીજી શ્રેણિવાળા હોય પણ એ બધા નવમું દશમું ગુણસ્થાન પ્રાપ્ત કરે જ છે. બન્ને શ્રેણિવાળાઓમાં અંતર એટલું જ હોય છે કે પહેલી શ્રેણિવાળાઓ કરતાં બીજી શ્રેણિવાળાઓમાં આત્મશુદ્ધિ તેમજ આત્મબળ ઉચ્ચ પ્રકારનું હોય છે.

## દૃષ્ટાંત વડે બે શ્રેણિના અંતરનું સ્પષ્ટીકરણ

જેમ કોઈ એક જ વર્ગના વિદ્યાર્થીઓ પણ બે પ્રકારના હોય છે. એક તો એવા હોય છે કે જેઓ સેંકડો પ્રયત્ન કરવા છતાં પણ પહેલી જ વાર પોતાની પરીક્ષા પાસ કરીને આગળ નથી વધી શકતા.

પરન્તુ બીજા વિદ્યાર્થીઓ પોતાની યોગ્યતાના બળથી બધી મુશ્કેલીઓ વટાવી તે અત્યંત કઠિન પરીક્ષામાંથી પણ નિઃશંક રીતે પસાર થઈ જાય છે. એ બન્ને દળના આ અંતરનું કારણ એમની આંતરિક યોગ્યતાનું ઓછાવધતાપણું એ જ છે. તો જ રીતે નવમા તથા દશમા ગુણસ્થાનને પ્રાપ્ત કરનાર તે બન્ને શ્રેણિગામી આત્માઓની આધ્યાત્મિક વિશુદ્ધિ ઓછી વધતી હોય છે. જેને લીધે પ્રથમ શ્રેણિ-વાળા તો દશમા ગુણસ્થાનને પ્રાપ્ત કરી છેવટે અગિયારમા ગુણસ્થાનમાં મોહથી હારી નીચે પડે છે અને બીજી શ્રેણિવાળા દશમા ગુણસ્થાનને પ્રાપ્ત કરીને એટલું વધારે આત્મબળ પ્રકટ કરે છે કે છેવટે તેઓ મોહનો સર્વથા નાશ કરી બારમા ગુણસ્થાનને પ્રાપ્ત કરી જ લે છે.

જેમ અગિયારમું ગુણસ્થાન અવશ્ય પુનરાવૃત્તિનું છે, તેમજ બારમું ગુણસ્થાન અપુનરાવૃત્તિનું છે; અર્થાત્ અગિયારમા ગુણસ્થાનને પ્રાપ્ત થનાર આત્મા એક વાર અવશ્ય તેનાથી નીચે પડે છે અને બારમા ગુણસ્થાનને પ્રાપ્ત થનાર તેનાથી કદી નીચે પડતો નથી બલ્કે ઉપર જ ચઢે છે. કોઈ એક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થી જેવી રીતે પરિશ્રમ અને એકાગ્રતાથી યોગ્યતા વધારી ફરી તે પરીક્ષા પાસ કરી લે છે, તેવી જ રીતે એક વાર મોહથી હાર ખાનાર આત્મા પણ અપ્રમત્તભાવ અને આત્મબળની વિશેષતાથી ફરી મોહને અવશ્ય ક્ષીણ કરી દે છે. ઉપર કહેલ બન્ને શ્રેણિવાળા આત્માઓની તરતમભાવાપન્ન આધ્યાત્મિક વિશુદ્ધિ જાણે કે પરમાત્મભાવરૂપ સર્વોચ્ચ ભૂમિકા ઉપર ચઢવાની બે નિસરણીઓ જ છે. જેમાંથી એકને જૈનશાસ્ત્રમાં ઉપશમ-શ્રેણિ અને બીજીને ક્ષપકશ્રેણિ કહેલ છે. પહેલી કાંઈક ઉપર ચડાવી પાડનારી અને બીજી તો ઉપર ચડાવનારી જ છે પહેલી શ્રેણિથી પડનાર આત્મા આધ્યાત્મિક અધઃપતન દ્વારા ભલેને ઠેઠ પહેલા ગુણસ્થાન સુધી ચાલ્યો જાય, પરન્તુ તેની તે અધઃપતિત સ્થિતિ કાયમ રહેતી નથી. ક્યારેક ને ક્યારેક તો તે ફરી બમણા બલથી અને બમણી

સાવધાનીથી તૈયાર થઈને મોહ શત્રુની સામે થાય છે અને છેવટે બીજી શ્રેણિની યોગ્યતા પ્રાપ્ત કરી મોહનો સર્વથા ક્ષય કરી નાખે છે. વ્યવહારમાં અર્થાત્ આધિભૌતિક ક્ષેત્રમાં પણ જોવામાં આવે છે કે જે એક વાર હાર ખાય છે તે જ પૂરી તૈયારી કરીને પહેલાં પોતાને હરાવનાર શત્રુને ફરી હરાવી શકે છે.

## તેરમું ગુણસ્થાન

પરમાત્મભાવનું સ્વરાજ્ય પ્રાપ્ત કરવામાં મુખ્ય બાધક મોહ જ છે. જેના નાશનો આધાર અંતરાત્મભાવના વિશિષ્ટ વિકાસ ઉપર રહેલો છે. મોહનો સર્વથા નાશ થયો કે લાગલાં જ અન્ય કર્મઆવરણો જે જૈનશાસ્ત્રમાં 'ઘાતિકર્મ'ને નામે પ્રસિદ્ધ છે તે પ્રધાન સેનાપતિ મરાયા પછી અનુગામી સૈનિકોની માફક એકસાથે જ છિન્નભિન્ન થઈ જાય છે, પછી વાર શી? વિકાસગામી આત્મા તરત જ પરમાત્મભાવનું પૂર્ણ આધ્યાત્મિક સ્વરાજ્ય પ્રાપ્ત કરી અર્થાત્ સચ્ચિદાનંદ સ્વરૂપને પૂર્ણપણે પ્રગટાવી નિરતિશય જ્ઞાન, ચારિત્ર આદિની સંપત્તિ મેળવી લે છે. તેમજ અનિર્વચનીય સ્વાભાવિક સુખનો અનુભવ કરે છે. જેમ પૂનમની રાતે સ્વચ્છ ચંદ્રની સંપૂર્ણ કલાઓ પ્રકાશમાન થાય છે તેમ તે વખતે આત્માની ચેતના આદિ બધી મુખ્ય શક્તિઓ પૂર્ણ વિકાસ પામે છે. એ ભૂમિકાને જૈનશાસ્ત્રમાં તેરમું ગુણસ્થાન કહે છે.

## ચૌદમું ગુણસ્થાન

તેરમા ગુણસ્થાનમાં લાંબા વખત સુધી રહ્યા પછી આત્મા બળેલી દોરડી સમાન બીજાં આવરણોને અર્થાત્ અપ્રધાનભૂત અઘાતિકર્મોને ઉડાવી ફેંકી દેવા માટે સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ શુકલધ્યાનરૂપ પવનનો આશ્રય લઈને માનસિક, વાચિક અને કાયિક વ્યાપારોને સર્વથા રોકી નાખે છે. એ જ આધ્યાત્મિક વિકાસની પરાકાષ્ઠા અથવા તો ચૌદમું ગુણસ્થાન છે. એમાં આત્મા સમુચ્છિન્નક્રિયાપ્રતિપાતિ શુકલ-

ધ્યાન વડે સુમેરુ પર્વતની માફક નિષ્પ્રકંપ સ્થિતિ પ્રાપ્ત કરીને છેવટે શરીર ત્યાગ કરી વ્યવહાર અને પરમાર્થદૃષ્ટિથી લોકોત્તર સ્થાન પ્રાપ્ત કરે છે. એ જ નિર્ગુણ બ્રહ્મસ્થિતિ[૧૨] છે, એ જ સર્વાંગી પૂર્ણતા છે, એ જ પૂર્ણ કૃતકૃત્યતા છે. એ જ પરમ પુરુષાર્થની અંતિમ સિદ્ધિ છે અને એ જ અપુનરાવૃત્તિ સ્થાન છે. કારણ કે સંસારનું એકમાત્ર કારણ મોહ છે. જેના સમગ્ર સંસ્કારોનો સમૂળ નાશ થઈ જવાને લીધે હવે કશી ઉપાધિનો સંભવ નથી.

## બીજું ગુણસ્થાન

અહીં સુધી તો પહેલેથી ચૌદમા ગુણસ્થાન સુધીના બાર ગુણસ્થાનોની વાત થઈ એમાં બીજા અને ત્રીજા ગુણસ્થાનની જે વાત રહી ગઈ છે તે આ પ્રમાણે છે: સમ્યક્ત્વ અથવા તત્ત્વજ્ઞાનવાળી ઉપરની ચોથી વગેરે ભૂમિકાઓના રાજમાર્ગથી ચ્યુત થઈને જ્યારે કોઈ આત્મા તત્ત્વજ્ઞાનરહિત મિથ્યાદૃષ્ટિવાળી પ્રથમ ભૂમિકાના ઉન્માર્ગ તરફ વળે છે ત્યારે વચમાં તે નીચે પડતા આત્માની જે કાંઈ અવસ્થા થાય છે તે બીજું ગુણસ્થાન છે. જોકે એ ગુણસ્થાનમાં પહેલા ગુણસ્થાન કરતાં આત્મશુદ્ધિ કાંઈક વધારે અવશ્ય હોય છે, એટલા માટે એનો નંબર પહેલા પછી જ રાખવામાં આવ્યો છે, છતાં એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે એ ગુણસ્થાનને ઉત્ક્રાન્તિસ્થાન કહી નથી શકાતું. કારણ કે ઉત્ક્રાન્તિ કરનાર આત્મા પહેલા ગુણસ્થાનને છોડીને એ બીજા ગુણસ્થાનને સીધી રીતે પ્રાપ્ત કરી શકતો નથી; પરંતુ ઉપરના ગુણસ્થાનથી પડનાર આત્મા જ એનો અધિકારી થાય છે. અધઃપતન મોહના આવેશમાંથી જન્મે છે. એથી જ એ ગુણસ્થાન વખતે મોહની તીવ્ર કાષાયિક શક્તિનો આવિર્ભાવ હોય છે. ખીર વગેરેનું મિષ્ટ ભોજન કર્યા પછી જ્યારે વમન થાય છે ત્યારે મોઢામાં એક પ્રકારનો વિલક્ષણ સ્વાદ અર્થાત્ નહિ અત્યંત મીઠો કે નહિ અત્યંત ખાટો જેમ અનુભવાય છે તેવી જ રીતે

બીજા ગુણસ્થાન વખતે આધ્યાત્મિક સ્થિતિ વિલક્ષણ હોય છે. કારણ કે તે વખતે આત્મા નથી હોતો તત્ત્વજ્ઞાનની નિશ્ચિત ભૂમિકા ઉપર કે નથી હોતો તત્ત્વજ્ઞાન વિનાની નિશ્ચિત ભૂમિકા ઉપર. અથવા જેવી રીતે કોઈ માણસ ચડવાનાં પગથિયાંઓથી ખસી પછી જમીન ઉપર આવીને નથી ઠેરતો ત્યાં સુધી વચમાં જ તે એક વિલક્ષણ અવસ્થા અનુભવે છે. તેવી રીતે સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વને પ્રાપ્ત કરવા સુધીમાં અર્થાત્ વચમાં આત્મા એક વિલક્ષણ આધ્યાત્મિક અવસ્થા અનુભવે છે. એ વાત આપણા એ વ્યાવહારિક અનુભવથી પણ સિદ્ધ છે. કે જ્યારે કોઈ નિશ્ચિત ઉન્નત અવસ્થાથી પડીને કોઈ નિશ્ચિત અવનત અવસ્થા પ્રાપ્ત કરવામાં આવે છે ત્યારે વચ્ચે એક વિલક્ષણ પરિસ્થિતિ ઊભી થાય છે.

## ત્રીજું ગુણસ્થાન

ત્રીજું ગુણસ્થાન આત્માની એવી મિશ્રિત અવસ્થાનું નામ છે જેમાં નથી હોતી માત્ર સમ્યગ્દષ્ટિ કે નથી હોતી માત્ર મિથ્યાદષ્ટિ. પરન્તુ એમાં આત્માની આધ્યાત્મિક સ્થિતિ દોલાયમાન હોય છે. તેથી એની બુદ્ધિ સ્વાધીન ન હોવાને કારણે સંદેહશીલ હોય છે. અર્થાત્ તેની સામે જે કાંઈ આવે તે બધાને તે સાચું માની લે છે; અર્થાત્ તેની બુદ્ધિ તત્ત્વને એકાંત અતત્ત્વ સ્વરૂપ પણ નથી જાણતી અને તત્ત્વ અતત્ત્વનો વાસ્તવિક પૂર્ણ વિવેક પણ નથી કરી શકતી.

જેમ કોઈ ઉત્ક્રાન્તિ કરનાર આત્મા પહેલા ગુણસ્થાનથી નીકળી સીધો જ ત્રીજું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે અને કોઈ અપક્રાન્તિ કરનાર આત્મા પણ ચોથાં આદિ ગુણસ્થાનથી પડી ત્રીજે ગુણસ્થાને આવે છે. એ રીતે ઉત્ક્રાન્તિ કરનાર અને અપક્રાન્તિ કરનાર બન્ને પ્રકારના આત્માઓનું આશ્રયસ્થાન ત્રીજું ગુણસ્થાન છે. એ જ ત્રીજા ગુણસ્થાનની બીજા ગુણસ્થાન કરતાં વિશેષતા છે.

# બહિરાત્મ આદિ ત્રણ અવસ્થાઓ અને તેમાં ગુણસ્થાનોની વહેંચણી

ઉપર આત્માની જે ચૌદ અવસ્થાઓનો વિચાર કરવામાં આવ્યો છે તેનું તેમજ તેની અંદર સમાવેશ પામતી અવાન્તર સંખ્યાતીત અવસ્થાઓનું બહુ સંક્ષેપમાં વર્ગીકરણ કરીને શાસ્ત્રમાં દેહધારી આત્માઓની ફક્ત ત્રણ અવસ્થાઓ વર્ણવવામાં આવી છે: (૧) બહિરાત્મ અવસ્થા, (૨) અંતરાત્મ અવસ્થા અને (૩) પરમાત્મ અવસ્થા.

પહેલી અવસ્થામાં આત્માનું વાસ્તવિક વિશુદ્ધ રૂપ અત્યંત ઢંકાએલું હોય છે, જેને લીધે આત્મા મિથ્યા અધ્યાસવશ પૌદ્ગલિક વિલાસોને જ સર્વસ્વ માની લે છે અને તેની પ્રાપ્તિ માટે બધી શક્તિ ખર્ચી નાખે છે.

બીજી અવસ્થામાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણ રીતે પ્રકટ તો નથી થતું, પરન્તુ તેના ઉપરનું આવરણ ગાઢ ન રહેતાં શિથિલ, શિથિલતર, શિથિલતમ થઈ જાય છે, જેને લીધે તેની દૃષ્ટિ પૌદ્ગલિક વિલાસો તરફથી હટી શુદ્ધ સ્વરૂપ તરફ લાગી જાય છે. એથી જ તેની દૃષ્ટિમાં શરીર આદિની જીર્ણતા કે નવીનતા એ પોતાની જીર્ણતા કે નવીનતા નથી. આ બીજી અવસ્થા જ ત્રીજી અવસ્થાનું મજબૂત પગથિયું છે.

ત્રીજી અવસ્થામાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પ્રકટ થઈ જાય છે; અર્થાત્ તેની ઉપરનાં ઘન આવરણો બિલકુલ નાશ પામી જાય છે.

પહેલું, બીજું અને ત્રીજું ગુણસ્થાન બહિરાત્મ અવસ્થાનું ચિત્રણ છે. ચોથાથી બારમા સુધીનાં ગુણસ્થાનો એ અંતરાત્મ અવસ્થાનું દિગ્દર્શન છે અને તેરમા ચૌદમા ગુણસ્થાનમાં પરમાત્મ અવસ્થાનું વર્ણન છે[13].

## ગુણસ્થાનોમાં ધ્યાનોનો સંબંધ

આત્માનો સ્વભાવ જ્ઞાનમય છે એથી તે કોઈ પણ ગુણસ્થાનમાં કેમ ન હોય પરંતુ તે કદી ધ્યાનથી મુક્ત નથી જ રહી શકતો. સામાન્ય રીતે ધ્યાનના શુભ અને અશુભ એ બે અને વિશેષ રીતે (૧) આર્ત્ત, (૨) રૌદ્ર, (૩) ધર્મ અને (૪) શુક્લ—એ ચાર પ્રકાર શાસ્ત્રમાં[૧૪] દર્શાવવામાં આવ્યા છે. ચારમાંથી પહેલા બે અશુભ અને પાછલા બે શુભ છે. પૌદ્‌ગલિક દૃષ્ટિની મુખ્યતા તેમજ આત્મવિસ્મૃતિ વખતે જે ધ્યાન હોય છે તે અશુભ અને પૌદ્‌ગલિક દૃષ્ટિની ગૌણતા તેમજ આત્મસ્મૃતિદશામાં જે ધ્યાન હોય છે તે શુભ. અશુભ ધ્યાન સંસારનું કારણ અને શુભ ધ્યાન મોક્ષનું કારણ છે. પહેલાં ત્રણ ગુણસ્થાનોમાં આર્ત્ત અને રૌદ્ર એ બે ધ્યાન ઓછા વધતા પ્રમાણમાં હોય છે. ચોથા અને પાંચમા ગુણસ્થાનમાં એ બે ધ્યાન ઉપરાંત સમ્યક્ત્વના પ્રભાવથી ધર્મધ્યાન પણ સંભવે છે. છઠ્ઠા ગુણસ્થાનમાં આર્ત્ત અને ધર્મ એ બે ધ્યાન સંભવે છે. સાતમા ગુણસ્થાનમાં ફક્ત ધર્મધ્યાન હોય છે. આઠમાથી બારમા સુધીનાં પાંચ ગુણસ્થાનમાં ધર્મ અને શુક્લ એ બન્ને ધ્યાન હોય છે. તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં ફક્ત શુક્લધ્યાન[૧૫] હોય છે.

ગુણસ્થાનોમાં સંભવતા આ ધ્યાનોના વર્ણનથી તેમજ ગુણસ્થાનોમાં દર્શાવવામાં આવેલ બહિરાત્મભાવ આદિના વિભાગથી પ્રત્યેક મનુષ્ય સામાન્ય રીતે એમ સમજી શકે કે હું કયા ગુણસ્થાનમાં વર્તું છું. એવું જ્ઞાન યોગ્ય અધિકારીની સ્વાભાવિક વિકાસવૃત્તિને ઉપરના ગુણસ્થાનોને પ્રાપ્ત કરવા ઉત્તેજે છે.

## પ્રસ્તુત વિષયમાં જૈન અને જૈનેતર દર્શનોનું સામ્ય

જે દર્શનો આસ્તિક છે અર્થાત્ આત્મા, તેનો પુનર્જન્મ, તેની વિકાસશીલતા તથા મોક્ષની યોગ્યતા માનનારાં છે તે બધાં દર્શનોમાં

કોઈ ને કોઈ સ્વરૂપે આત્માના ક્રમિક વિકાસનો વિચાર મળી આવે તે સ્વાભાવિક છે. એથી જ આર્યાવર્તના જૈન, વૈદિક અને બૌદ્ધ એ ત્રણે પ્રાચીન દર્શનોમાં ઉક્ત પ્રકારના વિચારો મળી આવે છે. એ વિચાર જૈનદર્શનમાં ગુણસ્થાનોના નામથી, વૈદિકદર્શનમાં ભૂમિકાઓના નામથી અને બૌદ્ધદર્શનમાં અવસ્થાઓના નામથી પ્રસિદ્ધ છે. જૈનદર્શનમાં ગુણસ્થાનોનો વિચાર જેવો સૂક્ષ્મ તથા વિસ્તૃત છે તેવો બીજાં દર્શનોમાં અદ્યાપિ જોવામાં આવ્યો નથી. છતાં ઉક્ત ત્રણેય દર્શનોની પ્રસ્તુત વિચારણા સંબંધમાં ઘણી સમાનતા છે અર્થાત્ સંકેત, વર્ણન-શૈલી વગેરેની ભિન્નતા હોવા છતાં પણ વસ્તુતત્ત્વની બાબતમાં એ ત્રણે દર્શનોનો ભેદ નહિ જેવો છે. વૈદિકદર્શનના યોગવાશિષ્ઠ, પાતંજલ યોગ આદિ ગ્રંથોમાં આત્માની ભૂમિકાઓનો બહુ સુંદર વિચાર છે.

જૈનશાસ્ત્રમાં મિથ્યાદષ્ટિ યા બહિરાત્માના નામથી અજ્ઞાની જીવનું લક્ષણ એમ બતાવવામાં આવ્યું છે કે અનાત્મામાં અર્થાત્ આત્મભિન્ન જડ તત્ત્વમાં આત્મબુદ્ધિ કરે છે તે મિથ્યાદષ્ટિ યા બહિરાત્મા છે[૧૬]. યોગવાશિષ્ઠમાં[૧૭] તથા પાતંજલ[૧૮] યોગસૂત્રમાં અજ્ઞાની જીવનું એ જ લક્ષણ બતાવવામાં આવ્યું છે. (૧) જૈનશાસ્ત્રમાં[૧૯] મિથ્યાત્વમોહનીયનું સંસારવૃદ્ધિ અને દુઃખરૂપ ફલ વર્ણવવામાં આવ્યું છે. એ જ વાત યોગવાશિષ્ઠના નિર્વાણ પ્રકરણમાં અજ્ઞાનના ફલરૂપે વર્ણવાયેલી નજરે પડે છે. (૨) યોગવાશિષ્ઠના નિર્વાણ[૨૦] પ્રકરણના પૂર્વાર્ધમાં અવિદ્યાથી તૃષ્ણા અને તૃષ્ણાથી દુઃખનો અનુભવ તથા વિદ્યાથી અવિદ્યાનો[૨૧] નાશ એ ક્રમ જેવો વર્ણવાએલો છે તેવો જ ક્રમ જૈનશાસ્ત્રમાં મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાનના નિરૂપણ દ્વારા જગોએ જગોએ વર્ણવેલો છે. (૩) યોગવાશિષ્ઠના ઉક્ત પ્રકરણ[૨૨]માં જ જે અવિદ્યાનો નાશ વિદ્યાથી અને વિદ્યાનો નાશ વિચારથી બતાવ્યો છે તે જૈનશાસ્ત્રમાં મનાયેલા મતિજ્ઞાન આદિ ક્ષાયોપશમિકજ્ઞાનથી મિથ્યા-જ્ઞાનના નાશ અને ક્ષાયિકજ્ઞાનથી ક્ષાયોપશમિકજ્ઞાનના નાશની સમાન છે. (૪) જૈનશાસ્ત્રમાં મુખ્ય રીતે મોહને જ બંધ – સંસારનો હેતુ

માનવામાં આવેલો છે. યોગવાશિષ્ઠમાં[23] એ જ વાત બીજી રીતે કહેલી છે, તેમાં જે દૃશ્યના અસ્તિત્વને બંધનું કારણ કહેલ છે તેનું તાત્પર્ય દૃશ્યનું અભિમાન યા અધ્યાસ એ છે. (૫) જેમ જૈનશાસ્ત્રમાં ગ્રંથિભેદનું વર્ણન છે તેમ જ યોગવાશિષ્ઠમાં[24] પણ છે. (૬) વૈદિક ગ્રંથોમાં એવું જે વર્ણન મળે છે કે બ્રહ્મ માયાના સંસર્ગથી જીવત્વ ધારણ કરે છે અને મનના સંસર્ગથી સંકલ્પ-વિકલ્પાત્મક ઐંદ્રજાલિક સૃષ્ટિ રચે છે તેમજ સ્થાવરજંગમ (સ્થિર અને ગતિવાળા) સ્વરૂપ જગતની કલ્પના અંતમાં[25] નાશ થાય છે વગેરે. એનો સમન્વય જૈન-શાસ્ત્ર પ્રમાણે આ રીતે થઈ શકે. આત્મા અવ્યવહાર રાશિથી વ્યવહારરાશિમાં આવે છે એ જ બ્રહ્મનો જીવભાવ છે. અનુક્રમે સૂક્ષ્મ તથા સ્થૂલ મન દ્વારા સંજ્ઞિત્વ (વિશેષ સ્મરણશક્તિ) પ્રાપ્ત કરીને આત્મા કલ્પનાજાલમાં વિચરે છે. તે જ સંકલ્પ-વિકલ્પાત્મક ઐંદ્રજાલિક સૃષ્ટિ છે. શુદ્ધ આત્મસ્વરૂપ પ્રકટ થવાથી જે સંસારી પર્યાયોનો નાશ થવો એ જ કલ્પના અંતમાં સ્થાવર-જંગમાત્મક સ્વરૂપનો નાશ છે; આત્મા પોતાની સત્તા ભૂલીને જડ સત્તાને પોતાની સત્તા માને છે કે જે અહંત્વ-મમત્વ ભાવનારૂપ મોહનીયનો ઉદય છે અને તેના બંધનું કારણ છે; તે જ અહંત્વ-મમત્વ ભાવના વૈદિક વર્ણન શૈલી પ્રમાણે બંધહેતુભૂત દૃશ્ય સત્તા છે. ઉત્પત્તિ, વૃદ્ધિ, વિકાસ, સ્વર્ગ અને નરક આદિ જે જીવની અવસ્થાઓ વૈદિક[26] ગ્રંથોમાં વર્ણવેલી છે તે જૈન દૃષ્ટિ પ્રમાણે વ્યવહારરાશિગત જીવના પર્યાયો (અવસ્થાઓ) છે. (૭) યોગવાશિષ્ઠમાં[27] સ્વરૂપસ્થિતિને જ્ઞાનીનું અને સ્વરૂપભ્રંશને અજ્ઞાનીનું લક્ષણ કહ્યું છે. જૈનશાસ્ત્રમાં પણ સમ્યક્જ્ઞાનનું અને મિથ્યાદૃષ્ટિનું અનુક્રમે એ જ લક્ષણ[28] બતાવેલ છે. (૮) યોગવાશિષ્ઠમાં[29] જે સમ્યક્જ્ઞાનનું લક્ષણ છે તે જૈનશાસ્ત્રને અનુકૂલ છે. (૯) જૈનશાસ્ત્રમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, સ્વભાવ અને બાહ્ય નિમિત્ત એમ બે પ્રકારથી બતાવેલી[30] છે. યોગવાશિષ્ઠમાં પણ જ્ઞાનપ્રાપ્તિનો તેવો જ ક્રમ સૂચવાયેલો[31] છે. (૧૦) જૈનશાસ્ત્રના ચૌદ ગુણસ્થાનોની જગોએ ચૌદ

ભૂમિકાઓનું વર્ણન યોગવાશિષ્ઠમાં[૩૨] રુચિકર તેમજ વિસ્તૃત છે. એમાં સાત ભૂમિકાઓ જ્ઞાનની અને સાત અજ્ઞાનની વર્ણવવામાં આવી છે જે જૈન પરિભાષા પ્રમાણે અનુક્રમે મિથ્યાત્વની અને સમ્યક્ત્વની અવસ્થાની સૂચક છે. (૧૧) યોગવાશિષ્ઠમાં તત્ત્વજ્ઞ, સમદૃષ્ટિ, પૂર્ણાશય અને મુક્તપુરુષનું જે વર્ણન[૩૩] છે તે જૈન સંકેત પ્રમાણે ચોથા વગેરે ગુણસ્થાનોમાં રહેલા આત્માને લાગુ પડે છે. જૈનશાસ્ત્રમાં જ્ઞાનનું જે મહત્ત્વ વર્ણવેલું[૩૪] છે તે જ યોગવાશિષ્ઠમાં પ્રજ્ઞામાહાત્મ્યના નામથી ઉલ્લિખિત[૩૫] છે.

## યોગસંબંધી વિચાર

### ગુણસ્થાન અને યોગના વિચારમાં અંતર શું છે?

ગુણસ્થાનના વર્ણનથી કે અજ્ઞાન તથા જ્ઞાનની ભૂમિકાઓના વર્ણનથી માલૂમ પડે છે કે આત્માનો આધ્યાત્મિક વિકાસ કયા ક્રમથી થાય છે અને યોગના વર્ણનથી માલૂમ પડે છે કે મોક્ષનું સાધન શું છે; અર્થાત્ ગુણસ્થાનમાં આધ્યાત્મિક વિકાસના ક્રમનો વિચાર મુખ્ય છે અને યોગમાં મોક્ષના સાધનનો વિચાર મુખ્ય છે. એ રીતે બન્નેનાં મુખ્ય પ્રતિપાદ્ય તત્ત્વો જુદાં હોવા છતાં પણ એકના વિચારમાં બીજાની છાયા અવશ્ય આવી જાય છે. કારણ કે કોઈ પણ આત્મા મોક્ષના છેલ્લા (અનંતર યા અવ્યવહિત) સાધનને એકદમ પ્રાપ્ત કરી શકતો નથી. પરન્તુ વિકાસના ક્રમ પ્રમાણે ઉત્તરોત્તર સંભવિત સાધનોને પગથિયાની માફક પ્રાપ્ત કરતો કરતો છેવટે છેલ્લા સાધનને પ્રાપ્ત કરી લે છે. એથી જ યોગના મોક્ષસાધન વિષયના વિચારોમાં આધ્યાત્મિક વિકાસના ક્રમની છાયા આવી જ જાય છે. એવી જ રીતે આધ્યાત્મિક વિકાસ કયા ક્રમથી થાય છે એનો વિચાર કરતી વખતે આત્માના શુદ્ધ, શુદ્ધતર અને શુદ્ધતમ પરિણામ કે જે મોક્ષના સાધનભૂત છે તેની છાયા પણ એ વિચારમાં આવી જાય છે એથી

ગુણસ્થાનના વર્ણન પ્રસંગે સંક્ષેપમાં યોગનું સ્વરૂપ જણાવી દેવું અપ્રાસંગિક નથી.

## યોગ કોને કહેવામાં આવે છે?

આત્માનો જે ધર્મવ્યાપાર મોક્ષનો મુખ્ય હેતુ અર્થાત્ ઉપાદાન કારણ તેમજ વગર વિલંબે ફળ આપનાર હોય તેને યોગ[૩૬] કહે છે. એવો વ્યાપાર શુભ ભાવ કે શુદ્ધ ભાવપૂર્વક કરાતી પ્રણિધાન[૩૭] આદિ ક્રિયા એ છે. પાતંજલદર્શનમાં[૩૮] ચિત્તની વૃત્તિઓના નિરોધને યોગ કહેલ છે. તેની પણ એ જ મતલબ છે અર્થાત્ એવો નિરોધ એ મોક્ષનું મુખ્ય કારણ છે, કારણ કે તેની સાથે કારણ અને કાર્ય રૂપથી શુભ તેમ જ શુદ્ધ ભાવનો અવશ્ય સંબંધ હોય છે.

## યોગની શરૂઆત ક્યારથી થાય છે?

આત્મા અનાદિ કાલથી જન્મ-મરણના પ્રવાહમાં પડેલ છે અને તેમાં તે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરતો રહે છે. તેથી એ પ્રશ્ન થાય છે કે તેની પ્રવૃત્તિને ક્યારથી યોગ સ્વરૂપ માનવી? એનો ઉત્તર શાસ્ત્રમાં[૩૯] એ આપવામાં આવ્યો છે કે જ્યાં સુધી આત્મા મિથ્યાત્વથી વ્યાપ્ત બુદ્ધિવાળો હોવાને લીધે દિગ્મૂઢની માફક ઊલટી દિશામાં ચાલનાર અર્થાત્ આત્મલક્ષ્યથી ભ્રષ્ટ હોય ત્યાં સુધી તેની બધી પ્રવૃત્તિ પ્રણિધાન આદિ શુભ ભાવ વિનાની હોવાને કારણે યોગ કહી શકાય નહિ. તેથી ઊલટું જ્યારે મિથ્યાત્વનું તિમિર ખસી જવાને લીધે આત્માની ભ્રાંતિ મટવા લાગે છે અને તેની ગતિ સીધી અર્થાત્ સન્માર્ગાભિમુખ થાય છે ત્યારથી તેની પ્રવૃત્તિ પ્રણિધાન આદિ શુભ-ભાવવાળી હોવાને કારણે યોગરૂપ કહી શકાય. સારાંશ એ છે કે આત્માના અનાદિ સાંસારિક કાલના બે ભાગ પડી જાય છે. એક ચરમપુદ્‌ગલપરાવર્ત્ત અને બીજો અચરમપુદ્‌ગલપરાવર્ત્ત કહેવાય છે. ચરમ-

પુદ્ગલપરાવર્ત્ત એ અનાદિ સાંસારિક કાલનો આખરનો અને બહુ નાનો અંશ[૪૦] છે. અચરમપુદ્ગલપરાવર્ત્ત એ તેનો બહુ મોટો ભાગ છે. કારણ કે ચરમપુદ્ગલપરાવર્ત્તને બાદ કરતાં બાકીનો બધો સાંસારિક કાલ કે જે અનંતકાલચક્રપરિમાણ છે, એ બધો અચરમપુદ્ગલપરાવર્ત્તમાં આવે છે. જ્યારે આત્માનો સાંસારિક કાલ ચરમપુદ્ગલપરાવર્ત્ત જેટલો બાકી રહે છે ત્યારે તેના ઉપરથી મિથ્યાત્વમોહનીયનું આવરણ ખસવા લાગે છે અને એથી જ એનાં પરિણામ નિર્મળ થવા લાગે છે અને પ્રવૃત્તિ પણ નિર્મળ ભાવપૂર્વક થતી જાય છે. એવી પ્રવૃત્તિથી ભાવ-શુદ્ધિ વિશેષે વધે છે. એ રીતે વધારે ને વધારે ભાવશુદ્ધિ વધવાથી ચરમપુદ્ગલપરાવર્ત્તસમયના ધર્મવ્યાપારને યોગ કહેવામાં આવે છે. અચરમપુદ્ગલપરાવર્ત્તસમયનો વ્યાપાર શુભ ભાવપૂર્વક થતો પણ નથી અને શુભ ભાવનું કારણ પણ નથી. એથી તે પરંપરાએ પણ મોક્ષને અનુકૂલ ન હોવાને લીધે યોગ કહી શકાતો નથી. પાતંજલદર્શનમાં પણ અનાદિ સાંસારિક કાલના નિવૃત્તાધિકારપ્રકૃતિ (જેમાં આત્મા ઉપરથી વાસનાઓનું દબાણ ઘટયું હોય અને આત્માનું બળ વાસના-ઓ ઉપર કાબૂ ચલાવતું હોય તેવો મોક્ષની નજીકનો સમય) અને અનિવૃત્તાધિકારપ્રકૃતિ એમ બે ભેદ બતાવ્યા છે. જે જૈનશાસ્ત્રના ચરમ અને અચરમપુદ્ગલપરાવર્ત્તને સ્થાને છે.[૪૧]

## યોગના ભેદો અને તેના આધાર

જૈનશાસ્ત્રમાં[૪૨] યોગના (૧) અધ્યાત્મ, (૨) ભાવના, (૩) ધ્યાન, (૪) સમતા અને (૫) વૃત્તિસંક્ષય એવા પાંચ ભેદો કરવામાં આવ્યા છે. પાતંજલદર્શનમાં યોગના સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત એવા બે ભેદ છે[૪૩]. જે મોક્ષનું સાક્ષાત્ (અવ્યવહિત) કારણ હોય અર્થાત્ જેને પ્રાપ્ત કર્યા પછી તરત જ મોક્ષ મળે તેને જ ખરી રીતે યોગ કહી શકાય. એવો યોગ જૈનશાસ્ત્રના સંકેત પ્રમાણે વૃત્તિસંક્ષય અને

પાતંજલદર્શનના સંકેત પ્રમાણે અસંજ્ઞાત જ છે. તેથી એ પ્રશ્ન થાય છે કે યોગના જે આટલા ભેદો કરવામાં આવ્યા છે, તેનો આધાર શું છે? એનો ઉત્તર એ છે કે અલબત્ત વૃત્તિસંક્ષય યા અસંપ્રજ્ઞાત જ મોક્ષનું સાક્ષાત્ કારણ હોવાથી ખરી રીતે તે જ યોગ છે. છતાં તે યોગ કોઈ વિકાસગામી આત્માને એકદમ પ્રાપ્ત થતો નથી. પરન્તુ તેના પહેલાં વચગાળે વિકાસક્રમના નિયમ પ્રમાણે આત્માને એવા અનેક ધર્મવ્યાપારો કરવા પડે છે કે જે ઉત્તરોત્તર વિકાસને વધારનારા અને છેવટે તે મુખ્ય યોગ સુધી લઈ જનારા હોય છે. તે બધા ધર્મવ્યાપારો યોગનું કારણ હોવાથી અર્થાત્ વૃત્તિસંક્ષય યા અસંપ્રજ્ઞાત યોગના સાક્ષાત્ કે પરંપરાએ હેતુ હોવાથી યોગ કહેવાય છે. સારાંશ એ છે કે યોગના ભેદોનો આધાર વિકાસનો ક્રમ છે. જો વિકાસ ક્રમિક ન હોતાં એક જ વખતે પૂર્ણપણે સાધી શકાતો હોત તો યોગના ભેદો કરવામાં ન આવત. તેથી વૃત્તિસંક્ષય જે મોક્ષનું સાક્ષાત્ કારણ છે તેને પ્રધાન યોગ સમજવો જોઈએ અને તેના પહેલાંના જે અનેક ધર્મવ્યાપારો યોગકોટિમાં ગણાય છે તેઓને પ્રધાન યોગના કારણ હોવાથી યોગ કહેવામાં આવે છે. એ બધા વ્યાપારોના સમૂહને પાતંજલદર્શનમાં સંપ્રજ્ઞાત કહેલ છે અને જૈનશાસ્ત્રમાં શુદ્ધિના તરતમ ભાવ પ્રમાણે તે સમૂહના અધ્યાત્મ આદિ ચાર ભેદ કરવામાં આવ્યા છે. સાક્ષાત્ યા પરંપરાએ વૃત્તિસંક્ષયના કારણ થનાર વ્યાપારોને જ્યારે યોગ કહેવામાં આવે છે ત્યારે એ પ્રશ્ન થાય છે કે એ પૂર્વભાવી વ્યાપારો ક્યારથી લેવાવા જોઈએ. પરન્તુ એનો ઉત્તર પહેલાં જ આપી દેવામાં આવ્યો છે. ચરમપુદ્ગલપરાવર્ત્તસમયથી જે વ્યાપાર કરવામાં આવે છે તે જ યોગકોટિમાં ગણાવો જોઈએ. કારણ એ છે કે સહકારી કારણ મળતાં જ તે બધા વ્યાપારો મોક્ષને અનુકૂળ અર્થાત્ ધર્મવ્યાપાર થઈ જાય છે. એથી ઊલટું ગમે તેટલાં સહકારી કારણો કેમ ન મળે છતાં અચરમપુદ્ગલપરાવર્ત્તસમયનો વ્યાપાર મોક્ષને સાધક થતો નથી.

## યોગના ઉપાયો અને ગુણસ્થાનોમાં યોગની વહેંચણી

પાતંજલદર્શનમાં અભ્યાસ અને વૈરાગ્ય એ બે ઉપાય યોગના બતાવેલા છે. તેમાં વૈરાગ્ય પણ પર અને અપરરૂપે બે પ્રકારે કહેલો છે[૪૪]. યોગનું કારણ હોવાથી વૈરાગ્યને યોગ માની જૈનશાસ્ત્રમાં અપર વૈરાગ્યને અતાત્ત્વિક ધર્મસંન્યાસ[૪૫] (ચલિત થનાર) અને પર વૈરાગ્યને તાત્ત્વિક ધર્મસંન્યાસ (ચલિત ન થનાર) યોગ કહેલ છે. જૈનશાસ્ત્રમાં યોગનો આરંભ પૂર્વસેવાથી[૪૬] મનાયેલો છે. પૂર્વસેવાથી અધ્યાત્મ, અધ્યાત્મથી ભાવના, ભાવનાથી ધ્યાન તથા સમતા, ધ્યાન તથા સમતાથી વૃત્તિસંક્ષય અને વૃત્તિસંક્ષયથી મોક્ષ પ્રાપ્ત થાય છે. એથી વૃત્તિસંક્ષય જ મુખ્ય યોગ છે અને પૂર્વસેવાથી લઈને સમતા પર્યંતના બધા ધર્મવ્યાપારો સાક્ષાત્ કે પરંપરાએ યોગના ઉપાય માત્ર[૪૭] છે. અપુનર્બંધક એટલે જે આત્મા મિથ્યાત્વને ત્યાગવા તત્પર અને સમ્યક્ત્વપ્રાપ્તિને અભિમુખ હોય છે, તેને પૂર્વસેવા તાત્ત્વિકરૂપે હોય છે અને સકૃદ્બંધક, (એક જ વાર પ્રબળ મોહને બાંધનાર અને પછી મુક્ત થનાર) દ્વિર્બંધક (બે જ વાર પ્રબળ મોહમાં પડી પછી છૂટનાર) આદિને પૂર્વસેવા અતાત્ત્વિકરૂપથી હોય છે. અધ્યાત્મ અને ભાવના અપુનર્બંધક તેમજ સમ્યગ્દૃષ્ટિને વ્યવહારનયથી તાત્ત્વિક અને દેશવિરતિ તથા સર્વવિરતિને નિશ્ચયનયથી તાત્ત્વિક હોય છે. અપ્રમત્ત સર્વવિરતિ આદિ ગુણસ્થાનોમાં ધ્યાન તથા સમતા ઉત્તરોત્તર તાત્ત્વિકરૂપથી હોય છે. વૃત્તિસંક્ષય તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં હોય છે[૪૮]. સંપ્રજ્ઞાતયોગ અધ્યાત્મથી લઈને સમતા સુધીના ચાર ભેદરૂપ છે અને અસંપ્રજ્ઞાતયોગ વૃત્તિસંક્ષયરૂપ છે. એથી જ ચોથાથી બારમા ગુણસ્થાન સુધીમાં સંપ્રજ્ઞાત અને તેરમે ચૌદમે ગુણસ્થાને અસંપ્રજ્ઞાતયોગ સમજવો જોઈએ[૪૯].

## પૂર્વસેવા આદિ શબ્દોની વ્યાખ્યા

ગુરુ, દેવ આદિ પૂજ્યવર્ગનું પૂજન, સદાચાર, તપ અને મુક્તિ

પ્રત્યે 'અદ્વેષ' એ બધી ધાર્મિક વૃત્તિ 'પૂર્વસેવા' કહેવાય છે. (૨) ઉચિત પ્રવૃત્તિરૂપ અણુવ્રત અને મહાવ્રતથી યુક્ત થઈ મૈત્રી આદિ ભાવના-પૂર્વક શાસ્ત્રાનુસારે જે તત્ત્વચિંતન કરવું તે 'અધ્યાત્મ'[૫૦] છે. (૩) અધ્યાત્મનો બુદ્ધિસંગત વધારે ને વધારે અભ્યાસ કરવો એ જ 'ભાવના'[૫૧] છે. (૪) બીજા વિષયના પ્રવેશ વિના જ કોઈ એક વિષયનો જે ધારાવાહી પ્રવાહબંધ પ્રશસ્ત સૂક્ષ્મબોધ તે 'ધ્યાન'[૫૨] છે. (૫) અવિદ્યાકલ્પિત જે ઇષ્ટ તથા અનિષ્ટ વસ્તુઓ છે તેમાં વિવેક-પૂર્વક તત્ત્વબુદ્ધિ કરવી અર્થાત્ ઇષ્ટત્વ અને અનિષ્ટત્વની ભાવના છોડીને ઉપેક્ષા ધારણ કરવી તે 'સમતા'[૫૩] છે. (૬) મન અને શરીરના સંયોગથી ઉત્પન્ન થનાર વિકલ્પરૂપ તથા ચેષ્ટારૂપ વૃત્તિઓનો નિર્મૂળ નાશ કરવો એ વૃત્તિસંક્ષય છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ પોતાની પાતંજલ સૂત્ર ઉપરની વૃત્તિમાં 'વૃત્તિસંક્ષય'[૫૪] શબ્દની ઉક્ત વ્યાખ્યા કરતાં વધારે વિસ્તૃત વ્યાખ્યા આપી છે. તેમાં વૃત્તિનો અર્થાત્ કર્મના બંધની યોગ્યતાનો સંક્ષય અર્થાત્ હ્રાસ કે જે ગ્રંથિભેદથી શરૂ થઈને ચૌદમા ગુણસ્થાનમાં સમાપ્ત થાય છે, તેને વૃત્તિસંક્ષય કહેલ છે. અને શુક્લધ્યાનના પહેલા બે ભેદમાં સંપ્રજ્ઞાતનો અને પાછલા બે ભેદોમાં અસંપ્રજ્ઞાતનો સમાવેશ કરેલો છે.[૫૫]

## યોગજન્ય વિભૂતિઓ

યોગથી થનાર જ્ઞાન, મનોબલ, વચનબલ તેમજ શરીરબલ વગેરેની લગતી અનેક વિભૂતિઓનું વર્ણન પાતંજલદર્શનમાં[૫૬] છે. જૈનશાસ્ત્રમાં વૈક્રિયલબ્ધિ, આહારકલબ્ધિ તથા અવધિજ્ઞાન[૫૭], મનઃ-પર્યવજ્ઞાન આદિ સિદ્ધિઓ વર્ણવેલી છે તે યોગનું જ ફળ છે.

## બૌદ્ધ દર્શનમાંનું વિકાસક્રમનું વર્ણન

બૌદ્ધ દર્શનમાં પણ આત્માની સંસાર મોક્ષ આદિ અવસ્થાઓ માનવામાં આવી છે તેથી તેમાં આધ્યાત્મિક ક્રમિક વિકાસક્રમનું વર્ણન

મળવું સ્વાભાવિક છે. સ્વરૂપોન્મુખ થવાની દશાથી માંડીને સ્વરૂપની પરાકાષ્ઠાએ પહોંચવા સુધીની દશાનું વર્ણન બૌદ્ધ[૫૮] ગ્રંથોમાં છે, જેના પાંચ ભાગો પાડવામાં આવ્યા છે. તેનાં નામ આ પ્રમાણે: (૧) ધર્માનુસારી, (૨) સોતાપન્ન, (૩) સકદાગામી, (૪) અનાગામી અને (૫) અરહા. એમાંથી ધર્માનુસારી યા શ્રદ્ધાનુસારી એને કહેવામાં આવે છે કે જે મોક્ષમાર્ગને અભિમુખ હોય પણ તેને પ્રાપ્ત થયા ન હોય. જૈનશાસ્ત્રમાં તેને માર્ગાનુસારી કહેવામાં આવે છે અને તેના પાંત્રીશ ગુણો વર્ણવવામાં આવ્યા[૫૯] છે. મોક્ષમાર્ગને પ્રાપ્ત થએલ આત્માઓના વિકાસની ન્યૂનાધિકતાને લીધે સોતાપન્નાદિ ચાર ભેદ પડે છે. જે આત્મા અવિનિપાતધર્મા નિયત અને સંબોધીપરાયણ હોય તેને સોતાપન્ન કહે છે. સોતાપન્ન આત્મા સાતમા જન્મમાં જરૂર નિર્વાણ મેળવે છે. જે આ લોકમાં એક જ વાર જન્મીને મોક્ષ જનાર હોય છે તેને સકદાગામી (સકૃદ્ આગામી) કહેવાય છે. જે આ લોકમાં જન્મ્યા વિના જ બ્રહ્મલોકમાંથી સીધો મોક્ષે જનારે હોય છે તે અનાગામી કહેવાય છે. જે બધા આસ્રવોનો (અકુશળ કર્મોનો નાશ) કરીને કૃતકૃત્ય થઈ જાય છે તે 'અરહા'[૬૦] કહેવાય છે.

ધર્માનુસારી આદિ ઉક્ત પાંચ અવસ્થાઓનું વર્ણન મજ્ઝિમનિકાયમાં બહુ જ સ્પષ્ટપણે કરવામાં આવ્યું[૬૧] છે, તેમાં કહ્યું છે કે તરતનો જન્મેલ વાછરડો, કાંઈક મોટો પરન્તુ દૂબળો વાછરડો, મજબૂત વાછરડો, હળમાં જોડવા લાયક બળવાન બળદ અને પૂર્ણ વૃષભ જેમ ઉત્તરોત્તર થોડી થોડી મહેનતે ગંગાનદીના તીરછા પ્રવાહમાંથી પાર ઊતરી જાય છે તેમ જ ધર્માનુસારી વગેરે ઉક્ત પાંચ પ્રકારના આત્માઓ પણ માર (કામ)ના વેગને ઉત્તરોત્તર ઓછી મહેનતે જીતી લે છે.

બૌદ્ધશાસ્ત્રમાં દશ સંયોજનાઓ[૬૨] (વિકાર-બંધનો)નું વર્ણન છે એમાંથી પાંચ ઓરંભાગીય (શરૂઆતની) અને પાંચ ઉદ્ધંભાગીય

( પંક્તિની ) કહેવાય છે. પહેલી ત્રણ સંયોજનાઓનો ક્ષય થવાથી સોતાપન્ન અવસ્થા પ્રાપ્ત થાય છે. ત્યાર પછી રાગદ્વેષ અને મોહ શિથિલ થવાથી સકૃદાગામી અવસ્થા પ્રાપ્ત થાય છે. પાંચ ઓરંભાગીય સંયોજનાઓનો નાશ થવાથી અનાગામી અવસ્થા પ્રાપ્ત થાય છે અને દશે સંયોજનાઓનો નાશ થવાથી અરહાપદ મળે છે. એ વર્ણન જૈનશાસ્ત્રમાંના કર્મપ્રકૃતિઓના ક્ષયના વર્ણન જેવું છે. સોતાપન્ન આદિ ચાર અવસ્થાઓનો વિચાર ચોથેથી ચૌદમા સુધીના ગુણસ્થાનોના વિચાર સાથે મળતો આવે છે અથવા એમ કહેવું જોઈએ કે એ ચાર અવસ્થાઓ ચોથા વગેરે ગુણસ્થાનોનો સંક્ષેપ માત્ર છે.

જેમ જૈનશાસ્ત્રમાં લબ્ધિઓનું અને યોગશાસ્ત્રમાં યોગની વિભૂતિઓનું વર્ણન છે તેમ બૌદ્ધશાસ્ત્રમાં આધ્યાત્મિક વિકાસ વખતે પ્રાપ્ત થતી સિદ્ધિઓનું વર્ણન છે જેને એ શાસ્ત્રમાં અભિજ્ઞા કહેવામાં આવે છે. એવી અભિજ્ઞાઓ છ છે જેમાં પાંચ લૌકિક અને એક લોકોત્તર[63] છે.

બૌદ્ધશાસ્ત્રમાં બોધિસત્ત્વનું જે લક્ષણ[64] છે તે જ જૈનશાસ્ત્ર પ્રમાણે સમ્યગ્દષ્ટિનું લક્ષણ છે. જે સમ્યગ્દષ્ટિ હોય તે જો ગૃહસ્થના આરંભ – સમારંભ આદિ કાર્યોમાં પ્રવૃત્ત થાય તોએ તેની એ પ્રવૃત્તિ તપ્તલોહપદન્યાસ જેવી એટલે ગરમ લોઢા ઉપર મુકાતા પગ જેવી સકંપ ( પાપભીરુ ) હોય છે. બૌદ્ધશાસ્ત્રમાં પણ બોધિસત્ત્વનું એવું જ સ્વરૂપ માની તેને ‘ કાયપાતી ’ અર્થાત્ શરીર માત્રથી ( મનથી નહિ ) સાંસારિક પ્રવૃત્તિમાં પડનાર[65] કહેલ છે. તે ચિત્તપાતી નથી હોતો.

## ટિપ્પણો

पृ. २७ :

१"गंठि त्ति सुदुब्भेओ कक्खडघणरूढगूढगंठि व्व।
जीवस्स कम्मजणिओ घणरागद्दोसपरिणामो ॥११९५॥
भिन्नम्मि तम्मि लोभो सम्मत्ताईण मोक्खहेऊणं।
सो य दुल्लभो परिस्समचित्तविघायाइविग्घेहिं ॥११९६॥
सो तत्थ परिस्सम्मइ घोरमहासमरनिग्गयाइ व्व।
विज्जा य सिद्धिकाले जह बहुविग्घा तहा सो वि"॥११९७॥

— विशेषावश्यक भाष्य।

पृ. २८ :

२"जह वा तिन्नि मणुस्सा जंतडविपहं सहावगमणेणं।
वेलाइक्कमभीया तुरंति पत्ता य दो चोरा ॥१२११॥
दट्ठुं मग्गतडत्थे ते एगो मग्गओ पडिनियत्तो।
बितिओ गहिओ तइओ समइक्कंतुं पुरं पत्तो ॥१२१२॥
अडवी भवो मणूसा जीवा कम्मट्ठिई पहो दीहो।
गंठी य भयट्ठाणं रागद्दोसा य दो चोरा ॥१२१३॥
भग्गो ठिइपरिवुड्ढी गहिओ पुण गंठिओ गओ तइओ।
सम्मत्तपुरं एवं जोएज्जा तिण्णि करणाणि" ॥१२१४॥

— विशेषावश्यक भाष्य।

"यथा जनास्त्रयः केऽपि महापुरं यियासवः।
प्राप्ताः क्वचन कान्तारे स्थानं चौरैः भयंकरम् ॥६१९॥
तत्र द्रुतं द्रुतं यान्तो ददृशुस्तस्करद्वयम्।
तद् दृष्ट्वा त्वरितं पश्चादेको भीतः पलायितः ॥६२०॥

गृहीतश्चापरस्ताभ्यामन्यस्त्ववगणय्य तौ ।
भयस्थानमतिक्रम्य पुरं प्राप पराक्रमी ॥६२१॥

दृष्टान्तोपनयश्चात्र जना जीवा भवोऽटवी ।
पन्था कर्मस्थितिर्ग्रन्थिदेशस्त्विह भयास्पदम् ॥६२२॥

रागद्वेषौ तस्करौ द्वौ तद्भीतो वलितस्तु सः ।
ग्रन्थिं प्राप्यापि दुर्भावाद् यो ज्येष्ठस्थितिबन्धकः ॥६२३॥

चौररुद्धस्तु स ज्ञेयस्तादृग्रागादिबाधितः ।
ग्रन्थिं भिनत्ति यो नैव न चापि वलते ततः ॥६२४॥

स त्वभीष्टपुरं प्राप्तो योऽपूर्वकरणाद् द्रुतम् ।
रागद्वेषावपाकृत्य सम्यग्दर्शनमाप्तवान्" ॥६२५॥

— लोकप्रकाश, सर्ग ३ ।

पृ. २९ :

[3]"मिथ्यात्वे मन्दतां प्राप्ते मित्राद्या अपि दृष्टयः ।
मार्गाभिमुखभावेन कुर्वते मोक्षयोजनम्" ॥३१॥

—श्रीयशोविजयजीकृत योगावतारद्वात्रिंशिका ।

[4]"सच्छ्रद्धासंगतो बोधो दृष्टिः सा चाष्टधोदिता ।
मित्रा तारा बला दीप्रा स्थिरा कान्ता प्रभा परा ॥२५॥

तृणगोमयकाष्ठाग्निकणदीपप्रभोपमा ।
रत्नताराकचन्द्राभा क्रमेणेक्ष्वादिसन्निभा" ॥२६॥

"आद्याश्चतस्रः सापायपाता मिथ्यादृशामिह ।
तत्त्वतो निरपायाश्च भिन्नग्रन्थेस्तथोत्तराः" ॥२८॥

— योगावतारद्वात्रिंशिका ।

पृ. ३०: [5]આના માટે જુઓ : શ્રીહરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચય તથા ઉપાધ્યાય યશોવિજયજીકૃત ૨૧થી ૨૪ સુધીની ચાર દ્વાત્રિંશિકાઓ.

[6]"यथाप्रवृत्तकरणं नन्वनाभोगरूपकम् ।
भवत्यनाभोगतश्च कथं कर्मक्षयोऽङ्गिनाम् ॥६०७॥

"यथा मिथो घर्षणेन ग्रावाणोऽद्रिनदीगताः ।
स्युश्चित्राकृत्यो ज्ञानशून्या अपि स्वभावतः ॥६०८॥

तथा यथाप्रवृत्तात्स्युरप्यनाभोगलक्षणात् ।
लघुस्थितिककर्माणो जन्तवोऽत्रान्तरेऽथ च" ॥६०९॥

— लोकप्रकाश, सर्ग ३ ।

[7]એને દિગમ્બરસમ્પ્રદાયમાં 'અથાવૃત્તકરણ' કહે છે. આના માટે જુઓ : તત્ત્વાર્થ-અધ્યાય ૯ ના ૧ લા સૂત્રનું ૧૩ મું રાજવાર્તિક.

[8]"तीव्रधारपर्शुकल्पाऽपूर्वाख्यकरणेन हि ।
आविष्कृत्य परं वीर्यं ग्रन्थिं भिन्दन्ति केचन" ॥६१८॥

— लोकप्रकाश, सर्ग ३ ।

[9]"परिणामविशेषोऽत्र करणं प्राणिनां मतम्" ॥५९९॥

— लोकप्रकाश, सर्ग ३ ।

[10]"अथानिवृत्तिकरणेनातिस्वच्छाशयात्मना ।
करोत्यन्तरकरणमन्तर्मुहूर्त्तसंमितम् ॥६२७॥

कृते च तस्मिन् मिथ्यात्वमोहस्थितिर्द्विधा भवेत् ।
तत्राद्यान्तरकरणादधस्तन्यपरोर्ध्वगा ॥६२८॥

तत्राद्यायां स्थितौ मिथ्यादृक् स तद्दलवेदनात् ।
अतीतायामथैतस्यां स्थितावन्तर्मुहूर्त्ततः ॥६२९॥

प्राप्नोत्यन्तरकरणं तस्याद्यक्षण एव सः ।
सम्यक्त्वमौपशमिकमपौद्गलिकमाप्नुयात् ॥६३०॥

यथा वनदवो दग्धेन्धनः प्राप्यातृणं स्थलम् ।
स्वयं विध्यायति तथा मिथ्यात्वोग्रदवानलः ॥६३१॥

अत्रापूर्वान्तरकरणं क्षिप्रं मिथ्यायति स्फुटम्।
तदौपशमिकं नाम सम्यक्त्वं लभतेऽसुमान्" ॥६३२॥

— लोकप्रकाश, सर्ग ३।

पृ. ३२ :

११"जिनोक्तादविपर्यस्ता सम्यग्दृष्टिर्निगद्यते।
सम्यक्त्वशालिनां सा स्यात्तच्चैवं जायतेऽङ्गिनाम्" ॥५९६॥

— लोकप्रकाश, सर्ग ३।

पृ. ३९ :

१२"योगसंन्यासतस्त्यागी योगानप्यखिलाँस्त्यजेत्।
इत्येवं निर्गुणं ब्रह्म परोक्तमुपपद्यते ॥७॥
वस्तुतस्तु गुणैः पूर्णमनन्तैर्भासते स्वतः।
रूपं त्यक्तात्मनः साधोर्निरभ्रस्य विधोरिव" ॥८॥

— ज्ञानसार, त्यागाष्टक।

पृ. ४१ :

१३"अन्ये तु मिथ्यादर्शनादिभावपरिणतो बाह्यात्मा, सम्यग्दर्शनादिपरिणतस्त्वन्तरात्मा, केवलज्ञानादिपरिणतस्तु परमात्मा। तत्राद्यगुणस्थानत्रये बाह्यात्मा, ततः परं क्षीणमोहगुणस्थानं यावदन्तरात्मा, ततः परन्तु परमात्मेति। तथा व्यक्त्या बाह्यात्मा, शक्त्या परमात्मान्तरात्मा च। व्यक्त्यान्तरात्मा तु शक्त्या परमात्मा अनुभूतपूर्वनयेन च बाह्यात्मा, व्यक्त्या परमात्मा, अनुभूतपूर्वनयेनैव बाह्यात्मान्तरात्मा च"।

— अध्यात्ममतपरीक्षा, गाथा १२५।

"बाह्यात्मा चान्तरात्मा च परमात्मेति च त्रयः ।
कायाधिष्ठायकध्येयाः प्रसिद्धा योगवाङ्मये ॥१७॥
अन्ये मिथ्यात्वसम्यक्त्वकेवलज्ञानभागिनः ।
मिश्रे च क्षीणमोहे च विश्रान्तास्ते त्वयोगिनि" ॥१८॥

— योगावतारद्वात्रिंशिका ।

पृ. ४२ :

[14] "आर्तरौद्रधर्मशुक्लानि ।"

— तत्त्वार्थ० अध्याय ९, सूत्र २९ ।

[15] આના માટે જુઓ : તત્ત્વાર્થ અ૦ ૯ સૂત્ર ૩૫ થી ૪૦, ધ્યાનશતક, ગા૦ ૬૩ અને ૬૪ તથા આવશ્યક-હારિભદ્રી ટીકા પૃ. ૬૦૨. આ વિષયનાં ઉપર કહેલાં સૂત્રો માટે રાજવાર્તિક વિશેષ જોવા યોગ્ય છે; કેમ કે તેમાં શ્વેતાંબર ગ્રંથોથી થોડો મતભેદ છે.

पृ. ४३ :

[16] "तत्र मिथ्यादर्शनोदयवशीकृतो मिथ्यादृष्टिः" ।

— तत्त्वार्थ० अध्याय ९, सू०१, राजवार्त्तिक १२ ।

"आत्मधिया समुपात्तकायादिः कीर्त्यतेऽत्र बहिरात्मा ।
कायादेः समधिष्ठायको भवत्यन्तरात्मा तु" ॥७॥

— योगशास्त्र, प्रकाश १२ ।

"निर्मलं स्फटिकस्येव सहजं रूपमात्मनः ।
अध्यस्तोपाधिसंबन्धो जडस्तत्र विमुह्यति" ॥६॥

— ज्ञानसार, मोहाष्टक ।

"नित्यशुच्यात्मताख्यातिरनित्याशुच्यनात्मसु ।
अविद्या तत्त्वधीर्विद्या योगाचार्यैः प्रकीर्तिता" ॥१॥

— ज्ञान० विद्याष्टक ।

"भ्रमवाटी बहिर्दृष्टिर्भ्रमच्छाया तदीक्षणम्।
अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु नास्यां शेते सुखाऽऽशया" ॥२॥

—ज्ञानसार, तत्त्वदृष्टि अष्टक।

१७"यस्याऽज्ञानात्मनोऽज्ञस्य देह एवात्मभावना।
उदितेति रुषैवाक्षरिपवोऽभिभवन्ति तम्" ॥३॥

—निर्वाणप्रकरण, पूर्वार्ध, सर्ग ६।

१८"अनित्याऽशुचिदुःखाऽनात्मसु नित्यशुचिसुखात्मख्या-
तिरविद्या"।

—पातञ्जलयोगसूत्र, साधनपाद, सूत्र ५।

१९"समुदायावयवयोर्बन्धहेतुत्वं वाक्यपरिसमाप्तेर्वैचित्र्यात्"।

—तत्त्वार्थ० अध्याय ९, सू० १, वार्तिक ३१।

"विकल्पचषकैरात्मा पीतमोहासवो ह्ययम्।
भवोच्चतालमुत्तालप्रपञ्चमधितिष्ठति" ॥५॥

—ज्ञा० मोहाष्टक।

२०"अज्ञानात्प्रसृता यस्माज्जगत्पर्णपरम्पराः।
यस्मिंस्तिष्ठन्ति राजन्ते विशन्ति विलसन्ति च" ॥५३॥
"आपातमात्रमधुरत्वमनर्थसत्त्वमाद्यन्तवत्त्वमखिल-
स्थितिभङ्गुरत्वम्।
अज्ञानशाखिन इति प्रसृतानि राम नानाकृतीनि
विपुलानि फलानि तानि" ॥६१॥

—निर्वाणप्रकरण पूर्वार्ध, सर्ग ६।

२१"जन्मपर्वाहिनीरन्ध्रा विनाशच्छिद्रचञ्चुरा।
भोगाभोगरसापूर्णा विचारैकघुणक्षता" ॥११॥ —सर्ग ८।

२२" मिथःस्वान्ते तयोरन्तश्छायातपनयोरिव ।
अविद्यायां विलीनायां क्षीणे द्वे एव कल्पने ॥२३॥
एते राघव ! लीयेते अवाप्यं परिशिष्यते ।
अविद्यासंक्षयात क्षीणो विद्यापक्षोऽपि राघव !" ॥२४॥
—सर्ग ९ ।

पृ. ४८ :

२३" अविद्या संसृतिर्बन्धो माया मोहो महत्तमः ।
कल्पितानीति नामानि यस्याः सकलवेदिभिः" ॥२०॥
"द्रष्टुर्दृश्यस्य सत्ताऽङ्गबन्ध इत्यभिधीयते ।
द्रष्टा दृश्यबलाद् बद्धो दृश्याऽभावे विमुच्यते" ॥२२॥
—उत्पत्तिप्रकरण, सर्ग १ ।
"तस्माच्चित्तविकल्पस्थ पिशाचो बालकं यथा ।
विनिहन्त्येवमेषान्तर्द्रष्टारं दृश्यरूपिका" ॥३८॥
—उत्पत्तिप्र० स० ३ ।
२४" ज्ञप्तिर्हि ग्रन्थिविच्छेदस्तस्मिन् सति हि मुक्तता ।
मृगतृष्णाम्बुबुद्ध्यादिशान्तिमात्रात्मकस्त्वसौ" ॥२३॥
—उत्पत्तिप्र० स० ११८ ।
२५" तत्स्वयं स्वैरमेवाशु संकल्पयति नित्यशः ।
तेनेत्थमिन्द्रजालश्रीर्विततेयं वितन्यते" ॥१६॥
"यदिदं दृश्यते सर्वं जगत्स्थावरजङ्गमम् ।
तत्सुषुप्ताविव स्वप्नः कल्पान्ते प्रविनश्यति" ॥१०॥
—उत्पत्तिप्रकरण, स० १ ।
"स तथाभूत एवात्मा स्वयमन्य इवोल्लसन् ।
जीवतामुपयातीव भाविनाम्ना कदर्थिताम्" ॥१३॥

२६ "उत्पद्यते यो जगति स एव किल वर्धते।
स एव मोक्षमाप्नोति स्वर्गं वा नरकं च वा ॥७॥

— उत्पत्तिप्रकरण, स० १।

२७ "स्वरूपावस्थितिर्मुक्तिस्तद्भ्रंशोऽहंत्ववेदनम्।
एतत् संक्षेपतः प्रोक्तं तज्ज्ञत्वाज्ञत्वलक्षणम्" ॥८॥

— उत्पत्तिप्रकरण, स० ११७।

२८ "अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत्।
अयमेव हि नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित्" ॥१॥

— ज्ञानसार, मोहाष्टक।

"स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते।
ध्यान्ध्यमात्रमतस्त्वन्यत्तथा चोक्तं महात्मना" ॥३॥

— ज्ञानसार, ज्ञानाष्टक।

२९ "अनाद्यन्तावभासात्मा परमात्मेह विद्यते।
इत्येको निश्चयः स्फारः सम्यग्ज्ञानं विदुर्बुधाः" ॥२॥

— उपशमप्रकरण, स० ७९।

३० "तन्निसर्गादधिगमाद् वा"।

— तत्त्वार्थ० अ० १, सू० ३।

३१ "एकस्तावद् गुरुप्रोक्तादनुष्ठानाच्छनैः शनैः।
जन्मना जन्मभिर्वापि सिद्धिदः समुदाहृतः ॥३॥

द्वितीयस्त्वात्मनैवाशु किंचिद्व्युत्पन्नचेतसा।
भवति ज्ञानसंप्राप्तिराकाशफलपातवत्" ॥४॥

— उपशमप्रकरण, स० ७।

पृ. ४८ :

[३२] "अज्ञानभूः सप्तपदा ज्ञभूः सप्तपदैव हि।
पदान्तराण्यसंख्यानि भवन्त्यन्यान्यथैतयोः" ॥२॥

"तत्रारोपितमज्ञानं तस्य भूमीरिमाः शृणु ।
बीजजाग्रत्तथा जाग्रद् महाजाग्रत्तथैव च ॥११॥

जाग्रत्स्वप्नस्तथा स्वप्नः स्वप्नजाग्रत् सुषुप्तकम् ।
इति सप्तविधो मोहः पुनरेव परस्परम् ॥१२॥

श्लिष्टो भवत्यनेकाख्यः शृणु लक्षणमस्य च ।
प्रथमे चेतनं यत्स्यादनाख्यं निर्मलं चितः ॥१३॥

भविष्यच्चित्तजीवादिनामशब्दार्थभाजनम् ।
बीजरूपं स्थितं जाग्रत् बीजजाग्रत्तदुच्यते ॥१४॥

एषा ज्ञप्तेर्नवावस्था त्वं जाग्रत्संसृतिं शृणु ।
नवप्रसूतस्य परादयं चाहमिदं मम ॥१५॥

इति यः प्रत्ययः स्वस्थस्तज्जाग्रत्प्रागभावनात् ।
अयं सोऽहमिदं तन्मे इति जन्मान्तरोदितः ॥१६॥

पीवरः प्रत्ययः प्रोक्तो महाजाग्रदिति स्फुरन् ।
अरूढमथवा रूढं सर्वथा तन्मयात्मकम् ॥१७॥
यज्जाग्रतो मनोराज्यं जाग्रत्स्वप्नः स उच्यते ।
द्विचन्द्रशुक्तिकारूप्यमृगतृष्णादिभेदतः ॥१८॥
अभ्यासात् प्राप्य जाग्रत्त्वं स्वप्नोऽनेकविधो भवेत् ।
अल्पकालं मया दृष्टं एवं नो सत्यमित्यपि ॥१९॥
निद्राकालानुभूतेऽर्थे निद्रान्ते प्रत्ययो हि यः ।
स स्वप्नः कथितस्तस्य महाजाग्रत्स्थितेर्हृदि ॥२०॥
चिरसंदर्शनाभावादप्रफुल्लबृहद्वपुः ।
स्वप्नो जाग्रत्तयारूढो महाजाग्रत्पदं गतः ॥२१॥

अक्षते वा क्षते देहे स्वप्नजाग्रन्मतं हि तत् ।
षडवस्थापरित्यागे जडा जीवस्य या स्थितिः ॥२२॥

भविष्यद्दुःखबोधाढ्या सौषुप्ती सोच्यते गतिः ।
एते तस्यामवस्थायां तृणलोष्ठशिलादयः ॥२३॥

पदार्थाः संस्थिताः सर्वे परमाणुप्रमाणिनः ।
सप्तावस्था इति प्रोक्ता मयाऽज्ञानस्य राघव !" ॥२४॥

— उत्पत्तिप्रकरण, स० ११७ ।

"ज्ञानभूमिः शुभेच्छाख्या प्रथमा समुदाहृता ।
विचारणा द्वितीया तु तृतीया तनुमानसा ॥५॥

सत्त्वापत्तिश्चतुर्थी स्यात्ततो संसक्तिनामिका ।
पदार्थभावनी षष्ठी सप्तमी तुर्यगा स्मृता ॥६॥

आसामन्ते स्थिता मुक्तिस्तस्यां भूयो न शोच्यते ।
एतासां भूमिकानां त्वमिदं निर्वचनं शृणु ॥७॥

स्थितः किं मूढ ! एवास्मि प्रेक्ष्येऽहं शास्त्रसज्जनैः ।
वैराग्यपूर्वमिच्छेति शुभेच्छेत्युच्यते बुधैः ॥८॥

शास्त्रसज्जनसंपर्कवैराग्याभ्यासपूर्वकम् ।
सदाचारप्रवृत्तिर्या प्रोच्यते सा विचारणा ॥९॥

विचारणा शुभेच्छाभ्यामिन्द्रियार्थेष्वसक्तता ।
याऽत्र सा तनुताभावात् प्रोच्यते तनुमानसा ॥१०॥

भूमिकात्रितयाभ्यासाच्चित्तेऽर्थे विरतेर्वशात् ।
सत्यात्मनि स्थितिः शुद्धे सत्त्वापत्तिरुदाहृता ॥११॥

दशाचतुष्टयाभ्यासादसंसंगफलेन च ।
रूढसत्त्वचमत्कारात् प्रोक्ता संसक्तिनामिका ॥१२॥

भूमिकापञ्चकाभ्यासात् स्वात्मारामतया दृढम् ।
आभ्यन्तराणां बाह्यानां पदार्थानामभावनात् ॥१३॥

परप्रयुक्तेन चिरं प्रयत्नेनार्थभावनात् ।
पदार्थाभावना नाम्नी षष्ठी संजायते गतिः ॥१४॥

भूमिषट्कचिराभ्यासाद्भेदस्यानुपलम्भतः ।
यत्स्वभावैकनिष्ठत्वं सा ज्ञेया तुर्यगा गतिः" ॥१५॥

— उत्पत्तिप्रकरण, स० ११८।

[33]योग० निर्वाणप्र०स० १७०; निर्वाणप्र०उ०स० ११९।

योग० स्थितिप्रकरण स० ५७; निर्वाणप्र०स० १९९।

[34]"जागर्ति ज्ञानदृष्टिश्चेत्तृष्णा कृष्णाऽहिजाङ्गुली ।
पूर्णानन्दस्य तत्किं स्याद्दैन्यवृश्चिकवेदना" ॥४॥

— ज्ञानसार, पूर्णताष्टक।

"अस्ति चेद् ग्रन्थिभिद् ज्ञानं किं चित्रैस्तन्त्रयन्त्रणैः ।
प्रदीपाः क्वोपयुज्यन्ते तमोघ्नी दृष्टिरेव चेत् ॥६॥

मिथ्यात्वशैलपक्षच्छिद् ज्ञानदम्भोलिशोभितः ।
निर्भयः शक्रवद्योगी नन्दत्यानन्दनन्दने ॥७॥

पीयूषमसमुद्रोत्थं रसायनमनौषधम् ।
अनन्यापेक्षमैश्वर्यं ज्ञानमाहुर्मनीषिणः" ॥८॥

— ज्ञानसार, ज्ञानाष्टक।

"संसारे निवसन् स्वार्थसज्जः कज्जलवेश्मनि ।
लिप्यते निखिलो लोको ज्ञानसिद्धो न लिप्यते ॥१॥

नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता च न ।
नानुमन्तापि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ॥२॥

लिप्यते पुद्गलस्कन्धो न लिप्ये पुद्गलैरहम् ।
चित्रव्योमाञ्जनेनेव ध्यायन्निति न लिप्यते ॥३॥

लिप्तताज्ञानसंपातप्रतिघाताय केवलम् ।
निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ॥४॥

तपःश्रुतादिना मत्तः क्रियावानपि लिप्यते ।
भावनाज्ञानसंपन्नो निष्क्रियोऽपि न लिप्यते ।" ॥५॥

—ज्ञानसार, निर्लेपाष्टक ।

"छिन्दन्ति ज्ञानदात्रेण स्पृहाविषलतां बुधाः ।
मुखशोषं च मूर्च्छां च दैन्यं यच्छति यत्फलम" ॥३॥

— ज्ञानसार, निःस्पृहाष्टक ।

"मिथोयुक्तपदार्थानामसंक्रमचमत्क्रिया ।
चिन्मात्रपरिणामेन विदुषैवानुभूयते ॥७॥

अविद्यातिमिरध्वंसे दृशा विद्याञ्जनस्पृशा ।
पश्यन्ति परमात्मानमात्मन्येव हि योगिनः" ॥८॥

— ज्ञानसार, विद्याष्टक ।

"भवसौख्येन किं भूरि भयज्वलनभस्मना ।
सदा भयोज्झितं ज्ञानं सुखमेव विशिष्यते ॥२॥

न गोप्यं क्वापि नारोप्यं हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेः स्थेयं ज्ञेयं ज्ञानेन पश्यतः ॥३॥

एकं ब्रह्मास्त्रमादाय निघ्नन्मोहचमूं मुनिः ।
बिभेति नैव संग्रामशीर्षस्थ इव नागराट् ॥४॥

मयूरी ज्ञानदृष्टिश्चेत्प्रसर्पति मनोवने ।
वेष्टनं भयसर्पाणां न तदाऽऽनन्दचन्दने ॥५॥

कृतमोहास्त्रवैफल्यं ज्ञानवर्म बिभर्ति यः ।
क्व भीस्तस्य क्व वा भङ्गः कर्मसंगरकेलिषु ॥६॥

तूलवल्लघवो मूढा भ्रमन्त्यभ्रे भयानिलैः।
नैकं रोमापि तैर्ज्ञानगरिष्ठानां तु कम्पते ॥७॥
चित्ते परिणतं यस्य चारित्रमकुतोभयम्।
अखण्डज्ञानराज्यस्य तस्य साधोः कुतो भयम्" ॥८॥

—ज्ञानसार, निर्भयाष्टक।

"अदृष्टार्थेऽनुधावन्तः शास्त्रदीपं विना जडाः।
प्राप्नुवन्ति परं खेदं प्रस्खलन्तः पदे पदे" ॥५॥

"अज्ञानाहिमहामन्त्रं स्वाच्छन्द्यज्वरलङ्घनम्।
धर्मारामसुधाकुल्यं शास्त्रमाहुर्महर्षयः ॥७॥
शास्त्रोक्ताचारकर्त्ता च शास्त्रज्ञः शास्त्रदेशकः।
शास्त्रैकदृग् महायोगी प्राप्नोति परमं पदम्" ॥८॥

—ज्ञानसार, शास्त्राष्टक।

"ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात्तपः।
तदाभ्यन्तरमेवेष्टं बाह्यं तदुपबृंहकम् ॥१॥
आनुस्रोतसिकी वृत्तिर्बालानां सुखशीलता।
प्रातिस्रोतसिकी वृत्तिर्ज्ञानिनां परमं तपः" ॥२॥

"सदुपायप्रवृत्तानामुपेयमधुरत्वतः।
ज्ञानिनां नित्यमानन्दवृद्धिरेव तपस्विनाम्" ॥४॥

—ज्ञानसार, तपोष्टक।

३५ "न तद् गुरोर्न शास्त्रार्थान्नपुण्यात् प्राप्यते पदम्।
यत साधुसङ्गाभ्युदिताद्विचारविशदाद्धृदः ॥१७॥
सुन्दर्या निजया बुद्ध्या प्रज्ञयेव वयस्यया।
पदमासाद्यते राम! न नाम क्रियया‍ऽन्यया ॥१८॥

यस्योज्ज्वलति तीक्ष्णाग्रा पूर्वापरविचारिणी।
प्रज्ञादीपशिखा जातु जाड्यान्ध्यं तं न बाधते ॥१९॥

दुरुत्तरा या विपदो दुःखकल्लोलसंकुलाः।
तीर्यते प्रज्ञया ताभ्यो नावाऽपद्भ्यो महामते! ॥२०॥

प्रज्ञाविरहितं मूढमापदल्पापि बाधते।
पेलवा चाऽनिलकला सारहीनमिवोलपम् " ॥२१॥

" प्रज्ञावानसहायोपि कार्यान्तमधिगच्छति।
दुष्प्रज्ञः कार्यमासाद्य प्रधानमपि नश्यति ॥२३॥

शास्त्रसज्जनसंसर्गैः प्रज्ञां पूर्वं विवर्धयेत्।
सेकसंरक्षणारम्भैः फलप्राप्तौ लतामिव ॥२४॥

प्रज्ञाबलबृहन्मूलः काले सत्कार्यपादपः।
फलं फलत्यतिस्वादु भासो बिम्बमिवैन्दवम् ॥२५॥

य एव यत्नः क्रियते बाह्यार्थोपार्जने जनैः।
स एव यत्नः कर्तव्यः पूर्वं प्रज्ञाविवर्धने ॥२६॥

सीमान्तं सर्वदुःखानामापदां कोशमुत्तमम्।
बीजं संसारवृक्षाणां प्रज्ञामान्द्यं विनाशयेत् ॥२७॥

स्वर्गाद्यद्यच्च पातालाद्राज्याद्यत्समवाप्यते।
तत्समासाद्यते सर्वं प्रज्ञाकोशान्महात्मना ॥२८॥

प्रज्ञयोत्तीर्यते भीमात्तस्मात् संसारसागरात्।
न दानैर्न च वा तीर्थैस्तपसा न च राघव! ॥२९॥

यत्प्राप्ताः संपदं दैवीमपि भूमिचरा नराः।
प्रज्ञापुण्यलतायास्तत्फलं स्वादु समुत्थितम् ॥३०॥

प्रज्ञया नखरालूनमत्तवारणयूथपाः।
जम्बुकैर्विजिताः सिंहा सिंहैर्हरिणका इव ॥३१॥

सामान्यैरपि भूपत्वं प्राप्तं प्रज्ञावशान्नरैः।
स्वर्गापवर्गयोग्यत्वं प्राज्ञस्यैवेह दृश्यते ॥३२॥

प्रज्ञया वादिनः सर्वे स्वविकल्पविलासिनः।
जयन्ति सुभटप्रख्यान्नरानप्यतिभीरवः ॥३३॥

चिन्तामणिरियं प्रज्ञा हृत्कोशस्था विवेकिनः।
फलं कल्पलतेवैषा चिन्तितं सम्प्रयच्छति ॥३४॥

भव्यस्तरति संसारं प्रज्ञयापोह्यतेऽधमः।
शिक्षितः पारमाप्नोति नावा नाप्नोत्यशिक्षितः ॥३५॥

धीः सम्यग्योजिता पारमसम्यग्योजिताऽऽपदम्।
नरं नयति संसारे भ्रमन्ती नौरिवार्णवे ॥३६॥

विवेकिनमसंमूढं प्राज्ञमाशा गणोत्थिताः।
दोषा न परिबाधन्ते, सन्नद्धमिव सायकाः ॥३७॥

प्रज्ञयेह जगत्सर्वं सम्यगेवाङ्ग दृश्यते।
सम्यग्दर्शनमायान्ति नापदो न च संपदः ॥३८॥

पिधानं परमार्कस्य जडात्मा विततोऽसितः।
अहंकाराम्बुदो मत्तः प्रज्ञावातेन बाध्यते" ॥३९॥

— उपशमप्रकरण, प्रज्ञामाहात्म्य।

पृ. ४६ :

३६ "मोक्षेण योजनादेव योगो ह्यत्र निरुच्यते।
लक्षणं तेन तन्मुख्यहेतुव्यापारतास्य तु" ॥१॥

— योगलक्षणद्वात्रिंशिका।

३७ "प्रणिधानं प्रवृत्तिश्च तथा विघ्नजयस्त्रिधा।
सिद्धिश्च विनियोगश्च एते कर्मशुभाशयाः" ॥१०॥

" एतैराशययोगैस्तु विना धर्माय न क्रिया।
प्रत्युत प्रत्यपायाय लोभक्रोधक्रिया यथा" ॥१६॥

— योगलक्षणद्वात्रिंशिका।

३८ "योगश्चित्तवृत्तिनिरोधः। पातञ्जलसूत्र, पा० १, सू० २।

३९ "मुख्यत्वं चान्तरङ्गत्वात् फलाक्षेपाच्च दर्शितम्।
चरमे पुद्गलावर्ते यत एतस्य संभवः ॥२॥

न सन्मार्गाभिमुख्यं स्यादावर्तेषु परेषु तु।
मिथ्यात्वच्छन्नबुद्धीनां दिङ्मूढानामिवाङ्गिनाम्" ॥३॥

— योगलक्षणद्वात्रिंशिका।

पृ. ४७ :

४० "चरमावर्तिनो जन्तोः सिद्धेरासन्नता ध्रुवम्।
भूयांसोऽमी व्यतिक्रान्तास्तेष्वेको बिन्दुरम्बुधौ ॥२८॥

— मुक्त्यद्वेषप्राधान्यद्वात्रिंशिका।

४१ "योजनाद्योग इत्युक्तो मोक्षेण मुनिसत्तमैः।
स निवृत्ताधिकारायां प्रकृतौ लेशतो ध्रुवः" ॥१४॥

— अपुनर्बन्धद्वात्रिंशिका।

४२ "अध्यात्मं भावना ध्यानं समता वृत्तिसंक्षयः।
योगः पञ्चविधः प्रोक्तो योगमार्गविशारदैः" ॥१॥

— योगभेदद्वात्रिंशिका।

४३ જુઓ પાદ ૧, સૂત્ર ૧૭ અને ૧૮.

४४ જુઓ પાદ ૧, સૂત્ર ૧૨, ૧૫ અને ૧૬.

पृ. ४९ :

४५ "विषयदोषदर्शनजनितमापातधर्मसंन्यासलक्षणं प्रथमम्,
सतत्त्वचिन्तया विषयौदासीन्येन जनितं द्वितीयापूर्व-

करणभावितात्त्विकधर्मसंन्यासलक्षणं द्वितीयं वैराग्यं, यत्र क्षायोपशमिका धर्मा अपि क्षीयन्ते क्षायिकाश्चोत्पद्यन्ते इत्यस्माकं सिद्धान्तः"। —श्रीयशोविजयजीकृत-
पातंजलदर्शनसूत्रवृत्ति पाद १, सूत्र १६।

४६" पूर्वसेवा तु योगस्य गुरुदेवादिपूजनम्।
सदाचारस्तपो मुक्त्यद्वेषश्चेति प्रकीर्तिताः" ॥१॥

—पूर्वसेवाद्वात्रिंशिका।

४७" उपायत्वेऽत्र पूर्वेषामन्त्य एवावशिष्यते।
तत्पञ्चमगुणस्थानादुपायोऽर्वागिति स्थितिः" ॥३१॥

—योगभेदद्वात्रिंशिका।

४८"शुक्लपक्षेन्दुवत्प्रायो वर्धमानगुणः स्मृतः।
भवाभिनन्दिदोषाणामपुनर्बन्धको व्यये ॥१॥

अस्यैव पूर्वसेवोक्ता मुख्याऽन्यस्योपचारतः।
अस्यावस्थान्तरं मार्गपतिताभिमुखौ पुनः" ॥२॥

—अपुनर्बन्धकद्वात्रिंशिका।

" अपुनर्बन्धकस्यायं व्यवहारेण तात्त्विकः।
अध्यात्मभावनारूपो निश्चयेनोत्तरस्य तु ॥१४॥

सकृदावर्तनादीनामतात्त्विक उदाहृतः।
प्रत्यपायफलप्रायस्तथा वेषादिमात्रतः ॥१५॥

शुद्ध्यपेक्षा यथायोगं चारित्रवत एव च।
हन्त ध्यानादिको योगस्तात्त्विकः प्रविजृम्भते" ॥१६॥

—योगविवेकद्वात्रिंशिका।

४९ "संप्रज्ञातोऽवतरति ध्यानभेदेऽत्र तत्त्वतः।
तात्त्विकी च समापत्तिर्नात्मनो भाव्यतां विना" ॥१५॥

"असम्प्रज्ञातनामा तु संमतो वृत्तिसंक्षयः ।
सर्वतोऽस्मादकरणनियमः पापगोचरः" ॥२१॥

— योगावतारद्वात्रिंशिका ।

पृ. ८० :

५० "औचित्याद्व्रतयुक्तस्य वचनात्तत्त्वचिन्तनम् ।
मैत्र्यादिभावसंयुक्तमध्यात्मं तद्विदो विदुः" ॥ ॥२॥

— योगभेदद्वात्रिंशिका ।

५१ "अभ्यासो वृद्धिमानस्य भावना बुद्धिसंगतः ।
निवृत्तिरशुभाभ्यासाद्भाववृद्धिश्च तत्फलम्" ॥९॥

— योगभेदद्वात्रिंशिका ।

५२ "उपयोगे विजातीयप्रत्ययाव्यवधानभाक् ।
शुभैकप्रत्ययो ध्यानं सूक्ष्माभोगसमन्वितम्" ॥११॥

— योगभेदद्वात्रिंशिका ।

५३ "व्यवहारकुदृष्ट्योच्चैरिष्टानिष्टेषु वस्तुषु ।
कल्पितेषु विवेकेन तत्त्वधीः समतोच्यते" ॥२२॥

— योगभेदद्वात्रिंशिका ।

५४ "विकल्पस्यन्दरूपाणां वृत्तीनामन्यजन्मनाम् ।
अपुनर्भावतो रोधः प्रोच्यते वृत्तिसंक्षयः" ॥२५॥

— योगभेदद्वात्रिंशिका ।

५५ "द्विविधोऽप्ययमध्यात्मभावनाध्यानसमतावृत्तिसंक्षयभेदेन पञ्चधोक्तस्य योगस्य पञ्चमभेदेऽवतरति" इत्यादि ।

— पाद १, सू० १८

[५६]જુઓ ત્રીજું વિભૂતિપાદ.

[५७]જુઓ આવશ્યકનિર્યુક્તિ, ગા૦ ૬૯ અને ૭૦.

પૃ. ૯૧ : [५८]જુઓ પ્રો૦ સિ૦ વિ૦ રાજવાડે સમ્પાદિત–
મજ્ઝિમનિકાયનો મરાઠી અનુવાદ સૂ૦ ૬. પ્રે૦ ૨, સૂ૦ ૨૨. પ્રે૦ ૧૫, સૂ૦ ૩૪. પ્રે૦ ૪, સૂ૦ ૪૮. પ્રે૦ ૧૦.

[५९]જુઓ શ્રીહેમચન્દ્રાચાર્યકૃતયોગશાસ્ત્ર, પ્રકાશ ૧.

[६०]જુઓ પ્રો૦ રાજવાડે–સંપાદિત મરાઠી અનુવાદ દીઘનિકાય, પૃ૦ ૧૭૬, ટિપ્પણી.

[६१]જુઓ પૃ. ૧૫૬.

[६२][૧] સક્કાયદિટ્ટિ, [૨] વિચિકચ્છા, [૩] સીલબ્બતપરામાસ, [૪] કામરાગ, [૫] પટીઘ, [૬] રૂપરાગ, [૭] અરૂપરાગ, [૮] માન, [૯] ઉદ્ધચ્ચ અને [૧૦] અવિજ્જા. દીઘનિકાયનો મરાઠી અનુવાદ, પૃ૦ ૧૭૫, ટિપ્પણી.

પૃ. ૯૨ : [६३]જુઓ મરાઠી અનુવાદ મજ્ઝિમનિકાય, પૃ. ૧૫૬.

[६४]"कायपातिन एवेह बोधिसत्त्वाः परोदितम् ।
न चित्तपातिनस्तावदेतदत्रापि युक्तिमत्" ॥७१॥

— योगबिन्दु ।

[६५]"एवं च यत्परैरुक्तं बोधिसत्त्वस्य लक्षणम् ।
विचार्यमाणं सन्नीत्या तदप्यत्रोपपद्यते ॥१०॥

तप्तलोहपदन्यासतुल्या वृत्तिः क्वचिद्यदि ।
इत्युक्तेः कायपात्येव चित्तपाती न स स्मृतः" ॥११॥

— सम्यग्दृष्टिद्वात्रिंशिका ।

□

## ગુજરાત વિદ્યાસભાનાં પ્રકાશનો

**અખો : એક અધ્યયન**
લે. ડૉ. ઉમાશંકર જોશી — રૂા. ૧૨-૦૦

**સમાજસુધારાનું રેખાદર્શન**
લે. સ્વ. નવલરામ જગન્નાથ ત્રિવેદી — રૂા. ૧૦-૦૦

**શ્રી વિદ્યાબહેન સ્મારક વ્યાખ્યાનો**
વ્યાખ્યાતાઓ : શ્રી ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ)
શ્રી ચંદ્રવદન ચીમનલાલ મહેતા
શ્રી દાદા ધર્માધિકારી — રૂા. ૧૦-૦૦

**અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન**
લે. સ્વ. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ
સંક્ષેપકાર : ડૉ. મધુસૂદન પારેખ — રૂા. ૨૫-૦૦

**આપણા કવિઓ**
ખંડ ૧ : રાસયુગ (પૂર્વયુગ-પરિચય સાથે)
લે. અધ્યા. કેશવરામ કા. શાસ્ત્રી (બાંભણિયા) — રૂા. ૮-૬૦

**વનવગડાનાં વાસી**
લે. હરિનારાયણ ગિરધરલાલ આચાર્ય — રૂા. ૫૦-૦૦

**ગાંધીજી-પટ્ટણી પત્રવ્યવહાર**
રૂા. ૧૨-૦૦

**History of Gujarat V**ગિરધરલાલ આચાર્ય
By Prof. M. S. C[...] — [...] ૨૫૦-૦૦

**[...]ત્રવ્યવહાર**

**ગણધરવાદ**
સં. પં. દલસુખભાઈ [...] — [...]૦૦-૦૦

[...]ujarat Vગિરધરલાલ આચાર્ય